RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ માગસર વદ -૧૧    સોમવાર, તા.૧૫-૧૨-૨૦૨૫    અંક : ૩૯ વર્ષ : ૨૩    news@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# સિડનીની ઘટના આતંકવાદી હુમલો : મૃતાંક વધીનો ૧૬ થયો

## હુમલાખોરો આધુનિક હથિયારો સાથે મોટા પાયે વિનાશ વેરવાના ઈરાદે આવ્યા હતા : કારમાંથી અનેક આઈઈડી મળી આવ્યા

સિડની

ઓસ્ટ્રેલિયાના સિડનીમાં રવિવારે બોન્ડી બીચ પર થયેલા આતંકી હુમલામાં મૃત્યુઆંક વધીને ૧૬ થયો છે. મૃતકોમાં એક ૧૦ વર્ષની બાળકી અને એક ઈઝરાયેલી નાગરિકનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત ૪૫ લોકો ઘાયલ થયા છે.પોલીસે જણાવ્યું કે ગોળીબાર પિતા-પુત્રએ કર્યો હતો. યરુશલમ પોસ્ટના રિપોર્ટ અનુસાર આ બંને પાકિસ્તાની મૂળના હોવાની શંકા છે.

ઓસ્ટ્રેલિયાના જાણીતા શહેર સિડનીમાં એક અત્યંત લોહિયાળ ઘટના બની છે, જેને અધિકારીઓએ સત્તાવાર રીતે આતંકવાદી હુમલો જાહેર કર્યો છે. સિડનીના પ્રખ્યાત 'બોન્ડી બીચ' પર કરેલા અંધાધૂંધ ગોળીબારમાં ૧૧ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જ્યારે ૨૯ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. યહૂદી સમુદાયના પવિત્ર તહેવાર 'હનુક્કા'ના પ્રથમ દિવસે જ આ હુમલો કરીને ભીડને નિશાન બનાવવામાં આવી હતી. આ ઘટનાએ સમગ્ર ઓસ્ટ્રેલિયા અને વિશ્વને હચમચાવી દીધું છે.



તપાસમાં આ હુમલા પાછળ પાકિસ્તાની કનેક્શન બહાર આવી રહ્યું છે. સુરક્ષા એજન્સીઓના જણાવ્યા અનુસાર, મુખ્ય હુમલાખોરની ઓળખ વર્ષીય નવીદ અકરમ તરીકે થઈ છે, જે મૂળ પાકિસ્તાનના લાહોરનો રહેવાસી છે. તે સિડનીની અલ-મુરાદ ઈન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ કરતો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી તેની તસવીરોમાં તે પાકિસ્તાની ક્રિકેટ ટીમની જર્સી પહેરેલો જોવા મળી રહ્યો છે. પોલીસની કાર્યવાહી દરમિયાન એક શૂટરનું મોત નીપજ્યું હતું, જ્યારે નવીદ અકરમની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.હુમલાખોરો માત્ર આધુનિક હથિયારો જ નહીં, પરંતુ મોટા પાયે વિનાશ વેરવાના ઈરાદે આવ્યા હતા. તપાસ દરમિયાન પોલીસને એક કારમાંથી અનેક આઈઈડી મળી આવ્યા છે, જેને બોમ્બ ડિસ્પોઝલ યુનિટ દ્વારા નિષ્ક્રિય કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ મામલે NSW પોલીસ કમિશનર માલ લેન્યોને જણાવ્યું હતું કે, જે પ્રકારે હથિયારો અને વિસ્ફોટકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે તે સ્પષ્ટપણે આતંકવાદી હુમલો હોવાના પુરાવા આપે છે.

આ હુમલામાં સામાન્ય નાગરિકોની સાથે સાથે સુરક્ષાકર્મીઓ પણ ભોગ બન્યા છે. ઘાયલ થયેલા ૨૯ લોકોમાં એક નાના બાળકની સાથે બે પોલીસ અધિકારીનો પણ સમાવેશ થાય છે, જેમની હાલત અત્યંત નાજુક હોવાનું કહેવાય છે. હાલમાં હોસ્પિટલમાં તેમની સર્જરી ચાલી રહી છે. ઉશ્કેરાયેલા સ્થાનિકોને કમિશનરે અપીલ કરી છે કે આ સમય બદલાનો નથી પરંતુ તપાસ એજન્સીઓને સાથ સહકાર દેવાનો છે. પોલીસ એ પણ તપાસ કરી રહી છે કે આ કાવતરામાં અન્ય કોઈ ત્રીજો હુમલાખોર કે સાથીદાર સામેલ હતો કે કેમ.સૌથી ચોંકાવનારી વાત એ છે એક યહૂદી સમુદાયની એક વ્યક્તિ એવી બચી છે.

# યુએસ ડોલર સામે રૂપિયો વધુ ગગડયો સોના-ચાંદીના બજારમાં તેજીનો માહોલ

## રૂપિયાનું અવમૂલ્ય યથાવત રહેતા આયાત વધુ મોંઘી થશે

મુંબઈ

યુએસ ડોલર સામે રૂપિયો વધુ તૂટી રહ્યો છે.આજે રૂપિયાનું મૂલ્ય ઘટીને સર્વોચ્ચ નીચલી સપાટીએ પહોંચી ગયો છે.ચાલુ વર્ષના ૧૧ માસ દરમિયાન રૂપિયાના મૂલ્યમાં પાંચ ટકાનો ઘટાડો થયો છે. રૂપિયાના અવમૂલ્યનની અસર ભારતીય શેરબજાર ઉપર પણ પડી છે.શેરબજારના આજના શરૂઆતના કારોબારમાં પણ નબળાઈ જોવા મળી હતી.

યુએસ ડોલર સામે રૂપિયાનો નબળો દેખાવ અને શેરબજારમાં



શરૂઆતી કારોબારમાં કડાકાની સ્થિતિ વચ્ચે કિંમતી ધાતુઓમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર ચાંદીનો ભાવ પ્રતિ કિલોગ્રામ રૂ.૩૦૦૦ જેટલો વધ્યો હતો જોકે, આ તેજી છતાં ચાંદી હજુ પણ તેની સર્વકાલીન ઊંચી સપાટીથી રૂ. ૫૭૯૦ પ્રતિ કિલોગ્રામ સસ્તી છે, જયારે સોનું પણ તેની લાઈફ ટાઈમ હાઈથી માત્ર રૂ.૪૦૪ પ્રતિ ૧૦ ગ્રામ જ દૂર છે.શુક્રવારના બંધ ભાવની સરખામણીમાં સોમવારે ચાંદીનો ભાવ રૂ.૨,૯૭૪ વધીને રૂ.૧,૯૫,૮૨૫ પ્રતિ કિલોગ્રામ પર પહોંચ્યો છે, જેણે તેને વધુ મોંઘી બનાવી દીધી છે.ચાંદી છેલ્લા એક સપ્તાહમાં રૂ.૧૪,૦૮૫ મોંઘી થઈ છે, જે ચાંદીના બજારમાં મજબૂત તેજી સૂચવે છે.ચાંદીની જેમ સોનાની કિંમતમાં પણ તેજ ઉછાળો જોવા મળ્યો છે.

# ગ્રામીણ રોજગાર માટે મનરેગાના સ્થાને મોદી સરકાર લાવશે નવો કાયદો

## નવા બિલનો ડ્રાફ્ટ લોકસભા સભ્યોને અપાયો : વિકસિત ભારત ગેરંટી રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) નામનું નવું બિલ ૧૨૫ દિવસ માટે રોજગારની કાનૂની ગેરંટી આપશે

નવી દિલ્હી

મનરેગાને નાબૂદ કરવાની કેન્દ્ર સરકારે તૈયારી દાખવી દીધી છે. ગ્રામીણ રોજગાર માટે નવો કાયદો લાવવા માટેના બિલની નકલ લોકસભાના સભ્યોને સોંપવામાં આવી છે. જેમાં 'વિકસિત ભારત ગેરંટી રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) ૨૦૨૫' નામનું નવું બિલ લાવી ૧૨૫ દિવસ માટે રોજગારની કાનૂની ગેરંટી આપવાનો તખ્તો ઘડાયો છે.

કેન્દ્ર સરકારે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય



ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (MGNREGA)ને રદ કરવા અને ગ્રામીણ રોજગાર માટે નવા કાયદાને પસાર કરવા બિલની નકલો લોકસભાના સભ્યોને આપી છે. આ નવા બિલનો ઉદ્દેશ્ય ગ્રામીણ વિકાસનો ઢાંચો પુનઃસ્થાપિત કરી વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષ્યને હાસંલ કરવાનો છે.

આ નવું બિલમાં ગ્રામીણ પરિવારને દરેક વર્ષે ૧૨૫ દિવસ રોજગારીની બંધારણીય ગેરંટી આપે છે. આ પગલું ગ્રામીણ રોજગાર અને આજીવિકા સુરક્ષામાં એક મોટો નીતિગત પરિવર્તન લાવશે એવું કેન્દ્ર સરકારનું માનવું છે. મહત્વનું છે કે મનરેગા અધિનિયમ ગ્રામીણ લોકોને ૧૦૦ દિવસની રોજગારની ગેરંટી આપતો હતો.

# મહારાષ્ટ્રના સાતારામાં દુબઈના તસ્કરના ઈશારે ચાલતી ડ્રગ્સ બનાવવાની ફેક્ટરી ઝડપાઈ

## ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી ૧૧૫ કરોડના મુદામાલ સાથે સાત શખ્સની કરી ધરપકડ

મુંબઈ

દુબઈમાં ડ્રગ્સના મોટા તસ્કરને ઈશારે મહારાષ્ટ્રના સાતારા જિલ્લામાં મેફેડ્રોન (એમડી) ડ્રગ બનાવવાની ફેક્ટરી ધમધમતી હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી હતી. ક્રાઈમ બ્રાન્ચે આ ફેક્ટરી પર કાર્યવાહી કરી એમડી, લિક્વિડ એમડી અને કાચો માલ તેમ જ સાધનો મળી અંદાજે ૧૧૫ કરોડ રૂપિયાની મતા જપ્ત કરી હતી. આ કેસમાં સાત આરોપીની ધરપકડ કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૭ના અધિકારીઓ પકડી પાડેલા આરોપીઓની ઓળખ સલીમ અબ્દુલ હમીદ શેખ (૩૨), રઈસ રિયાઝ શેખ (૩૭), વિશાલ જગન્નાથ મોરે (૩૨), કુરુવિલા ઓમેન ચેરિયન, કાયમ નઝર અબ્બાસ સૈયદ ઉર્ફે સદામ (૨૯), રાજુકુલ ખાલીકુર રહમાન (૩૦) અને હાવીજુલ ફકરુલ ઈસ્લામ (૨૫) તરીકે થઈ હતી.પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે દુબઈમાં બેસેલા તસ્કરને ઈશારે આ ફેક્ટરી શરૂ કરવામાં આવી હતી. ખેતરના માલિક ગોવિંદ પાસેથી આરોપી સદામે સ્થાનિક એજન્ટની મદદથી મકાન ભાડે લીધું હતું. મકાનમાંથી ૩૮ કિલો લિક્વિડ એમડી, આઠ કિલો પાઉડર સ્વરૂપે એમડી, કાચો માલ અને સાધનો જપ્ત કરવામાં આવ્યાં હતાં.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જોર્ડન સહિત ત્રણ દેશના પ્રવાસે જવા રવાના

નવી દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે જોર્ડન, ઈથિયોપિયા, ઓમાનની ચાર દિવસની મુલાકાતે જવાના રવાના થયા છે. મોદીની જોર્ડનની આ મુલાકાત બન્ને દેશો વચ્ચે સ્થપાયેલા રાજકીય સંબંધોની ૭૫મી જયંતિ નિમિત્તે યોજાઈ રહી છે. આ સહસ્રાબ્દની ભારતના વડાપ્રધાનની જોર્ડનની આ પહેલી મુલાકાત બની



રહેશે.

જોર્ડન સ્થિત ભારતના રાજદૂત મનીષ ચૌહાણ જણાવે છે કે, વડાપ્રધાનની આ મુલાકાત બંને દેશો તેમજ આ વિસ્તાર માટે પણ મહત્વની બની રહેશે. વડાપ્રધાન કીંગ અબ્દુલ્લા સેકન્ડનાં આમંત્રણથી જોર્ડનની મુલાકાતે ગયા છે. તેઓ ૨૦૧૮માં જોર્ડન આવ્યા હતા, પરંતુ તે માત્ર 'ટ્રાન્ઝિટ વિઝિટ' હતી. ભારત-જોર્ડન તે સ્મરણીય બની રહે તેમ છે.

# બારડોલીમાં ભંગારના ૧૧ ગોડાઉનમાં વિકરાળ આગ

## પ્લાસ્ટીકનો ભાંગર અને સામાનમાં લાગેલી આગની જ્વાળાઓ બે કિલોમીટર દૂરથી દેખાઈ : ૧૫ જેટલા ફાયર ફાઈટરની મદદથી આગ ઉપર કાબુ મેળવવાનો પ્રયાસ

સુરત

સુરત જિલ્લાના બારડોલીમાં આગની એક મોટી ઘટના બની છે. બારડોલી વિસ્તારમાં આવેલા ૧૧ થી વધુ ભંગારના ગોડાઉનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા ભારે અફરાતફરી મચી ગઈ હતી.

આ બનાવના પગલે બારડોલીમાં મેજર કોલ આપવામાં આવ્યો છે.

આ ઘટના અંગે પ્રાપ્ત માહિતી અનુસાર ગોડાઉનમાં મોટા પ્રમાણમાં પ્લાસ્ટિકનો સામાન અને ભંગાર ભરેલો હોવાથી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગની ભયાનકતા એટલી વધારે હતી કે તેના ધુમાડાના ગોટેગોટા ૦૨ કિલોમીટર દૂરથી પણ સ્પષ્ટ જોઈ શકાતા હતા. આગ લાગતાની સાથે જ આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી.

ઘટનાની ગંભીરતાને જોતા પ્રાંત અધિકારી દ્વારા તેને 'મેજર કોલ' જાહેર કરવામાં આવ્યો છે. ફાયર વિભાગની ૧૫થી વધુ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ છે.



# બિહારના મુઝફ્ફરપુરમાં પિતાનો પાંચ સંતાનો સાથે આત્મહત્યાનો પ્રયાસ

## માનસિક આઘાતથી પીડાતા યુવાને સંતાનો સાથે ગળાફાંસો ખાઈ લીધો : ચારના મોત નીપજ્યા

મુઝફ્ફરપુર

બિહારના મુઝફ્ફરપુર જિલ્લાના સકરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં એક પિતાએ માનસિક તણાવમાં તેના પાંચ બાળકો સાથે ફાંસી લગાવી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો. આ ઘટનામાં પિતા સહિત ત્રણ દીકરીઓના કરૂણ મોત થયા છે, જયારે બે દીકરાઓ ચમત્કારિક રીતે બચી ગયા છે.

મૃતક પિતાની ઓળખ અમરનાથ રામ (૪૦) તરીકે થઈ છે અને મૃતક દીકરીઓમાં રાધા કુમારી (૧૧), રાધિકા (૯) અને શિવાની (૭) નો સમાવેશ થાય છે. પરિજનોના જણાવ્યા અનુસાર, આ વર્ષે જાન્યુઆરીમાં અમરનાથ રામની પત્નીનું અવસાન થયું હતું. પત્નીના મૃત્યુ બાદથી તે માનસિક તણાવમાં હતા અને એકલા હાથે પાંચ બાળકોનું પાલનપોષણ કરી રહ્યા હતા. ગામલોકોના કહેવા મુજબ, પત્નીના અવસાન પછી અમરનાથ કામ પર નિયમિત જતો ન હતો અને જે થોડું ઘણું રાશન મળતું તેનાથી પરિવારનો માંડ ગુજારો ચાલતો હતો. મોટી દીકરી જ ઘરનું કામ અને રસોઈની જવાબદારી સંભાળતી હતી.પરિજનો અને ગ્રામજનોના જણાવ્યા અનુસાર, રવિવારની રાત્રે આખા પરિવારે સાથે મળીને ભોજન લીધું હતું. સોમવારની વહેલી સવારે અમરનાથ રામે તેમની પત્નીની સાડીમાંથી ફંદો બનાવીને તેમની ત્રણેય દીકરીઓ અને બે પુત્રોના ગળામાં બાંધ્યો. ત્યારબાદ સાડીને છત સાથે બાંધીને બધા બાળકોને ટ્રંક પરથી કૂદવાનું કહ્યું.

પિતાના કહેવા પર ત્રણેય દીકરીઓ કૂદી પડી, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત થયું. જોકે, છ વર્ષના શિવમ કુમારે ગળું દબાતાં પોતાની સમજદારી વાપરીને ફંદો ઢીલો કરી દીધો અને પોતાના નાના ભાઈ ચંદન (૪) ના ગળામાંથી પણ ફંદો ખોલી નાખ્યો. બંને બાળકો કોઈક રીતે ઘરમાંથી બહાર નીકળીને બૂમરાણ મચાવી, ત્યારબાદ ગ્રામજનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

# વ્યાપારિક હિતોના રક્ષણ માટે વળતા પગલાની મેક્સિકોને ભારતની ચેતવણી

## ભારતમાંથી આયાત થતી વસ્તુઓ ઉપર ઊંચા ટેરિફ મામલે બંને દેશ વચ્ચે વાટાઘાટ શરૂ

નવી દિલ્હી

યુએસ બાદ મેક્સિકોએ પણ ભારતના કેટલાક ઉત્પાદનો પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે, જેના કારણે ભારતના આંતરરાષ્ટ્રીય વેપારને વધુ એક ફટકો પડ્યો છે. ભારતીય અધિકારીઓ હાલ મેક્સિકો સરકાર સાથે ચર્ચા કરી રહ્યા છે. એવામાં ભારતે પોતાના હિતોનું રક્ષણ કરવા માટે મેક્સિકો સામે વળતા પગલાં ચેતવણી આપી છે.




એક અધિકારીએ જણાવ્યું હતું કે ભારતને પોતાના નિકાસકારોના હિતોનું રક્ષણ કરવા માટે યોગ્ય પગલાં લેવાનો અધિકાર છે, સાથે સાથે મેક્સિકો સાથે વાટાઘાટોથી મુદ્દો ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવશે. ભારત સરકારનું વાણિજ્ય વિભાગ મેક્સિકોના અર્થતંત્ર મંત્રાલય સાથે વાત કરીને ઉકેલો શોધી રહ્યા છે

મેક્સિકોએ તેના સ્થાનિક ઉદ્યોગો અને ઉત્પાદકોના હિતોના રક્ષણ માટે આ ટેરીફ લાદ્યો છે, જે ૦૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી અમલમાં આવશે.

ભારતના વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલ અને મેક્સિકોના અર્થતંત્ર મંત્રાલયના ઉપપ્રધાન લુઈસ રોસેન્ડો વચ્ચે એક હાઈ લેવલ બેઠક યોજાઈ હતી, આગામી દિવસોના વધુ બેઠકો યોજાશે.ભારત સરકારના અધિકારીઓના જણાવ્યા મુજબ ભારત સાથે અગાઉ ચર્ચા વગર મેક્સિકોએ મોસ્ટ ફેવર્ડ નેશન ટેરિફમાં વધારો કર્યો છે.

# નોકરીની લાલચ અને દેહ વ્યાપારનો ખેલ ગુજરાતમાં બાંગ્લાદેશી યુવતીઓની તસ્કરી

ભરૂચ,

ભરૂચ પોલીસે બાંગ્લાદેશમાંથી મહિલાઓની તસ્કરી કરીને તેમને દેહ વ્યાપારમાં ધકેલનારા એક આંતર-રાજ્ય રેકેટનો ભાંડો ફોડ્યો છે. ભરૂચ ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની સંયુક્ત કાર્યવાહીમાં બાંગ્લાદેશી એજન્ટ ફારૂક શેખ સહિત ૪ દલાલોની ધરપકડ કરવામાં આવી છે. આ ઓપરેશનમાં ૧૨ બાંગ્લાદેશી અને ૨ પશ્ચિમ બંગાળની યુવતીઓને બચાવવામાં આવી છે.

પોલીસના જણાવ્યા મુજબ, આ રેકેટ બાંગ્લાદેશમાં આર્થિક રીતે નબળી મહિલાઓને ઘરના કામ, બ્યુટી પાર્લર અને સલૂનમાં નોકરી આપવાનું આકર્ષણ આપીને ભારત લાવતું હતું. ત્યારબાદ તેમને ભરૂચ, અંકલેશ્વર સહિત ગુજરાતના અન્ય વિસ્તારોની સાથે ગોવા, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં સ્પા અને ગેસ્ટ હાઉસમાં સેક્સ વર્કર તરીકે કામ કરવા માટે મજબૂર કરતું હતું. આ પ્રવૃત્તિ સતત ચાલી રહી હતી.

પોલીસ અધિક્ષક અક્ષય રાજ મકવાણાએ જણાવ્યું કે ગુપ્ત માહિતીના આધારે એલસીબી અને એસઓજી ટીમોએ ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે કાર્યવાહી



શરૂ કરી દીધી. આ દરમિયાન જંબુસર બાયપાસ રોડ પર આવેલા અલફારૂક પાર્ક સોસાયટીમાં રહેતો બાંગ્લાદેશી એજન્ટ ફારૂક શેખ પોલીસના રડાર પર આવ્યો. તેના ઘરમાં બાંગ્લાદેશી યુવતીઓ છે, તે માહિતીના આધારે દરોડો પાડવામાં આવ્યો.

પોલીસના દરોડા દરમિયાન ફારૂક શેખની સાથે ૪ બાંગ્લાદેશી મહિલાઓ મળી આવી. પૂછપરછમાં ફારૂકે કબૂલ્યું કે તે લગભગ ૧૦ વર્ષ પહેલા ગેરકાયદેસર રીતે ભારતમાં આવ્યો હતો. પશ્ચિમ બંગાળમાંથી બોગસ જન્મ પ્રમાણપત્ર બનાવીને તેણે ભારતીય ઓળખ દસ્તાવેજો મેળવ્યા હતા. તેમણે જણાવ્યું કે અત્યાર સુધીમાં તે લગભગ ૬૦ બાંગ્લાદેશી મહિલાઓને ભારત લાવી ચૂક્યો છે.

ફારૂક શેખના ખુલાસા બાદ પોલીસે ત્રણ અલગ-અલગ ટીમો બનાવીને ભરૂચ અને અંકલેશ્વરના સ્પા અને ગેસ્ટ હાઉસ પર એક સાથે દરોડા પાડ્યા. ભરૂચમાં નાઝીમ ખાનના મુસ્કાન સ્પા, મંગલબજાર સ્થિત રઈશ શેખના સમાના ગેસ્ટ હાઉસ અને અંકલેશ્વરના સુજીત કુમારના ગોલ્ડન સ્પામાંથી ૮ બાંગ્લાદેશી અને ૨ પશ્ચિમ બંગાળની મહિલાઓને બચાવવામાં આવી.

રેસ્ક્યૂ કરવામાં આવેલી મહિલાઓએ પોલીસને જણાવ્યું કે તેઓ રોજગારની શોધમાં ગેરકાયદેસર રીતે ભારત આવી હતી, પરંતુ અહીં તેમને કોઈ કામ પર લગાવવામાં આવી નહોતી.

# ખોટા જન્મ મરણના પ્રમાણપત્રનું કૌભાંડ આરોપીએ કર્યા ચોંકાવનારા ખુલાસા

અમદાવાદ,

અમદાવાદમાં ખોટા જન્મ મરણના પ્રમાણપત્રનું કૌભાંડ સામે આવ્યા છે. જેમાં ખોટા પ્રમાણપત્ર બનાવનાર વકીલનો પોલીસે પર્દાફાશ કર્યો છે. ૯ ખોટા હુકમો થયેલા હોવાની ચોંકાવનારી વિગતો ખુલી છે. ગાયકવાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. કુલ ૩ આરોપીની ગાયકવાડ પોલીસે ધરપકડ કરી છે. જેમાં ગાયકવાડ હવેલી વિસ્તારમાં ખોટા જન્મ મરણના પ્રમાણપત્ર બનાવનાર વકીલનો ગાયકવાડ પોલીસ સ્ટેશને પર્દાફાશ કર્યો છે.

ગાયકવાડ હવેલી વિસ્તારમાં જન્મ મરણ વિભાગના અધિકારીઓનું ખોટું પ્રમાણ પત્ર કાઢવાની ફરિયાદ સામે આવી હતી. જેને ધ્યાનમાં રાખીને ગાયકવાડ હવેલી પોલીસે તપાસ શરૂ કરી અને તપાસ કરતા સામે આવ્યું કે એક વકીલ છે ઈમરાન કાઝી નામનો જે ખોટા જન્મ મરણના પ્રમાણ પત્રો નામદાર હાઈકોર્ટના નામે બનાવી આપતો હોય તેવું તેનું કૌભાંડ સામે આવ્યુ છે. જ્યારે પોલીસે તપાસ કરી તો અત્યાર સુધીમાં ૯ ખોટા હુકમો થયેલા હોવાની ચોંકાવનારી વિગતો ખુલી છે. આ બાબતે ગાયકવાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે અને જેમાં કુલ ૩ આરોપીની ગાયકવાડ પોલીસે દ્વારા ધરપકડ કરવામાં આવી છે.

તપાસમાં ખુલ્યું છે કે ૨૦ સપ્ટેમ્બર ખોટું પ્રમાણપત્રમાં ઈરફાન કાઝી અને અન્ય ૩ આરોપીને પકડવામાં આવ્યા હતા. ખોટા પ્રમાણપત્ર કૌભાંડમાં આરોપીઓની ધરપકડ કરી છે તેમાં ઈમરાન કાઝી હજુ પણ અન્ય ગુનામાં હાલ જેલમાં છે. આ બાબતે પોલીસે તપાસ કરતા કુલ ૨૩૮ હુકમો સામે ૯ હુકમો ખોટા થયા હતા અને જેમાંથી અરજણભાઈ ભરવાડ, શબ્બીર શેખ, અલ્લાઉદિન શેખ આ ૩ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.વધુ પૂછપરછમાં નામદાર કોર્ટના ખોટા હુકમો કર્યા તે મુખ્ય સૂત્રધાર ઈરફાન કાઝી ( વકીલ) છે અને તમામ પૂછપરછમાં મિલકત મેળવવા માટે તેઓ મરણ ગયા પછી પણ કોઈએ પ્રમાણપત્ર મેળવ્યું ન હોય તેવા પ્રમાણપત્રો આપતા હતા. ખોટા પ્રમાણપત્ર નામદાર કોર્ટના નામે વકીલ ઈમરાન કાઝીએ બનાવી આપ્યા હતા.

# પાટણ પોલીસે અલગ-અલગ ત્રણ સાયબર ફ્રોડના ગુનાનો ભેદ ઉકેલી ૪ આરોપીઓની ધરપકડ કરી

પાટણ,

ગુજરાતમાં વધતા જતા સાયબર ક્રાઈમના કેસોને રોકવા માટે રાજ્ય પોલીસ દ્વારા શરૂ કરવામાં આવેલા 'ઓપરેશન મ્યુલ હંટ' અંતર્ગત પાટણ સાયબર ક્રાઈમ પોલીસે મોટી સફળતા હાંસલ કરી છે. પાટણ પોલીસે અલગ-અલગ ત્રણ સાયબર ફ્રોડના ગુનાનો ભેદ ઉકેલી કુલ ૨ કરોડ ૪૭ લાખ રૂપિયાના છેતરપિંડીના કેસમાં ૪ આરોપીઓની ધરપકડ કરી છે.

તપાસમાં ખુલ્યું છે કે આ આરોપીઓએ મહારાષ્ટ્ર, કેરળ, પંજાબ, કર્ણાટક તેમજ ગુજરાત સહિત અનેક રાજ્યોમાં ઓનલાઈન છેતરપિંડી આચરી હતી.આરોપીઓએ પાટણની વિવિધ બેંકોમાં 'મ્યુલ એકાઉન્ટ્સ' ખોલાવીને ગેરકાયદેસર ટ્રાન્ઝેક્શન કરાવતા હતા.આ એકાઉન્ટ્સનો ઉપયોગ સાયબર ઠગો દ્વારા છેતરપિંડીમાંથી મેળવેલા પૈસા ટ્રાન્સફર કરવા માટે કરવામાં આવતો હતો.પાટણ સાયબર ક્રાઈમ પોલીસે બેંકો પાસેથી મ્યુલ એકાઉન્ટ્સની માહિતી મેળવી વિગતવાર તપાસ હાથ ધરી હતી. આ તપાસમાં ત્રણ અલગ-અલગ ગુનાઓમાં કુલ ૨.૪૭ કરોડ રૂપિયાનો ફ્રોડ થયો હોવાનું સામે આવ્યું છે. પોલીસે પાટણ શહેરના ત્રણ આરોપીઓ તેમજ બનાસકાંઠા જિલ્લાના એક આરોપીને ઝડપી પાડ્યા છે.આ કાર્યવાહી ગુજરાત પોલીસના સાયબર સેન્ટર ઓફ એક્સલન્સ દ્વારા ચલાવવામાં આવી રહેલા ઓપરેશન મ્યુલ હંટનો ભાગ છે, જેનો હેતુ મ્યુલ એકાઉન્ટ્સ દ્વારા ચાલતા સાયબર ક્રાઈમના નેટવર્કને તોડી પાડવાનો છે.

# ગાંધીનગર જીલ્લામાં પુત્રની સામે જ પિતાની ઘાતકી હત્યા: જૂની અદાવતમાં ધારદાર હથિયારથી હુમલો કરનારા ૫ સામે FIR

ગાંધીનગર,

જિલ્લાના કલોલમાં કુખ્યાત હિસ્ટ્રીશીટર ખેંગાર પરમારની હત્યા થઈ હોવાની સનસની ઘટના સામે આવી છે. ગાંધીનગરના કલોલમાં જૂની અદાવતમાં ૫ શખસોએ તલવાર, લોખંડની પાઈપ સહિતના હથિયાર વડે હુમલો કરીને એક વ્યક્તિની ઘાતકી હત્યા નીપજાવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. મૃતક અને તેના મિત્રો જન્મ દિવસની ઉજવણી કરી રહ્યા હતા, ત્યારે અચાનક પાંચ આરોપી રિક્ષામાં આવીને ઘટનાને અંજામ આપ્યું હતું. સમગ્ર મામલે કલોલ શહેર પોલીસે પાંચેય આરોપી વિરૂદ્ધમાં ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.





મીડિયા સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કલોલ રેલવે પૂર્વ વિસ્તારમાં શનિવારે (૧૩ ડિસેમ્બર) પુત્રની સામે જ પિતાની તેના જન્મદિવસે ઘાતકી હત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. પોલીસ ફરિયાદ મુજબ ગત ૧૦ ડિસેમ્બરના રોજ મૃતક ખેંગાર સવાભાઈ પરમારના મિત્ર અશોકજી ઠાકોરના દીકરાના લગ્ન હોવાથી ઘરની આગળનો રસ્તો થોડીવાર માટે બંધ કરાયો હતો. જોકે, આ દરમિયાન આરોપી નવીન ઉર્ફે ભાણો અમૃતભાઈ સોલંકી ત્યાંથી બાઈક લઈને નીકળતા ખેંગાર અને નવીન વચ્ચે ઝઘડો થયો હતો.

તે બાદ ગત ૧૩ ડિસેમ્બરના રોજ મૃતક તેના મિત્રો અને પરિવારના સભ્યો સાથે જન્મ દિવસની ઉજવણી કરી રહ્યા હતા, ત્યારે નવીન ઉર્ફે ભાણો સોલંકી, નયન સોલંકી, સોનુ મકવાણા, મનોજ મકવાણા અને અમૃતભાઈ સોલંકી એમ કુલ પાંચ આરોપી રિક્ષામાં ઘટનાસ્થળે આવ્યા હતા.

# અમદાવાદના ૧૬ બ્રિજ પર ભારે વાહનો માટે પ્રતિબંધ

અમદાવાદ,

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા શહેરના મહત્ત્વના ઓવરબ્રિજની સુરક્ષા માટે કડક પગલાં લેવામાં આવ્યા છે. AMCએ શહેરના ૧૬ ઓવરબ્રિજ પરથી ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મૂક્યો છે અને આ અંગેના પ્રતિબંધના બોર્ડ લગાવી દીધા છે.

બ્રિજને ઓવરલોડેડ અને ભારે વાહનોથી થતા નુકસાનથી બચાવવા અને શહેરમાં ભારે વાહનોના અનિયંત્રિત પ્રવેશને અટકાવવા માટે આ નિર્ણય લેવાયો છે. જે ૧૬ બ્રિજનો સર્વે પૂર્ણ થયો છે, તેના રિપોર્ટના આધારે પ્રાથમિકતા નક્કી કરવામાં આવશે.

એએમસી દ્વારા કરવામાં આવી રહેલી આ તપાસમાં દરેક બ્રિજની હાલની સ્થિતિ, તેની રચનાત્મક ક્ષમતા અને સલામતીના ધોરણોનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે.

રાજ્ય વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગની સૂચનાઓ તથા મ્યુનિસિપલ કમિશનર દ્વારા પ્રોજેક્ટ રિવ્યુ મીટિંગમાં આપવામાં આવેલા દિશાનિર્દેશોના અનુસંધાને આ સમગ્ર પ્રક્રિયા અમલમાં છે. હાલમાં બ્રિજ એક્સપર્ટ સાથે પરામર્શ ચાલી રહી છે. એએમસી દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, શહેરના બ્રિજની સલામતીને ધ્યાનમાં રાખીને કોઈપણ પગલું ટેકનિકલ તપાસ અને નિષ્ણાતોની સલાહ બાદ જ લેવામાં આવશે.

# આણંદના વાસદ બોરસદ હાઈવે પર ટ્રક અને પિકઅપ વચ્ચે અકસ્માત બાદ આગ

## વાહનોની ટક્કર બાદ બ્લાસ્ટ થતા લાગેલી આગમાં બે લોકોના મોત

આણંદ,

આણંદના વાસદ-બોરસદ હાઈવે પર આવેલા અંબાવ નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં ટ્રક અને પીકઅપ વાન વચ્ચેની ભયાનક ટક્કર બાદ બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટના કારણે બંને વાહનોમાં ભીષણ આગ લાગી હતી, જેમાં ૨ લોકોના જીવતા ભડથું થતાં કરુણ મોત નિપજ્યાં છે.

પ્રાથમિક માહિતી અનુસાર, આ અકસ્માત ત્યારે થયો જ્યારે પીકઅપ વાન રોડની વચ્ચે બગડી ગઈ હતી અને તેનું સમારકામ ચાલી રહ્યું હતું. સમારકામ ચાલી રહ્યું હતું તે દરમિયાન પાછળથી પૂરઝડપે આવતી એક ટ્રક ધડાકાભેર પીકઅપ વાન સાથે અથડાઈ હતી, જેના કારણે મોટો બ્લાસ્ટ થયો. બ્લાસ્ટ બાદ બંને વાહનોમાં ગણતરીની મિનિટોમાં જ ભીષણ આગ લાગી ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે વાહનોમાં હાજર ૨ લોકો આગમાં જીવતા ભડથું થઈ ગયા હતા અને ઘટનાસ્થળે જ તેમના મોત થયા હતા.

ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ફાયર બ્રિગેડનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. ફાયર વિભાગે લાંબી જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં બંને વાહનો સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા હતા. અકસ્માત અને આગને કારણે વાસદ-બોરસદ હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી, જેને પોલીસે તાત્કાલિક દૂર કરીને વાહનવ્યવહાર પૂર્વવત્ કરાવ્યો હતો. હાલ પોલીસે હાલમાં બંને મૃતદેહોને કબજામાં લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે અને અકસ્માત કયા સંજોગોમાં થયો તે અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# આણંદમાં પતંગ ચગાવતા બાળકનું મોત

## પતંગની દોરી અડી જતાં લાગ્યો કરંટ

આણંદ,

ગુજરાતીઓનો પ્રિય તહેવાર એટલે કે ઉત્તરાયણ. જોકે આ ઉત્તરાયણના તહેવારમાં દર વર્ષે જીવલેણ દોરી, ધાબા પરથી પડી જવાથી કે વીજ કરંટ લાગવાથી અનેક લોકોના મોત પણ થતાં હોય છે. આ તરફ હવે આણંદમાં ઉત્તરાયણ પહેલા જ એક દુખદ ઘટના સામે આવી છે. વિગતો મુજબ અહીં પતંગ ચગાવતા સમયે વીજ કરંટ લગતા ૧૦ વર્ષના નાના બાળકનું મોત થયું છે. આ ઘટનાને લઈ મૃતકના પરિજનો સહિત પંથકમાં શોકનો માહોલ વ્યાપી ગયો છે.આણંદ જિલ્લાના ભાણપુરા વિસ્તારમાં પતંગ ચગાવતા સમયે વીજ કરંટ લાગતા ૧૦ વર્ષના બાળકનું કરુણ મોત થયું છે. પ્રાથમિક માહિતી મુજબ બાળક ધાબા પર પતંગ ચગાવી રહ્યો હતો, આ દરમિયાન પતંગની દોરી નજીકથી પસાર થતી વીજ લાઈનને અડી ગઈ હતી. અચાનક ભારે વીજ કરંટ લાગતા બાળક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. જો કે પરિવારજનો તાત્કાલિક જ મદદ માટે દોડી આવ્યા હતા. જોકે કરંટની તીવ્રતાને કારણે બાળકનું સ્થળ પર જ મોત થયું હતું.

વિગતો મુજબ મૃત બાળકનું નામ જયવીર દિલીપસિંહ રાજ હોવાનું જાણવા મળ્યું છે. માત્ર ૧૦ વર્ષની નાની ઉંમરે થયેલા નિધનને લઈ પરિવારજનો ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયા છે. આણંદની આ ઘટના તમામ માતા-પિતા અને બાળકો માટે ચેતવણીરૂપ છે.

# અંબાજીમાં જંગલ જમીન વિવાદ: પોલીસ ઈન્સ્પેક્ટર તીરથી ઘાયલ, સ્થાનિકોએ ભારે પથ્થરમારો કર્યો

અંબાજી,

બનાસકાંઠાના પ્રખ્યાત યાત્રાધામ અંબાજી નજીક ગબ્બર રોડ પર પથ્થરમારાનો ગંભીર બનાવ બન્યો છે. પડાળિયા ગામમાં જંગલ જમીન અંગે સ્થાનિકો અને વન વિભાગ વચ્ચે તણાવ સર્જાયો હતો, જે બાદમાં હિંસક બન્યો હતો. સ્થાનિકોએ વન અધિકારીઓ પર પથ્થરમારો કરતા પરિસ્થિતિ તંગ બની ગઈ. વન અધિકારીઓ પર પથ્થરમારો થયા બાદ નાસભાગ મચી ગઈ.

ઘટનાના સમાચાર મળતાં જ અંબાજી પોલીસ અને અન્ય પોલીસ દળો ઘટનાસ્થળે પહોંચ્યા. પથ્થરમારામાં વન વિભાગ અને પોલીસના ઘણા કર્મચારીઓ ઘાયલ થયા હતા અને તેમને તાત્કાલિક સારવાર માટે નજીકની



હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.પડાલિયા ગામમાં વન વિભાગના કર્મચારીઓ પર થયેલા હુમલા અંગે વન અધિકારીઓએ પોલીસને જાણ કરી હતી. માહિતી મળતાં જ અંબાજી પોલીસ ઈન્સ્પેક્ટર આર.બી. ગોહિલ પોલીસ સ્ટાફ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આ દરમિયાન સ્થાનિકોએ પોલીસ ઈન્સ્પેક્ટર આર.બી. ગોહિલ પર તીરથી હુમલો કર્યો હતો. તેમને કાનમાં તીર વાગવાથી તેઓ બેભાન થઈ ગયા હતા. હાલમાં તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. હુમલામાં ઘાયલ થયેલા લોકોને પાલમપુર સિવિલ હોસ્પિટલ અને એક ખાનગી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. પાલમપુરના ધારાસભ્ય અનિકેત ઠાકરેએ ઘાયલોની પૂછપરછ કરી હતી અને યોગ્ય સારવાર સુનિશ્ચિત કરવા માટે તબીબી ટીમ સાથે વાત કરી હતી. પડાલિયા ગામના લોકોએ જંગલની જમીન પર વૃક્ષારોપણના વિરોધમાં પથ્થરમારો કર્યો હતો. ત્યારબાદ, ૧,૦૦૦ થી વધુ લોકોએ પથ્થરો અને તીરથી સુરક્ષા પૂરી પાડવા પહોંચેલા વન અધિકારીઓ અને પોલીસ અધિકારીઓ પર હુમલો કર્યો હતો.

# અમદાવાદના નારણપુરા વિસ્તારમાં કાર અને એક્ટિવાની ટક્કરે એક્ટિવા ચાલક યુવકનું મોત

અમદાવાદ,

શહેરમાં દિવસે ને દિવસે અકસ્માતોની ઘટનાઓ વધી રહી છે અને શહેરના રસ્તાઓ રક્તરંજિત થઈ રહ્યા છે, ત્યારે આવો જ વધુ એક ગમખ્વાર અકસ્માત આજે વહેલી સવારે અમદાવાદના નારણપુરા વિસ્તારમાં સર્જાયો હતો, જ્યાં કાર અને એક્ટિવાની ટક્કરે એક્ટિવા ચાલક યુવકનું મોત નીપજ્યું છે, ત્યારે સમગ્ર મામલે પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ શહેરના નારણપુરા વિસ્તારમાં સ્થિત લાડલી શોરૂમ પાસે આજે વહેલી સવારે આ ગંભીર અકસ્માત સર્જાયો છે. એક પૂરપાટ ઝડપે આવી રહેલી કારે રસ્તા પર પસાર થતા એક્ટિવા ટૂ-વ્હિલર સ્કૂટરને અડફેટે લેતા રોડ પર કરુણ દૃશ્યો સર્જાયા હતા.

વહેલી સવારે કાર અને એક્ટિવા વચ્ચે થયેલા આ અકસ્માતમાં બંને વચ્ચેની ટક્કર એટલી જોરદાર હતી કે તેમાં એક્ટિવા ચાલક યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરું ઊડી ગયું હતું. આ સમયે રોડ આખો રક્તરંજિત થઈ ગયો હતો અને રસ્તા પર ચારેય બાજુ લોહી અને માસના લોચે લોચા ફેલાયા હતા. જેને જોવા માટે ઘટનાસ્થળે લોકોના ટોળે ટોળા એકઠા થયા હતા અને ટ્રાફિક જામ સર્જાયો હતો. બાદમાં અકસ્માતની જાણ થતા જ ઘટનાસ્થળે ટ્રાફિક જવાનો અને પોલીસ પહોંચી ગઈ હતી અને આખો મામલો કાબૂમાં લીધો હતો, ત્યારે તપાસ એક્ટિવા ચાલક યુવકના મૃતદેહને હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી.

# બનાસકાંઠાના દાંતાના પાડલીયામાં પોલીસ-ફોરેસ્ટ ટીમ પર હુમલો: ૫૦૦ સામે રાયોટિંગ ગુનો દાખલ

દાંતા,

બનાસકાંઠાના દાંતા તાલુકાના પાડલીયા ગામે વન વિભાગની જમીન વિવાદમાં પોલીસ અને ફોરેસ્ટ ટીમ પર થયેલા પૂર્વ આયોજિત હિંસક હુમલા બાદ પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે. આ હુમલામાં એકઁ સહિત કુલ ૪૭ જવાનો ઘાયલ થયા હતા. બનાવની ગંભીરતાને ધ્યાને લઈ આજે જિલ્લા પોલીસે ગામમાં મેગા કોમ્બિંગ ઓપરેશન હાથ ધર્યું છે.

ઘટનાના પગલે આજે સવારે 3 DySP, 10 PI, 12 PSI અને ૨૦૦થી વધુ પોલીસ જવાનોનો કાફલો અંબાજીથી પાડલીયા જવા રવાના થયો હતો. પોલીસ દ્વારા FSLની ટીમને સાથે રાખીને ઘટનાસ્થળનું વૈજ્ઞાનિક ઢબે પંચનામું કરવાની કાર્યવાહી શરૂ કરાઈ છે. પોલીસે આ મામલે ૨૭ લોકો સામે નામજોગ અને ૫૦૦ના અજાણ્યા ટોળા સામે રાયોટિંગ અને સરકારી ફરજમાં રૂકાવટનો ગુનો દાખલ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, પાડલીયામાં સર્વે નંબર ૯ની વિવાદિત જમીન પર વન વિભાગ દ્વારા નર્સરી અને પ્લાન્ટેશનની કામગીરી દરમિયાન આ હિચકારો હુમલો કરવામાં આવ્યો હતો.

૧૩ ડિસેમ્બરના રોજ બપોરે ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના પડલિયા ગામમાં અચાનક પરિસ્થિતિ કાબુ બહાર થઈ ગઈ. જંગલની જમીન અંગે લાંબા સમયથી ચાલતો વિવાદ હિંસામાં પરિણમ્યો જ્યારે વન વિભાગ, પોલીસ અને મહેસૂલ વિભાગની સંયુક્ત ટીમ ઘટનાસ્થળે પહોંચી. સ્થાનિક લોકોના મોટા ટોળાએ સરકારી ટીમ પર ઝડપથી હુમલો કર્યો.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, સર્વે નંબર ૯ માં વન વિભાગની જમીન પર નર્સરી અને વાવેતરનું કામ ચાલી રહ્યું હતું. અગાઉથી તૈયાર થયેલા આશરે ૫૦૦ લોકોનું ટોળું અચાનક આવી પહોંચ્યું અને પથ્થરમારો શરૂ કરી દીધો. ટોળાએ માત્ર પથ્થરોનો જ નહીં, પણ ગોફણ, લાકડીઓ અને ધનુષ્ય અને તીર જેવા હથિયારોનો પણ ઉપયોગ કર્યો. આનાથી ઘટનાસ્થળે અરાજકતા ફેલાઈ ગઈ.

આ હુમલામાં કુલ ૪૭ પોલીસ અને વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઘાયલ થયા હતા. ઘણા કર્મચારીઓને માથા, હાથ અને પગમાં ગંભીર ઈજાઓ થઈ હતી. તમામ ઘાયલોને તાત્કાલિક અંબાજી સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં મોડી રાત સુધી સારવાર ચાલુ રહી હતી. આ હિંસક અથડામણમાં અંબાજી પોલીસ ઈન્સ્પેક્ટર આર.બી. ગોહિલને સૌથી ગંભીર ઈજાઓ થઈ હતી.

# અમદાવાદના નારોલમાં ગેસ સિલિન્ડર બ્લાસ્ટથી લાગી ભીષણ આગ : બેના મોત

અમદાવાદ,

અમદાવાદના નારોલ વિસ્તારમાં આવેલી શાહવાડીની સત્યમ નગર સોસાયટીમાં શનિવારે રાત્રે એક દુખદ અકસ્માત સર્જાયો હતો. ઘરેલુ ગેસ સિલિન્ડરમાં લીકેજ થવાથી આગ લાગી,જે પછી સિલિન્ડરમાં જોરદાર બ્લાસ્ટ થતાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.આ ઘટનામાં બે વ્યક્તિઓના મોત થયા છે,જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે દાઝી જવાથી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.આ ઘટના શાહવાડી વિસ્તારની સત્યમ નગર સોસાયટીમાં એક મકાનમાં બની હતી.

પ્રાથમિક માહિતી અનુસાર, રસોઈ દરમિયાન અથવા અન્ય કારણોસર ગેસ સિલિન્ડરમાંથી ગેસ લીક થયું હતું. લીકેજને કારણે આગ લાગી અને ત્યાર પછી સિલિન્ડરમાં બ્લાસ્ટ થયો હતો,જેના કારણે આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી.જેમાં આગની લપેટમાં આવેલા ત્રણ વ્યક્તિઓમાંથી બેના ઘટનાસ્થળે જ મોત થયા હતા,જ્યારે ત્રીજા વ્યક્તિને ગંભીર રીતે દાઝી ગયો હોવાથી નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.મૃતકો અને ઈજાગ્રસ્તની ઓળખાણ હજુ સુધી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી નથી.

આ સાથે જ આજે સિંગરવા વિસ્તારમાં આવેલી સાગર કેમિકલ્સ કંપનીમાં અચાનક ભીષણ આગ લાગી જતાં આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. આગે ઝડપથી વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

# સિદસરમાં સ્પીડ બ્રેકર નહીં હોવાથી સ્થાનિકોએ ચક્કાજામ કરી પરચો પૂર્યો, નગરસેવકે દોડતા જઈ યોગ્ય કરવા આપવી પડી ખાતરી





તસવીર : ધવલ વાજા

સિદસર-વરતેજ રોડ પરથી દરરોજ મોટી સંખ્યામાં વાહનો પસાર થાય છે અને વાહન ચાલકો પુરઝડપે વાહનો ચલાવતા હોય છે, જેના કારણે સિદસર વિસ્તારમાં અકસ્માતની ભીતિ રહેલી છે. આ અંગે સ્થાનિકોની વાતને નજર અંદાઝ કરી દેવાતા રવિવારે સ્પીડ બ્રેકર મુકવાની માંગણી સાથે સિદસરના સ્થાનિક રહીશો રોડ પર બેસી ગયા હતા તેથી વરતેજ તરફથી સિદસર તરફ આવતા વાહન ચાલકોએ પરત જવુ પડયુ હતું. સ્થાનિક લોકોએ જણાવ્યુ હતુ કે, રોડ પર એક જ સ્પીડ બ્રેકર મુકવામાં આવેલ છે અને વાહનો રોડ પરથી સ્પીડમાં પસાર થતા સિદસરમાં શાળાએ જતા વિદ્યાર્થીઓ, વૃધ્ધો વગેરેને મૂશ્કેલી પડી રહી છે. આ રોડ પર અકસ્માતની ભીતિ રહેલી છે છતાં મહાપાલિકા દ્વારા સ્પીડ બ્રેકર મુકવામાં આવતા નથી તેથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. સિદસર રોડ પર ચક્કાજામ થયો હોવાની વાત મળતા ભાજપના નગરસેવક ધીરૂભાઈ ધામેલીયા સ્થળ પર દોડી ગયા હતા અને સ્થાનિક રહીશોને એક-બે દિવસમાં બમ્પ બનાવી દેવાની ખાતરી આપી હતી તેથી લોકોએ રોડ ખુલ્લો કર્યો હતો.

# રેલવેનો અણઘડ વહીવટ ; રૂટ બદલાવ્યાં બાદ ટ્રેન જ એકાએક રદ્દ કરી દેવાઈ

## ૧૯ અને ૨૨ મી જાન્યુઆરીની હરિદ્વાર એક્સપ્રેસ ટ્રેન કેન્સલ કરતા યાત્રીઓનું આયોજન વેરવિખેર

ભાવનગર,તા.૧૫

જાન્યુઆરી માસમાં ઈજનેરી કાર્ય માટે લેવામાં આવનારા બ્લોકને કારણે ભાવનગરથી હરિદ્વાર અને હરિદ્વારથી ભાવનગર આવતી ટ્રેનને સંપૂર્ણપણે રદ કરી દેવામાં આવી છે. જેના પગલે યાત્રીઓનું આયોજન વેરવિખેર થતા રોષ ફેલાયો છે.

ઉત્તર પશ્ચિમ રેલવે દ્વારા ચુરુ-આસલુ-દૂધવા ખારા સ્ટેશન વચ્ચે પેચ ડબિલંગ અને સ્વચાલિત બ્લોક સિગ્નલિંગ પ્રણાણીની કમિશનિંગ કામગીરી હાથ હાથ ધરવા બ્લોક લેવામાં આવનાર હોવાથી ભાવનગર મંડળની ભાવનગર-હરિદ્વાર એક્સપ્રેસ ટ્રેનને આગામી તા.૧૯-૧-૨૬ અને તા.૨૨-૧-૨૬ના રોજ તેમજ હરિદ્વારથી ભાવનગર આવતી ટ્રેનને તા.૨૧-૧-૨૬ અને તા.૨૪-૧-૨૬ના રોજ કેન્સલ કરવાનો નિર્ણય લેવાયો છે.

ઉલ્લેખનિય છે કે, અગાઉ લેવામાં આવેલા ડાયવર્ઝનના નિર્ણયને રદ્દ કરી મુસાફરોની સુરક્ષા અને સંચાલનાત્મક કારણોસર ટ્રેનને સંપૂર્ણપણે કેન્સલ કરવામાં આવી છે. વધુમાં ઉપરોક્ત તારીખોની ટ્રેન માટે ટિકિટ રિઝર્વેશન કરનાર મુસાફરોને એસએમએસના માધ્યમથી જાણ કરવામાં આવશે તેમ વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધે જણાવ્યું છે.

# ફુલસરની આવસ યોજનામાં મ્યુ.તંત્રની તવાઈ, ૪૦% મકાનો ભાડે આપી દેવાયા હોવાનું ખુલ્યું

**કુલ ૨૫૬ આવાસોમાં સર્વે હાથ ધરાતા ૧૦૪ મકાનમાં લાભાર્થીને બદલે ભાડુઆત મળ્યા**



તસવીર : ધવલ વાજા





ભાવનગર,તા.૧૫

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ૨૫૪૮ ઈડબલ્યુ એસ ૧ પ્રધાનમંત્રી આવાસ યોજના પૈકી ફાઈનલ પ્લોટ નંબર ૩૦, શિવ શક્તિ પાર્ક સામે, ફુલસર ખાતેના ૨૫૬ આવાસોમાં ભાડુઆત બાબતનો સર્વે વિભાગની જુદી જુદી ટીમો બનાવી સર્વે હાથ ધરવામાં આવ્યો હતો.આ સર્વેક્ષણ દરમિયાન કુલ ૧૦૪ આવાસોમાં મૂળ લાભાર્થી કરતા અન્ય આસામીઓ રહેતા હોવાનું ફલિત થતાં મૂળ લાભાર્થીઓને અન્ય રહેણાકકર્તા ભાડુઆતને ત્રણ દિવસમાં આવાસ ખાલી કરવા તાકીદે નોટિસ આપીને આવાસો ખાલી કરવા જાણ કરવામાં આવી છે અન્યથા આવા આવાસોના સીલીંગ કરવા ઉપરાંત દંડનીય કાર્યવાહી કરવામાં ચીમકી અપાઈ છે.

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા આર્થિક રીતે નબળા વર્ગના ઘરવિહોણા કુટુંબોને પોતાના ઘરનું ઘર મળી રહે તે હેતુથી પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અલગ અલગ સ્થળો પર આવાસોના બાંધકામ કરવામાં આવ્યા છે જે પૈકી ૨૫૪૮ ઈ ડબલ્યુ એસ -૧ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ યોજનાના આવાસો લાભાર્થીઓને લોકાર્પણ કરી સોંપી દેવામાં આવ્યા છે.

યોજનાની ગાઈડલાઈન અને અરજીપત્રાકની શરતો મુજબ લાભાર્થી કબજા ફાળવણીથી સાત વર્ષ સુધી આવાસ વેચાણથી આપી શકતા નથી તેમજ ભાડાથી કે અન્ય કોઈ રીતે સગા સંબંધીઓ કે આસામીઓને રહેણાકીય કે અન્ય કોઈ ઉપયોગ માટે પણ આપી શકતા નથી તેમ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગના ઈજનેરે જણાવ્યું છે. તેમજ આગામી દિવસોમાં અન્ય સ્થળ ઉપર આવેલા આવાસોના સર્વે કરીને ભાડે આપેલા આવાસોના સીલીંગ કરવાની કામગીરી હાથ ઉપર લઈ કાર્યવાહી કરવામાં આવશે તે બાબતની સંબંધિત જાહેર જનતાને નોંધ લેવા જણાવ્યું છે.

# હિમાલયા મોલના પાર્કિંગમાંથી દારૂ ભરેલી કાર સાથે બે ઝબ્બે, ૫ ફરાર

**દારૂની હેરાફેરી માટે કારમાં ડમી નંબરનો ઉપયોગ; વિદેશી દારૂ, કાર, મોબાઈલ મળી કુલ રૂ. ૧૧ લાખનો મુદ્દામાલ કબજે**





ભાવનગર,તા.૧૫

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે હિમાલયા મોલના પાર્કિંગમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે કુલ ૧૨૭૩ બોટલ દારૂ, એક કાર અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.૧૧,૦૦,૭૪૦નો મુદ્દામાલ સાથે બે શખસને ઝડપી લીધા હતા, જ્યારે અન્ય પાંચને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે. વધુમાં દારૂની હેરાફેરી માટે કારને ખોટી નંબર પ્લેટ લગાવી હોવાનું ખુલ્યું છે. કારના સાચા નંબર એચઆર ૬૮ સી ૨૫૯૫ પ્લેટના બદલે નંબર-જીજે-૦૬-આરપી ૩૩૨૧ ની ખોટી નંબર પ્લેટ બનાવરાવી, ઠગાઈ કરવાના ઈરાદે તે ખોટી હોવાનું જાણવા છતાં સાચા તરીકે તેનો ઉપયોગ કર્યો હતો.

એલસીબીનો સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યો હતો તે દરમિયાન બાતમી મળી હતી કે,ભાવનગર, હિમાલીયા મોલના પાક'ગમાં સફેદ કલરની મારૂતિ સુઝુકી કંપનીની સ્વીફટ ડિઝાયર કાર આગળ-પાછળ રજી.નંબર-જીજે-૦૬-પીઆર ૩૩૨૧માં બહારથી ઈંગ્લીશ દારૂનો જથ્થો લાવી બે માણસો કારમાં બેઠા છે. જે બાતમી આધારે લોકલ ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી કારમાં તલાશી લેતા ઈંગ્લીશ દારૂની પ્લાસ્ટીકની ૧૯૦ રૂ. ૨,૨૭,૨૦૦ તથા બોટલ ૧૧૮૩ રૂ.૩,૬૨,૭૯૦ અને મોબાઈલ કાર મળી રૂ. ૧૧,૦૦,૭૪૦/-ના મુદ્દામાલ સાથે વિશાલ ઉર્ફે ગૌરવ સુરેન્દ્રપાલ પહેલ જાટ,મેહુલ પરશોત્તમભાઈ બારૈયાને ઝડપી લીધા હતા.આ ઈંગ્લીશ દારૂ લેવા માટેભાવના ઉર્ફે આશા મહેશ ઉર્ફે મયલો ધરમશી પરમાર (રહે. સોનગઢ) એ મેહુલ બારૈયાને મોકલી તે ઈંગ્લીશ દારૂનો જથ્થો હરેશ ઉર્ફે ભયલુ ધનજીભાઈ બારૈયા (રહે.શિવાજી સર્કલ, ભાવનગર) ને આપવાનો હતો.પોલીસે તમામ વિરૂધ્ધ નિલમબાગ પોલીસ મથકમાં પ્રોહિ.એકટ કલમ ૬૫ એ,ઈ, ૧૧૬ (બી), ૮૧,૮૩,૯૮(૨) તથા ભારતીય ન્યાય સંહિની કલમ ૩૩૬(૨), ૩૩૬ (૩) તથા ૩૪૦ (૨) મુજબ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શિશુવિહાર ખાતે મોરારિબાપુના સાનિધ્યમાં બુધવારે યોજાશે નાગરિક અભિવાદન સમારોહ

**મનસુખભાઈ સુવાગીયા, ડો.જુઈન દત્તા, ડો.અતુલભાઈ ઉનાગર, મમતાબેન પુરોહિત, ડો.ટી.એસ.જોશીનું અભિવાદન કરાશે**

ભાવનગર,તા.૧૫

શિશુવિહાર સંસ્થાના સ્થાપક લોક સેવક માનભાઈ ભટ્ટની પુણ્ય સ્મૃતિમાં આગામી તારીખ ૧૭ને બુધવારે ૩૫મો નાગરિક સન્માન સમારોહ પૂ. મોરારિબાપુના સાનિધ્યમાં યોજાશે.

ગુજરાતની કૃષિ અને ગ્રામ વિકાસમાં સાંસ્કૃતિક યોગદાન આપનાર મનસુખભાઈ સુવાગીયા, બાંધકામ મજદૂરોને વિકાસની મુખ્ય ધારામાં મૂકનાર ડોક્ટર જુઈન દત્તાનું રૂપિયા ૫૦,૦૦૦ તથા સ્મૃતિચિન્હથી અભિવાદન થશે. ચિત્રકૂટ ધામ ટ્રસ્ટ, તલગાજરડા અને સવિશેષ પૂજ્ય બાપુના અનન્ય સ્નેહથી ભાવનગરની સેવા સંસ્કાર ભૂમિ ઉપર ૧૯૨ પ્રબુદ્ધ નાગરિકોનું અભિવાદન નોંધનીય બનશે

પ્રતિકાર ભર્યો પુરુષાર્થ કરતા રહી પ્રભુ પ્રીત્યાર્થ ઘસાઈને ઉજળા થનાર ગુજરાતના સન્માનિતોનું અભિવાદન સમારોહ અંતર્ગત શિક્ષક સંસ્કાર વિચારને ગુજરાત ભરમાં મુકનાર ડોક્ટર અતુલભાઈ તેમજ રામકૃષ્ણ મિશનના મમતાબેન પુરોહિતનું અભિવાદન અન્ય શિક્ષકો અને તબીબો માટે પ્રેરણાદાયી બનશે

સરકારી વિભાગોમાં કાર્યરત અને અત્યંત પ્રમાણિકતા અને નિષ્ઠાથી પૂરી કારકિર્દી પ્રવૃત્ત રહેનાર હાલ ચિલ્ડ્રન યુનિવર્સિટીના વાઈસ ટ્રાન્સલર ટી એસ જોશીનું આ પ્રસંગે વિનોદભાઈ ત્રિવેદી સ્મૃતિમાં વિશેષ અભિવાદન થશે વંદે માતરમ શતાબ્દીના સંસ્કારો બાળકેળવણી સાથે જોડાય તે હેતુસર તૈયાર થયેલ વર્ષ ૨૦૨૬ નું ચિત્ર કેલેન્ડર શ્રમનું ગૌરવ અને તેના ૧૨ કલાકારોનું પણ આ ઉપક્રમે અભિવાદન થશે બુધવારે સાંજે ચાર કલાકે શિશુવિહાર પરિસરમાં યોજાના સમારોહ પ્રસંગે સંસ્થાના નવા તાલીમ ભવનનો પણ પૂજ્ય બાપુના વરદ હસ્તે ઉદઘાટન થશે ભાવનગરના આંગણે યોજાતા વિવિધ સેવા સન્માન કાર્યક્રમમાં નાગરિકોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

## બે મહિલાના ગળામાંથી સોનાના ચેનની ઉઠાંતરી જૂની ઘટનામાં નોંધાઈ ફરિયાદ

ભાવનગર,તા.૧૫

શહેરના શાંતિ દર્શન ફ્લેટ કાળુભા રોડ ખાતે રહેતા પારસભાઈ દેવેન્દ્રભાઈ શાહના વૃદ્ધ માતા પ્રફુલાબેન ગત તા. ૩૦ જુલા ના તેમના નિવાસસ્થાનની બાજુમાં આવેલ તૃપ્તિ દેરાસરમાં પ્રતિક્રમણ કરી પરત તેના ઘરે આવતા હતા હતા. ત્યારે તેના ફ્લેટની લીફ્ટમાં કોઈ અજાણ્યા ઈસમે તેણીના ગળામાં પહેરેલ રૂપિયા એકાદ લાખનો સોનાનો ચેન આંચકી લઈ ગયા હતા.

ઉપરાંત વિદ્યાનગર અંધ ઉદ્યોગ શાળાની પાછળ શાલીભદ્ર એપાર્ટમેન્ટ ફ્લેટમાં રહેતા સ્મિતાબેન નરેન્દ્રભાઈ વોરા ગત તા. ૧૭ સપ્ટેમ્બર ના જૈન દેરાસરથી પોતાના ઘરે જઈ રહ્યા હતા. ત્યારે નિશ્રા એપાર્ટમેન્ટ પાસે પહોંચતા એક બ્લેક કલરના એકટીવા પર આવી કોઈ અજાણા શખ્સે તેણીના ગળામાં પહેરેલ રૂપિયા એક લાખ વીસ હજાર રૂપિયાની કિંમતનો સોનાનો ચેન આંચકીને નાસી છૂટ્યો હોવાની બંને ફરિયાદો સિનિયર સિટીઝન હોવાને કારણે લાંબા સમય બાદ નીલમબાગ પોલીસ મથકમાં નોંધાવત પોલીસે તપાસ હાથ ધરી હતી.

# લોંગડી ગામે વન વિભાગ દ્વારા અજગરનું રેસ્કયુ કરાયું



મહુવા તાલુકાના લોંગડી ગામમાં વાડી વિસ્તાર અને રહેણાંક વિસ્તારમાં એક મહાકાય અજગર દેખાતા સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ગ્રામજનોએ તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી. માહિતી મળતા જ વન વિભાગના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા. તેમણે સુરક્ષિત રીતે અજગરનું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું.રેસ્ક્યુ કરાયેલા મહાકાય અજગરને બાદમાં સુરક્ષિત રીતે જંગલ વિસ્તારમાં છોડી દેવામાં આવ્યો હતો.

# સિહોરમાંથી પસાર થતાં નેશનલ હાઇ-વે ઉપર નડતર લારી-ગલ્લાઓ હટાવવા તંત્રની તાકીદ

**જે આસામીઓએ હાઈ-વે પર દબાણ કરેલ છે તેઓને બે દિવસમાં પોતાની મેળે દબાણો હટાવવા નગરપાલિકા દ્વારા નોટિસ અપાઈ**



તસ્વીર : કૌશિક વ્યાસ

સિહોર,તા.૧૫

સિહોર એક ઔદ્યોગિક નગર છે. અને આ શહેરમાંથી ભાવનગર-રાજકોટ નેશનલ હાઈ-વે ૫૧ પસાર થાય છે. આ શહેરમાંથી રાજ્યના મોટા ભાગના નાના-મોટા શહેરો તરફ જતા-આવતા હજારોની સંખ્યામાં વાહનો પસાર થાય છે. સિહોર ટાણા ચોકડીથી દાદાની વાવ સુધીનો માર્ગ આમેય માત્ર કહેવા પૂરતો જ ફોર લાઈન માર્ગ છે. આથી આ માર્ગ પર લારી-ગલ્લા અને કેબિન હટાવવાની લોકમાંગ પ્રબળ બનેલી આથી તંત્ર દ્વારા આવા દબાણો જેતે આસામીઓએ પોતાનીજાતે બે દિવસમા હટાવી લેવા તાકીદ કરતી નોટિસ આપવામાં આવી છે. સિહોરમાં ભાવનગર—રાજકોટ પર અનેક જગ્યાએ દબાણરૂપ ચા અને પાન-માવાના ગલ્લાઓ,ફળવાળા, ગેરેજવાળાઓએ ગેરકાયદેસર દબાણ કરેલ છે. નેશનલ હાઈ-વે પર ગીચતા વધી રહી છે. અને દિવસે-દિવસે ટ્રાફિક સમસ્યા પણ વકરી રહી છે.ટ્રાફિક સમસ્યાને કારણે નાના-મોટા અકસ્માતો પણ સર્જાઇ રહ્યા છે.આથી આ રોડને ખુલ્લો કરવો આવશ્યક છે. સિહોર પોલીસ અને નગરપાલિકાની આ સંયુક્ત જવાબદારી ગણાય.સિહોરમાં ગુંદાળા વિસ્તારથી શરૂ કરી છેક વળાવડ ફાટક સુધી રોડની બંને બાજુ દબાણ કરવામાં આવેલ છે. જેનાથી અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાયા કરે છે.નેશનલ હાઈ-વે પર દિવસ દરમિયાન હજારોની સંખ્યામાં વાહનો પસાર થતાં હોય અને તંત્ર આ બાબતે પોતાની નિષ્ક્રિયતા દાખવે એનાથી વિશેષ બીજી કઇ મોટી કરુણતા હોઇ શકે? દિવસે-દિવસે આ રોડ પર ટ્રાફિક તો વધવાનું છે.વધતા વાહનોના અનુપાતમાં રસ્તાની પહોળાઇ વધે તો અકસ્માતની સંભાવના ઘટી જાય.

આ અંગે નગરજનોની પ્રબળ માંગ બાદ પ્રાંત અધિકારીએ નગરપાલિકાની નિષ્ક્રિયતા સામે લાલ આંખ કરી છે.અને દબાણ હટાવવા અંગે સત્વરે કોઇ ઠોસ કદમ ઉઠાવવામાં આવે તેવો આદેશ કરતાં નગરપાલિકાનું તંત્ર હરકતમાં આવી ગયું છે. આથી નગરપાલિકા અને વહીવટી તંત્ર દ્વારા બે દિવસમાં જે-જે આસામીઓએ હાઇ-વે પર દબાણ કરેલ છે તેવા આસામીઓએ પોતાની મેળે પોતાના દબાણો હટાવવા તાકીદ કરાઇ છે. જો આ બાબતે જે-તે દબાણકર્તા બેકાળજી દાખવશે તો તેના ખર્ચેઅને જોખમે સિહોર મામલતદારની રાહબરી નીચે નગરપાલિકા દ્વારા હટાવવામાં આવશે.

# સોસીયા યાર્ડમાંથી :૧૩,૧૮૦ની રોકડ સાથે ત્રણ જુગારી ઝડપાયા

ભાવનગર,તા.૧૫

ભાવનગર LCB સ્ટાફ નાઈટ રાઉન્ડ પેટ્રોલીગમાં હતો. તે દરમિયાન તેમને બાતમી મળી હતી કે તળાજા તાલુકાના સોસીયા યાર્ડમાં પ્લોટ નંબર ૧૪૦ સામે, પાણીના ટાંકાની બાજુમાં ખુલ્લી જગ્યામાં કેટલાક લોકો ગંજીપાના વડે જુગાર રમી રહ્યા છે.આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન, હાથકાંપનો જુગાર રમતા ત્રણ ઈસમો સુરેશભાઈ વેચુભાઈ ચૌધરી (ઉં.વ. ૨૫), રામકુમાર રામચંદ્રકુમાર ચૌધરી (ઉં.વ. ૨૬), અને સંદીપકુમાર કપિલકુમાર (ઉં.વ. ૩૦) ને પકડી પાડવામાં આવ્યા હતા. આ ત્રણેય આરોપીઓ સોસીયા યાર્ડમાં રહે છે અને મૂળ ઉત્તર પ્રદેશના વતની છે.

# દસ નઈ તાલીમ શાળાઓની દીકરીઓની આરોગ્ય તપાસ



ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડના આર્થિક સહયોગથી શિશુવિહાર સંસ્થા અને સિદ્ધિવિનાયક મેડિકલ સેન્ટર દ્વારા શિશુવિહાર સંસ્થામાં તમામ પ્રકારના રોગોના નિષ્ણાંત ડોકટરોની ટીમે તા ૧૩મેઈ જિલ્લાની દસ નઈ તાલીમ શાળાઓની દીકરીઓમાં આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. શિશુવિહાર સંસ્થામાં યોજાયેલ આરોગ્ય કેમ્પનો ૧૯૦ દીકરીઓયે લાભ લીધેલ.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## ચીન જાપાન વચ્ચેના સંબંધો વણસી રહ્યા છે

ભારતની જેમ જ એશિયા ખંડના બે શક્તિશાળી રાષ્ટ્રો, જાપાન અને ચીન, એક સમયે ખૂબ સારા સંબંધો હતા પરંતુ હવે તેના સંબંધમાં તનાવ આવ્યો છે.બની દેશો વચ્ચે સંઘર્ષમય સંબંધોનો લાંબો ઇતિહાસ ધરાવે છે. ભૌગોલિક રીતે નજીક હોવા છતાં, આ બંને દેશો વચ્ચેના સંબંધોમાં સહકાર, સાંસ્કૃતિક આદાનપ્રદાન, અને ભીષણ યુદ્ધોની એક જટિલ ગાથા વણાયેલી છે. આ સંબંધોને સમજવા માટે તેના ઐતિહાસિક મૂળિયાં તરફ દ્રષ્ટિપાત કરવો અનિવાર્ય છે. ઐતિહાસિક તણાવની શરૂઆત ક્યારે થઈ તેનો પણ ઇતિહાસ છે.ચીન અને જાપાન વચ્ચેના સંબંધોનો પ્રારંભ ઘણો પ્રાચીન છે. જોકે, ઈ.સ. પૂર્વે ૩૦૦૭ માં સંબંધોની શરૂઆતનો કોઈ સ્પષ્ટ અને માન્ય ઐતિહાસિક આધાર મળતો નથી, તેમ છતાં ઈ.સ. પૂર્વેની પ્રથમ સદીઓથી જ સાંસ્કૃતિક અને વેપારી સંપર્કો સ્થપાયા હોવાનું મનાય છે. ચીનના પ્રભાવ હેઠળ જાપાનમાં બૌદ્ધ ધર્મ, લેખન પ્રણાલી, સરકારી માળખું, અને અનેક કલાત્મક શૈલીઓ અપનાવવામાં આવી હતી. ઈ.સ. ૬૦૭માં, જાપાનના રાજદૂત દ્વારા ચીનના સમ્રાટને મોકલેલો પત્ર, જેમાં જાપાનને 'ઉગતા સૂરજનો દેશ' અને ચીનને 'આથમતા સૂરજનો દેશ' તરીકે સંબોધવામાં આવ્યું હતું, તે જાપાનના સમાનતાના દાવાને દર્શાવતો પ્રથમ નોંધપાત્ર રાજકીય સંકેત હતો. આધુનિક યુગમાં, ૧૯મી સદીના અંતમાં જાપાનનું ઝડપી આધુનિકીકરણ અને સૈન્યીકરણ થયું, જેનાથી શક્તિનું સંતુલન બદલાયું. આના પરિણામે ૧૮૯૪-૯૫નું પ્રથમ ચીન-જાપાન યુદ્ધ થયું, જેમાં જાપાને ચીનને હરાવ્યું. આ પરાજય ચીન માટે 'અપમાનની સદી'ની શરૂઆત સમાન હતો અને તેણે જાપાન પ્રત્યે કાયમી કડવાશ તથા રાષ્ટ્રવાદની ભાવના જન્માવી. વધુ ભીષણ સંઘર્ષ ૨૦મી સદીમાં જોવા મળ્યો. ૧૯૩૦ના દાયકામાં જાપાને ચીન પર આક્રમક રીતે કબજો જમાવવાનું શરૂ કર્યું. ૧૯૩૭માં બીજું ચીન-જાપાન યુદ્ધ ફાટી નીકળ્યું, જે બીજા વિશ્વયુદ્ધનો ભાગ બન્યો. આ યુદ્ધ દરમિયાન જાપાની સૈન્ય દ્વારા ચીની નાગરિકો પર જે અત્યાચારો ગુજારવામાં આવ્યા, ખાસ કરીને 'નાનકિંગ હત્યાકાંડ' (Nanjing Massacre), તે આજે પણ ચીની લોકોની સ્મૃતિમાં તાજા છે અને સંબંધોમાં એક પીડાદાયક પ્રકરણ બની રહ્યા છે. ૧૯૪૫માં જાપાનના શરણાગતિ પછી યુદ્ધનો અંત આવ્યો, પરંતુ તેના ઘેરા ઘા હજુ પણ રૂઝાયા નથી. જીયો પોલિટિક્સ વર્તમાન સંઘર્ષના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે.બીજા વિશ્વયુદ્ધ પછી, ૧૯૭૨માં રાજદ્વારી સંબંધો સામાન્ય થયા બાદ, સંબંધોમાં સુધારો થયો હતો. જાપાને ચીનના આર્થિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું. બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણ વધ્યું, જેનાથી બંનેની અર્થવ્યવસ્થાને ફાયદો થયો. જોકે, આ આર્થિક સહકાર પણ ઐતિહાસિક સંઘર્ષની છાયામાંથી મુક્ત થઈ શક્યો નથી. આજે, જાપાન અને ચીન વચ્ચેનો સંઘર્ષ મુખ્યત્વે ચાર મુદ્દાઓ પર કેન્દ્રિત છે. પ્રથમ, ઇતિહાસની કડવાશ. ચીન બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જાપાનના યુદ્ધ અપરાધો માટે સંપૂર્ણ માફીની માંગણી કરે છે. જ્યારે જાપાની નેતાઓ દ્વારા યાશુકુની શ્રાઈન (Yasukuni Shrine)ની મુલાકાત લેવામાં આવે છે, ત્યારે ચીન અને દક્ષિણ કોરિયામાં ઉગ્ર વિરોધ થાય છે. ચીન માને છે કે જાપાને ઇતિહાસની જવાબદારી સ્વીકારી નથી. બીજું, ટાપુઓ પરનો દાવો. પૂર્વ ચીન સમુદ્રમાં આવેલા વણવસેલા સેનકાકુ (જાપાનીઝ) અથવા ડિયાઓયુ (ચીની) ટાપુઓ પર બંને દેશો પોતાનો દાવો કરે છે. આ ટાપુઓ વ્યૂહાત્મક રીતે અને સંભવિત ખનીજ સંસાધનોની દ્રષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. આ વિસ્તારમાં ચીની જહાજો અને વિમાનો દ્વારા ઘૂસણખોરી અને પેટ્રોલિંગ વધતાં તણાવ સતત વધતો રહે છે. ત્રીજું, પ્રાદેશિક પ્રભુત્વ. વૈશ્વિક શક્તિ તરીકે ચીનનો ઉદય થયો છે અને તે પૂર્વ એશિયામાં પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરવા માંગે છે. જાપાન, યુ.એસ. સાથેના તેના સુરક્ષા જોડાણ દ્વારા, ચીનની વધતી સૈન્ય શક્તિ અને પ્રાદેશિક દાવાઓથી ચિંતિત છે.

# વૃદ્ધાવસ્થા પ્રકૃતિ આધિન છે: પાછલી ઉંમરે આનંદિત રહેવું વ્યક્તિ આધારિત

વિકાસ અને વિકલ્પ - ડૉ. નાનક ભટ્ટ

કોઈ વ્યક્તિની પાછલી જિંદગી કેવી જશે એ વિશે અગાઉથી આગાહી કરી શકાય એવું નથી!! એ જીવન શાંતિપૂર્ણ અને નીરોગી પણ હોઈ શકે છે તો વિપરીત, એકાંગી, નીરસ, ભારરૂપ અને પીડાકારી પણ સંભવી શકે છે. દીકરા-દીકરીઓ, વહુઓ અને સગાં સંબંધી હોવા છતા ઘરના એક ખુણે કે વૃદ્ધાશ્રમમાં એક્લવાયું અને ઉપેક્ષાભર્યું જીવન વિતાવવું પડતું હોય એવું શક્ય છે, તો બીજી બાજુ દીકરા-દીકરીઓ, વહુઓ ને મિત્રો, સગા-સંબંધીઓ તરફથી એટલો પ્રેમ, આદર અને હુંકભર્યો સદ્દભાવ મળી શકે છે કે નિવૃત્તિનો છેલ્લો સમય સુખપૂર્ણ, શાંતિભર્યો અને જીવનના શિખર પર પહોંચ્યા પછીની ધન્યતાથી ભરેલો પણ હોઈ શકે છે. ઘડપણ ક્યારેક પ્રભુના આશીર્વાદ જેવું તો ક્યારેક રીતસરનો અભિશાપ હોય એવું પણ વીતી શકે છે. જિંદગીના છેલ્લા શ્વાસ ક્યારે પૂરાં થાય તેની ક્યારેક રાહ પણ જોવાતી હોય છે. તો એનાથી ઉલટું થોડુંક વધુ જીવવાનું મળી જાય તો કેવું સારું..! એવી અભિપ્સા પણ માણસના મનમાં જાગતી હોય છે.વૃદ્ધાવસ્થા એ સામાજિક દષ્ટિએ નિવૃત્તિ અને આરામની ઉંમર ગણાય છે, પણ આજકાલ એક યા બે સંતાન હોય એવા માબાપને ભાગ્યે જ નિવૃત્તિ કે આરામ મળી શકે છે. એક જ દીકરી હોય તો દીકરી લગ્ન પછી પોતાનાં પરિવાર સાથે દૂર અને ક્યારેક વિદેશમાં હોય છે. દીકરાને અભ્યાસ પૂરો થયા પછી પોતાનાં જ શહેર કે ગામમાં નોકરી મળે એવું નક્કી નથી. મા-બાપને આરામ આપવાની ઈચ્છા હોવા છતાં દીકરાને નોકરીમાં સેટ કરવા નાનકડું ભાડાનું મકાન લઈ એકલા કે પત્ની સાથે રહેવું પડે છે. ક્યારેક માબાપ દીકરાને ચિંતામાં મુક્વા માગતા નથી હોતા. આથી કુટુંબમાં જુવાન દીકરો-વહુ હોવા છતાં વતનમાં પોતાનું ઘર સંભાળવા એકલા જ રહે છે. આથી કરી પાછલી જિંદગીમાં પણ ઘર ચલાવવા માટેની ચિંતામાંથી મુક્તિ મળતી નથી. ઘણીવાર અભ્યાસ માટે પણ દીકરા-દીકરીને માબાપથી દૂર રહેવું પડે છે અને એ પછી નોકરી મળતાં કે લગ્ન પછી ઊભા થયેલા સંજોગોના કારણે માબાપથી અલગ રહેવું પડે છે.

ઈચ્છવા છતા પોતાને સંતાન ન હોય એવી સ્થિતિમાં જિંદગીભર હૂંફ કે સહારા વિનાનું જીવન વિતાવતા કંપતી પણ આપણી આસપાસ છે. જો કે સમજદાર દંપતીએ આવી સ્થિતિમાં આગળથી જ એવું આયોજન કરવું રહ્યું કે, પાછલી જિંદગીમાં આર્થિક ભીસ ઊભી ન થાય. માલિકીનું ઘર બાંધી ઘરકામ માટે માણસ રાખી શકે એટલી એકધારી આવક ઊભી કરી શકે છે અને આજ કાલ તો નિવૃત્તિ પછી આજકાલ પેન્શન પણ પૂરતું મળતું હોય છે. આથી યુવાવયથી વૃદ્ધાવસ્થાનો સહારો ઉભો કરવો રહયો.પાછલી જિંદગીમાં કોઈની સામે હાથ લંબાવવો ન પડે એ રીતે પહેલેથી જ પેન્શન, વ્યાજ કે ભાડાની રકમ મળ્યા કરે એવી વ્યયા ગોઠવવી. એક બે સંતાન હોય તો પણ પાછલી ઉમરમાં એમને કોઈ ચિંતા કરવી ન પડે એ રીતે પોતાની જરૂરિયાત મુજબ સારવાર, તીર્થયાત્રા કે ગમતી પ્રવૃતિ કરી શકાય એવું આયોજન કેટલાક સમજદાર કંપતી કરી લેતા હોય છે.પરિવારની દરેક પુખ્ત વ્યક્તિએ પોતપોતાનો વ્યવસાય કે નોકરી ધંધો કરવો પડતો હોય એવા કુટુંબમાં વડીલોનું કામ જિંઠગીભર છૂટતું નથી. દીકરો અને વહુ બંને નોકરી ધંધા પર જતા હોય તો ઘરમાં રહેતા માબાપ કે વડીલોએ થોડું ઘણું કામ કરવું જ પડે છે. પૌત્ર-પૌત્રાઢીને સાચવવા પડે છે. અભ્યાસ પૂરો તથા ઠીકરીઓ પણ સર્વિસ કરતી જ હોય છે અને લગ્ન સુધીની કે લગ્ન પછી પણ નોકરી ચાલુ રાખતી હોવાથી માબાપને છેક વૃદ્ધાવસ્થા સુધી થરકામમાં મદદ કરવી પડે છે.

વૃદ્ધાવસ્થામાં પતિ-પત્નીમાંથી કોઈ એક શરીર છોડીને ચાલ્યું જાય તો પાછળ બચેલી વ્યક્તિએ સંતાનો, વહુઓ કે સગાંસબંધીઓ સાથે જિંદગી વિતાવવી ભારે પડી શકે છે. છોકરા-છોકરીઓને ભણાવ્યા હોય, લગ્ન કરી આપ્યાં હોય અને છેલ્લે હવે પોતાને સહારાની જરૂર હોય ત્યારે વારાફરતે સંતાનોને ત્યાં થોડો થોડો સમય વીતાવતા કે, પોતે બોજરૂપ બની ગયેલ છે એવું અનુભવતા માબાપની પાછલી જિંઠગી એવી વ્યથા ભરી હોય છે કે નિકટતાની પળોમાં એમની મુંઝવણ અને વ્યથા સાંભળીએ તો જ ખ્યાલ આવે.

પોતાની પાછલી જિંદગી રોગ-રહિત અને આત્મનિર્ભર હોય તો સારું. બાકી અચાનક કોઈ બીમારી આવે, અકસ્માતે હાડકા ભાંગે, પરાધીન થઈને જીવવું પડે ત્યારે વ્યક્તિગત પીડા અસહ્ય છે. આજના જમાનામાં સંતાનો પાસે પણ સમય નથી. પોતાની જ જિંઠગીમાં એ એટલા બધાં અટવાયેલા હોય છે કે માબાપ પાસે ઈચ્છે તો પણ રહી ન શકે, સારવાર કરવી હોય તો પણ કરી ન શકે અને કેટલાક કિસ્સાઓમાં સંતાનો સારી સ્થિતિમાં હોય તો સારવાર અને બીજી જરૂરત માટે આર્થિક વ્યવસ્થા કરી માબાપ માટે સમય કે એમના છેલ્લાં સમયમાં હૂંફ આપવાની, સ-વિશેષ માબાપે એમના માટે જે કંઈ પણ કર્યું એ બધું જ ભૂલી જાય છે. નવા સમયે એ હકીક્ત બને છે કે યુવકો પોતે માબાપ માટે કશુંક કરી રહ્યા છે વાત તે કંટાળાજનક અને સમયની બરબાદી લાગે છે.

બદલાતા સામાજીક સંબંધો વચ્ચે હવે વૃદ્ધ થતા મા-બાપ એ પોતાના વર્તનમાં અત્યારથી સુધાર લાવવો પડશે. વલવલિયા કે ભાર રાખીને જીવતા વડીલો કોઈનોય પ્રેમ મેળવી શક્તા નથી.

આવા લોકો પોતાની પાછલી ઉમરમાં પ્રેમ વિનાનું, એકલવાયું અને વ્યથાભર્યું જીવન વિતાવે છે. તેમ જીભના ચટાકા જાળવી રાખનાર વૃદ્ધો પણ પોતાના શરીરથી જ હારી જાય છે.

આથી પ્રથમથી જ ખાવા-પીવામાં, જીવનવ્યવહારમાં સંતુલન રાખવું જોઈએ. પૂરતી ઊથ મળે, સાચી ભૂખ લાગે તે માટે માણસે રોજ થોડો વ્યાયામ, ચાલવાની ટેવ પાડવી જોઈએ.ધ્યાન રહે પોઝિટિવ થિંકિંગ અને આધ્યાત્મિક અભિગમ જીવનનો આધાર બની રહે છે. કટોકટીની પળોમાં વ્યક્તિ ભાંગી પડતી નથી. છેક સુધી એ સ્વસ્થ-નીરોગી અને આનંદભર્યું જીવન જીવી, પાછળ થોડી સુવાસ છોડીને વિદાય થાય છે.

નકારત્મક વલણ રાખીને જીવતા, સબંધો બાંધી કે સાચવી ન શક્તા, છેક સુધી સંતાનોને વારસો કે વ્યવહાર પ્રેમે ન સોપનાર વડીલો લાચાર સ્થિતિમાં મુકાય છે ત્યારે તેમની માટે તો જીવનનો પાછલો સમય દોઝખ જેવો બની જાય છે. રાતભર ઊંઘ ન આવે, શ્વાસ ચડે, 'ખો..ખો..'' કરવું પડે. પોતે જ પોતાના પીડાભર્યા સમયને મને-કમને પૂરો કરવો પડે છે.

મિત્રો આજે પોષક આહાર, સાધન સુવિધા શરીર સારવાર ને ઠવાઓના કારણે ભારતમાં વડીલોનું સરેરાશ આયુષ્ય ૭૦-૭૨ વર્ષનું થયું છે પણ સાથોસાથ થડપણ વસમું, એકલવાયું અને બોજારૂપ બનતું જાય છે. સમાજમાં અને આખા વિશ્વમાં વૃદ્ધોની સમસ્યા વધતી જાય છે. અનેક નવા નવા વૃદ્ધાશ્રમો ખૂલતા હોવા છતાં પ્રવેશ મેળવવા લાઈનમાં ઊભા રહેવું પડે છે!

યાદ રહે જીવન સંધ્યાના અંતિમ પડાવે જયારે શરીર અને સબંધો જીર્ણ થઈ જાય છે ત્યારે વિવેકી માણસોએ ૫૦ વર્ષ વટાવતાની સાથે જ જીવનનાં અંતિમ ૩૦-૪૦ વર્ષનું આયોજન કરવું જોઈએ. સ્વસ્થ શરીર અને સાદગીભર્યા આરોગ્યપ્રદ જીવન પૂરતી આર્થિક સગવડ વ્યક્તિનો છેલ્લો સહારો બને છે. પ્રેમાળ સ્વભાવ અને ઈશ્વર ચિંતનથી માણસ સતત હકારાત્મક રહે છે. મનુષ્ય ઉર્જાનું ઐશ્વર્યમાં પરિવર્તન અહીંથી જ આકાર લે છે તે ન ભૂલવું.ઈશ્વરે આવતીકાલની બાંહેધરી કોઈને પણ આપતો નથી, ત્યારે નૂતનવર્ષે સંકલ્પ કરીયે કે સ્વસ્થતાથી વર્તમાનમાં જ જીવીશું.

# દર્પણમાં મુખ દેખાય છે ખરું, પણ હોતું નથી... સંસારમાં સુખ દેખાય છે ખરું, પણ હોતું નથી...

**- 'આસક્તિ એક પ્રકારનું માનસિક યાવત્ આત્મિક બંધન છે. એવું બંધન કે જેનાથી વ્યક્તિ ધારે તો ય આસાનીથી છૂટી ન શકે- મુક્ત ન થઈ શકે. અરે ! ઘણી વાર એમ પણ બને છે કે મનદુ:ખ થાય એવી ઘટનાઓનાં કારણે વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે બાહ્ય આસક્તિ તૂટતી લાગે. પરંતુ ભીતરની તીવ્ર વેદના-ઝુરાપો ચાલુ ને ચાલુ જ રહે. આસક્તિની વ્યાખ્યા કરતા એક હીંદી પંક્તિ ખૂબ યથાર્થ વાત કરે છે કે ' જો આ સક્તી હૈ, મગર જા સક્તી નહિ હૈ, ઈનકા નામ હૈ આસક્તિ !'**

'અવર્ણ'ના અ-આ અક્ષરો પૈકી આહનો પણ હોય છે અને આ આનંદનો પણ હોય છે. આપણે છેલ્લા ત્રણ લેખોથી અવર્ણથી શરૂ થતા ચાર શબ્દો પર ચિંતનયાત્રા કરીએ છીએ તે તમામ શબ્દો દુર્ગુણસ્વરૂપ છે, જીવનમાં આહ અને આપત્તિની પરંપરા સર્જનાર છે. આજે એ ચિંતનયાત્રાનું અંતિમ ચરણ છે અને એમાં વિચારણા થસે ચોથા શબ્દની આસપાસ.

૪) આસક્તિ- આસક્તિનો અર્થ છે વ્યક્તિ-વસ્તુ પ્રત્યે બેહદ લગાવ. કોઈને બંગલો- કાર- બ્રાન્ડેડ જીવનોપયોગી ચીજવસ્તુઓ પર પ્રગાઢ આસક્તિ હોય છે, તો કોઈને પત્ની-પુત્ર-પરિવાર- મિત્ર વગેરે પર પ્રગાઢ આસક્તિ હોય છે. આ આસક્તિ એક પ્રકારનું માનસિક યાવત્ આત્મિક બંધન છે. એવું બંધન કે જેનાથી વ્યક્તિ ધારે તો ય આસાનીથી છૂટી ન શકે- મુક્ત ન થઈ શકે. અરે ! ઘણીવાર એમ પણ બને છે કે મનદુ:ખ થાય એવી ઘટનાઓનાં કારણે વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે બાહ્ય આસક્તિ તૂટતી લાગે. પરંતુ ભીતરની તીવ્ર વેદના-ઝુરાપો ચાલુ ને ચાલુ જ રહે. આસક્તિની વ્યાખ્યા કરતા એક હીંદી પંક્તિ ખૂબ યથાર્થ વાત કરે છે કે ' જો આ સક્તી હૈ, મહર જા સકતી નહિ હૈ, ઈનકા નામ હૈ આસક્તિ !'' આસક્તિ-અનાસક્તિની કેટલીક મહત્ત્વની વાતો પર આપણે દૃષ્ટિપાત કરીએ :

૧) આસક્તિ આત્મકલ્યાણનું મુખ્ય અવરોધક પરિબળ છે : તબીબી શાસ્ત્રના જાણકારો એમ કહે છે કે લોહી જ્યાં ગંઠાઈ જાય-અટકી જાય ત્યાં ગ્રન્થિ ગાંઠ બંધાઈ જાય અને એ વ્યક્તિનું મોત નોંતરે : પછી એ ગાંઠ હાર્ટની હોય કે બ્રેઈનની હોય. બસ, એ જ રીતે અધ્યાત્મશાસ્ત્રના જાણકારો એમ કહે છે કે જ્યાં વ્યક્તિની ચિત્તવૃત્તિ લગાવથી ગંઠાઈ જાય- પ્રતિબંધિત થઈને અટકી જાય ત્યાં વ્યક્તિના ભાવપ્રાણોનું મૃત્યુ થાય. એથી જ ક્યાં ય પણ મમત્વ-આસક્તિ ન રાખવાનું જણાવતા શાસ્ત્રો ફરમાવે છે કે 'અમત્તભાવં ન કહિં પિ કુજ્જા.' ભાવાર્થ કે ક્યાંય પણ મમત્વભાવ ન રાખવો.

જૈન પરંપરામાં દીક્ષાની વિશિષ્ટ પદ્ધતિ છે. એમાં વિધિવિધાન ઉપરાંત વ્યક્તિનું વેશપરિવર્તન કરવામાં આવે, ગૃહત્યાગ કરાવવમાં આવે અને પૂર્વના નામનો પણ ત્યાગ કરવામાં આવે. અહીં દલીલ એવી પણ થઈ શકે કે 'નામ-વેશ શું કાજ ન સીઝે.' બાહ્ય શુભ પ્રવૃત્તિ વિશે સૂગ ધરાવનાર એવા વિચારો દર્શાવતા હોય છે કે 'દીક્ષા-સંયમ તે આંતર પરિણતિ સાથે સંબંધિત છે. એમાં નામ-વેશ બદલવાની શી જરૂર ?' આ સૂગપરસ્ત વ્યક્તિઓએ સમજવું જોઈએ કે ગૃહત્યાગ- ગામત્યાગ- વેશત્યાગ- નામત્યાગનો સમગ્ર ઉપક્રમ જ મમત્વભાવને- મોહદશાને તોડવા માટે છે. એના દ્વારા મુમુક્ષુ ઘર-ગામ અને પૂર્વ ગૃહસ્થજીવનના સાંસારિક સંસ્કારો તોડવાનો જ પ્રબળ પુરુષાર્થ કરે છે.

જૈન સાધના વિજ્ઞાનમાં ગુણસ્થાનકો પર આરૂઢ થવાનો મહિમા છે. એવા કુલ ચૌદ ગુણસ્થાનકો પૈકી દશમા ગુણસ્થાન સુધી મુખ્ય સંઘર્ષ આ મમતા-આસક્તિના સર્વથા ક્ષય સાથે હોય છે. દશમા ગુણસ્થાપનના અંતે જ્યાં આસક્તિનો-મમતાનો સર્વથા ક્ષય થાય ત્યાં જ બહુ ઝડપથી તેરમું ગુણસ્થાનક અને કેવલજ્ઞાન સુનિશ્ચિત થઈ જાય. હવે એ સાધકનો તે ભવના અંતે મોક્ષ પણ અવશ્યંભાવી હોય.પણ...સબૂર ! આ મમતા-આસક્તિના ક્ષયની સાધના આસમાનના તારા તોડવા જેવી અશક્ય ભલે નથી, પરંતુ અતિ કઠિન જરૂર છે. સાધક એમ માનતો હોય કે ' હું હવે આસક્તિથી પર છું' તો એ એનો મોટે ભાગે ભ્રમ હોય છે. અચ્છા અચ્છા સાધકો સાવ નાનકડી વાતે ક્ષતિ કરી આસક્તિક્ષયના ક્ષેત્રે પીછેહઠ પામ્યા છે. એની એક

વિશેષ

ઝલક પૂર્વકાલીન જૈન ઈતિહાસમાંથી નિહાળીએ.ભગવાન મહાવીરદેવના સમકાલીન અજોડ રિદ્ધિવંત મહાશ્રેષ્ઠી શાલિભદ્ર. મગધ સમ્રાટ શ્રેણિકે જે રત્નકંબલ અતિશય મૂલ્યવાન હોવાનાં કારણે એક પણ ન ખરીદી તે તમામ રત્નકંબલ શાલિભદ્રની માતાએ ખરીદી અને શાલિભદ્રની પત્નીઓએ એ રત્નકંબલો પગલૂંછણીયારૂપે વાપરી એક જ દિવસમાં ફેંકી દીધી ! શાલિભદ્ર અને તેમની પત્નીઓ જે અતિ મૂલ્યવાન દિવ્ય સુવર્ણના- હીરાના અલંકારો એકવાર પરિધાન કરે તે બીજા દિવસે દેવનિર્માલ્યની જેમ ફેંકાઈ જાય. એકના એક અલંકારો તેઓ બીજી વાર પરિધાન ન કરે ! માનવજન્મમાં દૈવી સુખોપભોગ કરનાર માત્ર શાલિભદ્ર અને તેમની પત્નીઓ જ હતી.આવા અજોડ રિદ્ધિસંપન્ન શાલિભદ્રે પ્રબોધ મહાવીરપ્રભુ પાસે દીક્ષા લીધી. અનર્ગલ સમૃદ્ધિ- સુખોપભોગ- વેશ-નામ- ગૃહ- ગામ સર્વનો ત્યાગ કરી તેઓ મોહક્ષયની- કર્મક્ષયની સાધનામાં નિમગ્ન થઈ ગયા. પરાકાષ્ઠા ત્યાં આવી કે સ્વજન તો ઠીક, શરીર પરની પણ આસક્તિ તોડવા શાલિભદ્રમુનિવરે વૈભારગિરિની કાળીમીંઢ શિલા પર આમરણ અનશન (આહારાદિનો કાયમી ત્યાગ ) કર્યો ! શરીર એક જ અવસ્થામાં રાખી ત્યાં બંધ આંખે સાધના જારી હતી. પુત્રમુનિના છેલ્લાં દર્શને આવેલ માતા ભદ્રાએ અશ્રુભીની આંખે આજીજી કરી કે ' એકવાર મને જુઓ, મારી સાથે બે શબ્દો બોલો.' મુનિવર જરાક લાગણીમાં તણાયા અને એક વાર આંખ ખોલી માતા સામે નજર કરી. બસ, આટલી નાની શી મમતાએ એમના મોક્ષમાં થોડી રુકાવટ કરી. તેઓ બે જન્મ બાદ મોક્ષે જશે. જો તેઓ સૂક્ષ્મ લાગણીમાં ન તણાયા હોત તો એમનો મોક્ષ તે જ જન્મમાં થઈ જાત.આસક્તિ આત્મકલ્યાણમાં કેવી રુકાવટ કરે તે આ ઘટનામાં અદ્ભુત પ્રતિબિંબિત થાય છે..- આસક્તિ વ્યાવહારિક જીવનમાં દુ:ખદાયી છે : ભ્રમર માટે જાણકારો એમ કહે છે એ મજબૂત કાષ્ઠમાં ય છિદ્ર કરીને એની આરપાર નીકળી જાય. વસ્તુને છેદી-ભેદી નાખવાની એની શક્તિ આટલી તીવ્ર છે. આ જ ભ્રમર કમલની સુગંધમાં આસક્ત થઈ એમાં લીન રહે, સૂર્યાસ્ત થતાં કમલપાંખડીઓ બિડાઈ જાય અને ભ્રમર એમાં કેદ થઈ જાય. ભ્રમર ધારે તો કમલપાંખડી છેદીને બહાર નીકળવું એના માટે એકદમ આસાન ખેલ બને, પરંતુ સુગંધની આસક્તિવશ એ એમ વિચારે કે આજની રાત્રિ ભલે અહીં કેદમાં હું રહ્યો. કાલે સવારે કમલ ખૂલશે ત્યારે બહાર આવીશ. એ કમલની સુગંધમાં આસક્ત રહી ત્યાં જ રહે. વહેલી પ્રભાતે સરોવરમાં જલ પીવા હાથી આવે, કમલને સૂંઢથી તોડી પગ નીચે કચડી નાંખે અને એમાં ભ્રમરનો કચ્ચરઘાણ નીકળી જાય.

# પાર્શ્વનાથ : શાંતિ અને સહિષ્ણુતાના પ્રતિક

જૈન ધર્મની પાવન સરિતામાં અનેક મહાન આત્માઓએ જન્મ લીધો છે, જેમણે અહિંસા, સત્ય અને આત્મસંયમનો અમૂર્ત માર્ગ સ્થૂળ જગતને સમજાવ્યો. આ ધર્મના ચોવીસ તીર્થંકરોમાંથી ત્રેવીસમા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથ એક અનન્ય

**જૈન ધર્મ માને છે કે દરેક જીવ (આત્મા)માં શુદ્ધ ચેતનાની અનંત શક્તિ છે અને તે કર્મના બંધનથી મુક્ત થઈ મોક્ષ (મુક્તિ) પ્રાપ્ત કરી શકે છે.**

સ્થાન ધરાવે છે. તેમનો જીવન પ્રવાસ એક રાજકુમારની ભવ્યતાથી શરૂ થઈ સર્વસંગપરિત્યાગી સાધુની પરમ શાંતિ સુધી પહોંચે છે. તેમની કથા કેવળ એક ધાર્મિક આખ્યાન નથી, પરંતુ તે માનવીની આંતરિક શક્તિ, અડગ સંકલ્પ અને સર્વભૂત હિતના ભાવનો પ્રબળ દસ્તાવેજ છે. પ્રાચીન કાશીની પવિત્ર ભૂમિમાં જન્મેલા પાર્શ્વનાથે જે ચતુર્યામ ધર્મ (ચાર વ્રતો)નો ઉપદેશ આપ્યો, તે આજે પણ માનવજાતિને પર્યાવરણ, પ્રાણી કલ્યાણ અને આધ્યાત્મિક શાંતિનો માર્ગ દર્શાવે છે. તેમનો જીવનોદ્દેશ્ય એ સંદેશ આપે છે કે સાચી વિજય શસ્ત્રે નહિ, પરંતુ આત્મબળ, કરુણા અને સહિષ્ણુતાથી મળે છે. આ લેખમાં આપણે ભગવાન પાર્શ્વનાથના જન્મ, સંસારત્યાગ, કઠોર સાધના અને શાશ્વત ઉપદેશોની યાત્રા કરીશું.

જૈન ધર્મ ભારતીય ધર્મ અને દર્શનની એક પ્રાચીન અને સમૃદ્ધ પરંપરા છે. તેનો કેન્દ્રિય સિદ્ધાંત 'અહિંસા' છે, એટલે કે કોઈ પણ પ્રાણીને ઈજા ન કરવી. જૈન ધર્મ માને છે કે દરેક જીવ (આત્મા)માં શુદ્ધ ચેતનાની અનંત શક્તિ છે અને તે કર્મના બંધનથી મુક્ત થઈ મોક્ષ (મુક્તિ) પ્રાપ્ત કરી શકે છે. આ ધર્મનો આધાર 'ત્રિરત્ન' પર રચાયો છે: સમ્યક્ દર્શન (સાચો શ્રદ્ધાભાવ), સમ્યક્ જ્ઞાન (સાચું જ્ઞાન) અને સમ્યક્ ચારિત્ર્ય (સાચું આચરણ). જૈન દર્શન સંપૂર્ણ વસ્તુસ્થિતિને સમજવા માટે 'અનેકાંતવાદ' અને 'સ્યાદવાદ'નો માર્ગ દર્શાવે છે, એટલે કે કોઈ એક જ સત્ય નથી, પરંતુ વિવિધ દૃષ્ટિકોણથી સત્યને જોવું.

આ ધર્મમાં, તીર્થંકરોનું સ્થાન ઘણું વિશિષ્ટ છે. તીર્થંકર એટલે 'તીર્થ'ના નિર્માતા, એવા મહાન આત્માઓ જેઓ સંપૂર્ણ મોક્ષ પામ્યા પછી જગતને મોક્ષનો માર્ગ દર્શાવે છે. જૈન ધર્મમાં એવી માન્યતા છે કે આ ચક્રમાં ચોવીસ તીર્થંકરો થયા છે. પહેલા તીર્થંકર ઋષભનાથ (આદિનાથ) હતા, જેમણે માનવ સમાજને કૃષિ, ન્યાય વ્યવસ્થા જેવી મૂળભૂત કલાઓ શીખવી. તેમાંથી ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ અને ચોવીસમા અને અંતિમ તીર્થંકર મહાવીર સ્વામી છે. દરેક તીર્થંકરના જીવનનો આધાર સંયમ, ત્યાગ અને સર્વભૂત હિતને સમર્પિત છે.

આ ચોવીસ તીર્થંકરોમાં ભગવાન પાર્શ્વનાથનું સ્થાન અત્યંત ગૌરવશાળી છે. તેમનો જીવનકાળ ઐતિહાસિક રીતે મહાવીર સ્વામીથી પણ પ્રાચીન માનવામાં આવે છે. પાર્શ્વનાથનો જન્મ લગભગ ત્રણ હજાર વર્ષ પૂર્વે વારાણસી (કાશી) નગરીમાં ઈક્ષ્વાકુ વંશમાં થયો હતો. તેમના પિતા અશ્વસેન કાશીના રાજા અને માતા રાણી વામાદેવી હતાં. રાજપ્રાસાદમાં જન્મેલા આ રાજકુમારનું નામ 'પાર્શ્વ' રાખવામાં

આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

આવ્યું. બાળપણથી જ તેઓ ગંભીર, વિવેકી અને કરુણાદ્ર હૃદયના હતા. એક દંતકથા પ્રમાણે બાળપણમાં એક સાધુને ભિક્ષા અર્પણ કરતી વખતે તેમના મનમાં વૈરાગ્યનો ઉદય થયો.

રાજકુમાર તરીકે તેમણે સંપૂર્ણ શિક્ષણ અને શસ્ત્રવિદ્યા પ્રાપ્ત કરી, પરંતુ તેમનું મન સંસારી સુખમાં નહિ પરંતુ ઊંડા આધ્યાત્મિક પ્રશ્નોમાં રમમાણ રહેતું. એક બનાવે તેમના જીવનને નિર્ણાયક વળાંક આપ્યો. એક દિવસ રાજમહેલમાં રમતાં સમયે તેમણે એક બિલાડીને સર્પનો શિકાર કરતો જોયો. બંને પ્રાણીઓના ભય અને વેદનાથી વ્યથિત થઈ, પાર્શ્વે તરત જ હસ્તક્ષેપ કરી બિલાડીને દૂર કર્યો અને સર્પને બચાવ્યો. આ ઘટનાએ તેમને આઘાત પહોંચાડી અને સંસારની હિંસા તરફ ઉદાસીનતા જાગ્રત કરી.ઉંમરલાયક થતાં તેમના પિતા અશ્વસેને તેમનું લગ્ન પ્રભાવતી નામની રાજકન્યા સાથે કરી દીધું. પરંતુ સંસારનાં બંધનોમાં બંધાયેલા પાર્શ્વનો મન તો સંયમ અને સાધનાની દિશામાં ધડકતું હતું. ત્રીસ વર્ષની વયે, જયારે તેમણે સંસારની અસારતા અને જીવહિંસાની વ્યાપકતાનું ગહન અવલોકન કર્યું, ત્યારે તેમણે મોક્ષ માર્ગની ખોજમાં ઘરત્યાગ કરવાનો નિર્ણય લીધો. તેમણે સર્વસંગપરિત્યાગ કરી દીઘ તપશ્ચર્યા શરૂ કરી.

બાર વર્ષ સુધી કઠોર સાધના કરી, વનમાં ભટકતા, મૌન ધારણ કરતા પાર્શ્વે અંતે 'કૈવલ્ય જ્ઞાન' (સર્વોચ્ચ જ્ઞાન) પ્રાપ્ત કર્યું. તેમના જ્ઞાનના પ્રભાવથી લોકો તેમની ઓર ખેંચાયા અને તેમણે ધર્મનો પ્રચાર શરૂ કર્યો. તેમણે જૈન સંઘની સ્થાપના કરી અને ચાર ભેદ - સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા - ની રચના કરી, જે આજ પણ જૈન સમાજનો આધાર છે. પાર્શ્વનાથે 'ચતુર્યામ ધર્મ'નો ઉપદેશ આપ્યો, એટલે કે ચાર વ્રત: અહિંસા, સત્ય, અસ્તેય (ચોરી ન કરવી) અને અપરિગ્રહ (સંગ્રહ ન રાખવો). આ ચાર વ્રતો જીવનને સાદગીભર્યું અને હિંસારહિત બનાવવામાં માર્ગદર્શક થયાં.એક મહત્વપૂર્ણ પ્રસંગ તેમના અને એક આત્મઘાતી સાધુ કમથનો છે. કમથ કઠોર તપ કરતો હતો, પરંતુ તેમાં અભિમાન આવી ગયું હતું. પાર્શ્વનાથના શાંત અને સંતુલિત ઉપદેશોથી તે નારાજ થયો અને તેમને હાનિ પહોંચાડવા પ્રયત્નો કર્યા. પણ પાર્શ્વનાથે કોઈ પણ પ્રતિકાર અથવા ક્રોધ વગર, માત્ર કરુણા અને સહનશીલતાથી તેનો સામનો કર્યો. આખરે, પાર્શ્વનાથની અચળ શાંતિ આગળ કમથનો અભિમાન ઓગળી ગયો અને તે તેમનો શિષ્ય બની ગયો. આ ઘટના સહિષ્ણુતા અને અહિંસાની મહત્તા દર્શાવે છે.

સો વર્ષનું આયુષ્ય ભોગવી, સહસ્રો લોકોને મોક્ષનો માર્ગ દર્શાવી, ભગવાન પાર્શ્વનાથે સમેતશિખર પર્વત પર નિર્વાણ (મોક્ષ) પ્રાપ્ત કર્યું. તેમની શિક્ષણા આજે




પણ પ્રસંગિક છે. પર્યાવરણ સંરક્ષણ, પ્રાણીઓ પ્રત્યે દયા અને સાદો જીવન જીવવાનો સંદેશ તેમના જીવનથી મળે છે. જૈન મંદિરોમાં તેમની શાંત મૂર્તિઓ, સર્પના ફણા વડે છાયા કરતી, ભક્તોને આત્મિક શાંતિ અને સંકલ્પની પ્રેરણા આપે છે. પાર્શ્વનાથનો જીવન માર્ગ એ સંદેશ છે કે સાચી શક્તિ હિંસામાં નહિ, પણ આત્મસંયમ, કરુણા અને અડગ શાંતિમાં છે.

# આઈપીએલ ૨૦૨૬ ની હરાજીમાં દરેક ટીમ એક ખેલાડીને લક્ષ્ય બનાવશે અને ૧૦ ખેલાડીઓ માટે જોરદાર સ્પર્ધા થશે

મુંબઇ,

આઈપીએલ ૨૦૨૬ ની હરાજી ૧૬ ડિસેમ્બરે થવાની છે. આ વર્ષે, ૩૫૯ ખેલાડીઓ બોલી માટે તૈયાર રહેશે. બધી ૧૦ ટીમો કેટલાક મજબૂત ખેલાડીઓ ઉમેરવા માંગશે. ખાસ કરીને, દરેક ટીમમાં એક ખેલાડી હશે જેને તેઓ કોઈપણ કિંમતે સામેલ કરવા માંગશે. આ અહેવાલમાં, અમે આ ખેલાડીઓની વધુ ચર્ચા કરીશું.

મુંબઈ ઇન્ડિયન્સ પાસે હરાજી માટે ૩ કરોડથી ઓછા પૈસા બાકી છે. આ મર્યાદિત રકમ હોવા છતાં, તેઓ એક વિદેશી વિકેટકીપર શોધી રહ્યા છે જે રાયન રિકેલ્ટનના બેકઅપ તરીકે સેવા આપી શકે અને ઈનિંગ પણ ખોલી શકે. તેથી, ટીમ ક્વિન્ટન ડી કોક પર વિચાર કરી શકે છે.

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર જોશ હેઝલવુડને બેકઅપ આપવા માટે એક વિદેશી ફાસ્ટ બોલરની શોધમાં છે. એક એવો બોલર જેનો અનુભવ જરૂર પડ્યે બોલિંગ આક્રમણનું નેતૃત્વ કરવા માટે પણ વાપરી શકાય. બાંગ્લાદેશના મુસ્તફિઝુર રહેમાન એક ખેલાડી છે જેના પર આરસીબીએ ચોક્કસપણે નજર રાખવી જોઈએ. રહેમાન આઈપીએલમાં બાંગ્લાદેશનો સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે અને આઈપીએલમાં ઘણી ટીમો માટે રમી ચૂક્યો છે.

આ હરાજી કોલકાતા નાઈટ રાઈડર્સ માટે ખાસ હોઈ શકે છે. આન્દ્રે રસેલના આઈપીએલમાંથી નિવૃત્તિ સાથે,કેકેઆરને એક શક્તિશાળી ઓલરાઉન્ડરની સખત જરૂર છે જે મેચ જીતી શકે. ઓસ્ટ્રેલિયાનો કેમેરોન ગ્રીન આ ભૂમિકામાં સંપૂર્ણ રીતે ફિટ બેસે છે. કેકેઆર પાસે હરાજીમાં ૬૪.૩૦ કરોડ (૬૪.૩૦ કરોડ) ની મોટી રકમ છે, તેથી તેઓ કેમેરોન ગ્રીન માટે મોટી બોલીની અપેક્ષા રાખી શકે છે. ગ્રીન અગાઉ મુંબઈ ઈન્ડિયન્સ અને ઈઝ્મ માટે રમી ચૂક્યો છે.

લખનૌ સુપર જાયન્ટ્સને એક વિશ્વ કક્ષાના વિદેશી ફાસ્ટ બોલરની જરૂર છે. તેના વર્તમાન ફોર્મને ધ્યાનમાં લેતા, હાલમાં મેટ હેનરી કરતાં સારો કોઈ ખેલાડી નથી. હેનરી પાસે રોકડથી ભરપૂર લીગમાં લખનૌ માટે રમવાનો અનુભવ પણ છે.

સનરાઈઝર્સ હૈદરાબાદ પાસે ઘણા વિશ્વ કક્ષાના બેટ્સમેન છે, પરંતુ તેમને એક ગુણવત્તાયુક્ત સ્પિનરની જરૂર છે જે મેચ જીતી શકે અને બેટથી પણ યોગદાન આપી શકે. શ્રીલંકાના વાનિન્દુ હસરંગા એસઆરએચ માટે સંપૂર્ણ ફિટ છે.જોશ ઈંગ્લિસ દ્વારા છોડવામાં આવેલી ખાલી જગ્યા ભરવા માટે પંજાબ કિંગ્સને આઈપીએલ ૨૦૨૬ ની હરાજીમાં બેકઅપ વિકેટકીપર અને ઓપનરની જરૂર છે. ન્યુઝીલેન્ડનો ડેવોન કોનવે, જે અગાઉ આઈપીએલમાં સીએસકે માટે રમ્યો હતો, તે એક સારો બેકઅપ વિકલ્પ બની શકે છે.

શેરફેન રધરફોર્ડને મુંબઈમાં વેચ્યા બાદ ગુજરાત ટાઈટન્સ એક વિશ્વસનીય મધ્યમ ક્રમના બેટ્સમેનની શોધમાં છે. આ ભૂમિકા માટે, તેઓ ફરી એકવાર ડેવિડ મિલર પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. મિલર ૨૦૨૨ થી ૨૦૨૪ સુધી ગુજરાતનો ભાગ હતો અને તેણે ઘણી મેચ વિજેતા ઈનિંગ્સ રમી છે.



# અબુ ધાબીમાં ૧૬ ડિસેમ્બરે યોજાશે આઇપીએલ ૨૦૨૬ માટે મીની હરાજી

અબુધાબી,

આઈપીએલ વિશ્વની સૌથી વધુ જોવાયેલી લીગ છે, અને ઘણા સ્ટાર ખેલાડીઓએ અહીં રમીને પોતાની કારકિર્દી બનાવી છે. આગામી સીઝન માટે સ્ટેજ હવે તૈયાર છે. બધી ટીમોએ આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલને જાળવી રાખેલા અને રિલીઝ કરાયેલા ખેલાડીઓની યાદી સબમિટ કરી છે. હવે બધાની નજર ૧૬ ડિસેમ્બરે યોજાનારી મીની હરાજી પર છે.આઈપીએલ ૨૦૨૬ માટે મીની હરાજી ૧૬ ડિસેમ્બરે અબુ ધાબીમાં યોજાશે. તે એક જ દિવસમાં પૂર્ણ થશે, જે બપોરે ૨:૩૦ વાગ્યે શરૂ થશે. કારણ કે આ એક મીની હરાજી છે, તેથી ટીમો રાઈટ ટુ મેચ વિકલ્પનો ઉપયોગ કરી શકશે નહીં.

આઈપીએલ ૨૦૨૬ ની હરાજી માટે કુલ ૩૫૯ ખેલાડીઓને શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે. આમાંથી, બધી ટીમો દ્વારા એકસાથે ફક્ત ૭૭ ખેલાડીઓ ખરીદી શકાય છે. આ ૭૭ ખેલાડીઓમાંથી ૩૧ વિદેશી ખેલાડીઓ છે. નોંધનીય છે કે, કુલ ૪૦ ખેલાડીઓએ ૨ કરોડ (આશરે ૨ કરોડ) ની બેઝ પ્રાઈસ સાથે હરાજી માટે નોંધણી કરાવી છે. આમાં ભારતના વેંકટેશ ઐયર અને રવિ બિશ્નોઈનો સમાવેશ થાય છે.

આઈપીએલમાં, કોઈપણ ટીમ તેની ટીમમાં મહત્તમ ૨૫ ખેલાડીઓ રાખી શકે છે. ખેલાડીઓની ઓછામાં ઓછી સંખ્યા ૧૮ છે. વધુમાં, આઈપીએલ ટીમ મહત્તમ આઠ વિદેશી ખેલાડીઓનો સમાવેશ કરી શકે છે, જેમાંથી ફક્ત ચાર જ પ્લેઈંગ ઈલેવનમાં રમી શકે છે.આઈપીએલ હરાજી માટે કોલકાતા નાઈટ રાઈડર્સ ટીમ પાસે સૌથી વધુ પૈસા બાકી છે.

# શેમારૂમી લઈને આવ્યું છે ડિસેમ્બરમાં ખાસ 'ગુજ્જુ ફિલ્મ ફેસ્ટ' – રોજ એક નવી ગુજરાતી હિટ ફિલ્મ મફતમાં!

મુંબઇ,

શેમારૂમી ગુજરાતી સિનેમાની સમૃદ્ધિ, ગૌરવ અને સર્જનાત્મક તેજસ્વિતાનો ઉત્સવ મનાવવા માટે, ૬ થી ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન ખાસ 'ગુજ્જુ ફિલ્મ ફેસ્ટ' લઈને આવી રહ્યું છે.

આ દસ દિવસ દરમિયાન દરરોજ એક બ્લોકબસ્ટર ફિલ્મ મફતમાં જોવા માટે ખુલ્લી રહેશે, જેથી સમગ્ર ભારત—ખાસ કરીને ગુજરાત—ના દર્શકોને સૌથી વધુ લોકપ્રિય, વખાણેલી અને સફળ ગુજરાતી ફિલ્મોનો આનંદ માણવાની તક મળશે.

સોનાથી પણ કિંમતી ફિલ્મોની લાઈન-અપ! આ ફિલ્મોત્સવમાં બોક્સ-ઓફિસ હિટ અને વિવેચકોએ પ્રશંસા કરેલી એવી ફિલ્મો છે જેઓએ આધુનિક ગુજરાતી સિનેમાને નવી દિશા આપી છે. દરેક ફિલ્મ ગુજરાતના અલગ-અલગ રંગોને રજૂ કરે છે—હાસ્ય, સંસ્કૃતિ, કળા, ભાવનાઓ અને લોકજીવનની મજબૂત ભાવના. હકીકત મહિલાઓ માતે ની મજેદાર




ગજબ-ગજબની પરિસ્થિતિઓથી લઈને ઝામકુડી ના ભૂતિયા હવેલીમાં બનતા રહસ્યમય બનાવો સુધીપ બચુભાઈ વૃદ્ધાવસ્થામાં નવી શરૂઆતની હૃદયસ્પર્શી સફર રજૂ કરે છે, જ્યારે રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા હેલારો કચ્છના ગ્રામ્ય વિસ્તારમાં સ્ત્રી-મુક્તિની શક્તિશાળી ગાથા કહે છે. મીઠાડા મહેમાન મીઠી અને અનોખી લાગણીભરી સંબંધોની વાર્તા છે, અને નદી દોષ પ્રેમને જ્યોતિષીય માન્યતાઓ સામે તપાસે છે. કચ્છ એક્સપ્રેસ એક સ્ત્રીના આત્મવિશ્વાસની યાત્રા દર્શાવે છે, જ્યારે ઓલ ધ બેસ્ટ પંડ્યા ખૂબ હસાવતી કુટુંબની ગોટાગોટ અને પિતા-પુત્રના સબંધને રસપ્રદ રીતે રજૂ કરે છે. સુપરનેચરલ થ્રિલર વશ આખી ફિલ્મ દરમિયાન રોમાંચ જાળવી રાખે છે અને ઉમ્બારો સાત સ્ત્રીઓની જીવનપરિવર્તનકારી સફર રજૂ કરીને ફિલ્મોત્સવને સુંદર રીતે પૂર્ણ કરે છે.

ગુજરાતી સિનેમાએ છેલ્લા દાયકામાં સામગ્રી અને લોકપ્રિયતા—બન્ને ક્ષેત્રોમાં—અદભૂત વૃદ્ધિ જોઈ છે. આ ઉત્સવ એ તમામ સર્જકો, કલાકારો અને દર્શકોને સમર્પિત છે જેઓએ ગુજરાતી ફિલ્મોને રાષ્ટ્રીય સ્તરે મજબૂત ઓળખ આપી છે. આ ફેસ્ટિવલ દ્વારા શેમારૂમી નું ઉદ્દેશ્ય છે ઉત્તમ ગુજરાતી સામગ્રીને વધુથી વધુ લોકોને સુલભ બનાવવાનું અને દર્શકોને એવી ફિલ્મો ફરી માણવાનો મોકો આપવાનો જેઓએ નવી પેઢીના ગુજરાતી મનોરંજનને આગળ ધપાવ્યું છે.

# ૩૬ વર્ષીય ખેલાડીએ ટાઈટલ જીત્યા બાદ નિવૃત્તિની જાહેરાત કરી

ઓવલ,

ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન ક્રિકેટર એલિસ વિલાનીએ મહિલા બિગ બેશ લીગને યાદગાર રીતે વિદાય આપી. ૩૬ વર્ષીય વિલાનીની કેપ્ટનશીપ હેઠળ, હોબાર્ટ હરિકેન્સે ફાઈનલમાં પર્થ સ્કોર્ચર્સને આઠ વિકેટથી હરાવીને તેમનું પ્રથમ ડબ્લ્યુબીબીએલ ટાઈટલ જીત્યું. ૧૩ ડિસેમ્બરે બેલેરીવ ઓવલ ખાતે રમાયેલી ટાઈટલ મેચ સાથે વિલાનીની ડબ્લ્યુબીબીએલ કારકિર્દીનો અંત આવ્યો.



મેચ પછી, વિલાનીએ ખુલાસો કર્યો કે આ તેની છેલ્લી ડબ્લ્યુબીબીએલ મેચ હતી. તેણીએ કહ્યું કે આ એક પરીકથાનો અંત હતો, જે ટોચના સ્તરની રમતોમાં દુર્લભ હતો. આ સિઝનમાં તેના મનમાં આ વાત હતી, અને તે ઈચ્છતી હતી કે તેની કારકિર્દીનો અંત આ રીતે થાય. મેચ પહેલા, તેણીને ૮૦% ખાતરી હતી કે તે આ પછી નિવૃત્તિ લેશે, પરંતુ જીત પછી, તેણીને ખાતરી થઈ ગઈ કે આ યોગ્ય ક્ષણ છે.ઓસ્ટ્રેલિયા માટે ૯૯ આંતરરાષ્ટ્રીય મેચ રમનાર વિલાની WBBL ની બધી ૧૧ સીઝનનો ભાગ રહી છે. તેણી પર્થ સ્કોર્ચર્સ અને મેલબોર્ન સ્ટાર્સ માટે પણ રમી છે, અને ત્રણ વખત રનર-અપ રહી છે. ૨૦૨૨-૨૩ સીઝન માટે, તેણી હોબાર્ટ હરિકેન્સમાં જોડાઈ હતી, જ્યારે ટીમ પાછલી પાંચ સીઝનમાંથી ત્રણમાં છેલ્લા સ્થાને રહી હતી. હરિકેન્સે ત્યારબાદ તેમની ટીમને મજબૂત બનાવી અને આ સિઝનમાં ફક્ત બે મેચ હારી.વિલાનીએ ટીમની તાકાતની પ્રશંસા કરતા કહ્યું કે, ક્યારેક શ્રેષ્ઠ ટીમ બનવાનું દબાણ હોય છે, પરંતુ ટીમની સૌથી મોટી તાકાત એ હતી કે સિઝનના અલગ અલગ તબક્કામાં અલગ અલગ ખેલાડીઓએ જવાબદારી નિભાવી.વિલાનીએ સ્પષ્ટતા કરી કે તે ૫૦-ઓવરના ફોર્મેટમાં તાસ્માનિયા માટે રમવાનું ચાલુ રાખશે અને હોબાર્ટ હરિકેન્સ સાથે મેદાનની બહારની ભૂમિકામાં પણ સંકળાયેલી રહેશે. તેણીએ કહ્યું કે ક્રિકેટ તેના જીવનનો એક મોટો ભાગ રહ્યો છે. તેણીને તેની ખૂબ જ યાદ આવશે, પરંતુ સ્વપ્ન કાયમ માટે જીવી શકાતું નથી. આ ઐતિહાસિક જીત સાથે, હોબાર્ટ હરિકેન્સ પાસે હવે બીબીએલ અને ડબ્લ્યુબીબીએલ બંને ટાઈટલ છે, જ્યારે એલિસ વિલાનીએ તેની કારકિર્દીનો અંત એક યાદગાર પ્રકરણ સાથે કર્યો.



# અભિનેત્રી નિવેથા પેથુરાજે સગાઈના ત્રણ મહિના પછી સંબંધ તોડી નાખ્યા?

હૈદરાબાદ,

દક્ષિણ ભારતીય ફિલ્મ અભિનેત્રી નિવેથા પેથુરાજ અંગે એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે અભિનેત્રીએ સગાઈના ત્રણ મહિના પછી જ સંબંધ તોડી નાખ્યો છે. તેણીએ તેની સગાઈ અને લગ્ન તોડી નાખ્યા છે. નિવેથા પેથુરાજ લગભગ બે વર્ષથી ફિલ્મ ઉદ્યોગથી દૂર હતી, અને નવેમ્બરમાં, તેણીએ સોશિયલ મીડિયા પર પાછી ફરી, તેની સગાઈની જાહેરાત કરી. તેણીએ તેના મંગેતર, દુબઈ સ્થિત ઉદ્યોગપતિ રાજહિત ઈબ્રાનનો પણ પરિચય કરાવ્યો. નિવેથા પેથુરાજની સગાઈ અને લગ્ન રદ થવાની અફવાઓ શા માટે ફેલાઈ છે?ખરેખર, નિવેથા પેથુરાજે તેના સગાઈના ફોટા ડિલીટ કર્યા છે. ઈન્સ્ટાગ્રામ પર તેના કોઈ ફોટા નથી. ધ હંસ ઈન્ડિયા અનુસાર, એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે નિવેથા અને તેના મંગેતર, રાજહિતે પણ એકબીજાને અનફોલો કર્યા અને ફોટા ડિલીટ કર્યા છે. જો કે, હજુ સુધી સ્પષ્ટ નથી કે ફોટા ખરેખર ડિલીટ કરવામાં આવ્યા હતા કે કોઈ ટેકનિકલ ખામી હતી.

રિપોર્ટમાં જણાવાયું છે કે નિવેથાના ચાહકો હવે તેની તૂટેલી સગાઈના સમાચારની તુલના ક્રિકેટર સ્મૃતિ મંધાના અને પલાશ મુચ્છલના તૂટેલા સગાઈ અને લગ્ન સાથે કરી રહ્યા છે. સ્મૃતિ અને પલાશે પણ તેમના સગાઈના ફોટા કાઢી નાખ્યા અને બાદમાં પુષ્ટિ આપી કે તેમના લગ્ન તૂટી ગયા છે. જોકે, નિવેથા આ બાબતે સંપૂર્ણપણે મૌન રહી છે અને કોઈ નિવેદન બહાર પાડ્યું નથી. દરમિયાન, ચાહકો આશ્ચર્ય પામી રહ્યા છે કે શું તે ટૂંક સમયમાં ફિલ્મોમાં પાછી ફરશે કે અંગત કારણોસર બીજો બ્રેક લેશે. હાલ માટે, નિવેથાના પ્રતિભાવની રાહ જોવાઈ રહી છે. જ્યાં સુધી તે આ વિશે કંઈ કહે નહીં ત્યાં સુધી આ મામલો વણઉકેલાયેલ રહેશે અને ચાહકો સોશિયલ મીડિયા પર અટકળો કરતા રહેશે.

# ૬ વર્ષ ડેટિંગ કર્યા પછી અર્જુન રામપાલે તેની ગર્લફ્રેન્ડ સાથે સગાઈ કરી

મુંબઇ,

અર્જુન રામપાલ હાલમાં 'ધૂરંધર' ફિલ્મની સફળતાને કારણે સમાચારમાં છે, જેમાં તેણે મેજર ઈકબાલની ભૂમિકા ભજવી હતી. ૫ ડિસેમ્બરે રિલીઝ થયેલી આ ફિલ્મે અત્યાર સુધીમાં બોક્સ ઓફિસ પર ?૨૯૨ કરોડની કમાણી કરી છે. અર્જુન રામપાલે તાજેતરમાં જ તેની લાંબા સમયની ગર્લફ્રેન્ડ સાથે સગાઈની પુષ્ટિ કરી હોવાનું માનવામાં આવે છે. તે છેલ્લા છ વર્ષથી ગેબ્રિએલા ડેમેટ્રિએડ્સને ડેટ કરી રહ્યો છે.રિયા ચક્રવર્તીએ તેના પોડકાસ્ટમાંથી એક વિડિઓ શેર કર્યો. તેમાં અર્જુન રામપાલ અને તેની ગર્લફ્રેન્ડ ગેબ્રિએલા ડેમેટ્રિએડ્સ હતા. બંનેએ તેમના પ્રેમ, લગ્ન અને બીજી ઘણી બાબતોની ચર્ચા કરી. વીડિયોમાં, ગેબ્રિએલા ડેમેટ્રિએડ્સ કહેતા સાંભળી શકાય છે, "અમે હજી લગ્ન કર્યા નથી, પણ કોણ જાણે છે." અર્જુન રામપાલે પછી ઉમેર્યું, "અમે સગાઈ કરી છે. અમે તમારા શોમાં આની જાહેરાત કરી રહ્યા છીએ."ગેબ્રિએલા ડેમેટ્રિએડ્સે એ પણ ખુલાસો કર્યો કે તેણીએ અર્જુનનો સંપર્ક કર્યો ન હતો કારણ કે તે ખૂબ જ હોટ છે અને તેણીને આશા હતી કે અર્જુન તેના વિશે આવી વાતો નહીં કહે.



# ગોવિંદા અને તેના ભૂતપૂર્વ પ્રેમિકા વચ્ચે અણબનાવનું કારણ કાશ્મીરા નહીં પણ કૃષ્ણા અભિષેક હતા

મુંબઇ,

બોલિવૂડ અભિનેતા ગોવિંદા અને પ્રખ્યાત હાસ્ય કલાકાર કૃષ્ણા અભિષેક વચ્ચે વર્ષોથી ચાલી આવતો કૌટુંબિક ઝઘડો કોઈ રહસ્ય નથી. જોકે, હવે બંને વચ્ચેના સંબંધોમાં સુધારો થયો છે. કૃષ્ણાએ તેના કાકાની ઘણી વખત માફી માંગી છે, અને ગોવિંદા અને સુનિતાએ પણ અનેક ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે તેમણે તેમના ભત્રીજાને માફ કરી દીધો છે. છતાં, તેઓ કોઈ શો કે ફિલ્મમાં સાથે દેખાયા નથી. ચિચી મામા અને કૃષ્ણાના દરેક ચાહક તેમને પડદા પર સાથે જોવા માંગે છે. આ ઈચ્છા ક્યારે પૂરી થશે તે તો સમય જ કહેશે. પરંતુ આજે, અમે તમને બંને પરિવારો વચ્ચેના ઝઘડા પાછળનું કારણ જણાવીશું. ઘણીવાર એવું કહેવામાં આવે છે કે કૃષ્ણા અભિષેકની પત્ની, કાશ્મીરા શાહ, ભાઈઓ વચ્ચે ઝઘડો કરાવતી હતી, પરંતુ ગોવિંદાએ પોતે એક પોડકાસ્ટમાં સાચું કારણ જાહેર કર્યું હતું.

ખરેખર, ગોવિંદા થોડા વર્ષો પહેલા મનીષ પોલના પોડકાસ્ટ પર દેખાયો હતો. ત્યાં, મનીષે ગોવિંદાને કહ્યું કે કૃષ્ણા તેની સામે શોમાં દેખાયા હતા અને માફી માંગી હતી. તે ઈચ્છતો હતો કે તેઓ તેમના મતભેદો ભૂલી જાય. મનીષની ટિપ્પણી પર, ગોવિંદાએ શાંતિથી કૃષ્ણ વિશેની તે બાબતો સમજાવી જેણે તેને નારાજ કરી હતી. ગોવિંદાએ સમજાવ્યું, "મારી બધી બહેનોમાં, તે (કૃષ્ણની માતા) મને સૌથી પ્રિય હતી." જ્યારે કૃષ્ણનો જન્મ થયો, ત્યારે હું તેને મારા ખભા પર વૈષ્ણોદેવી પાસે લઈ ગયો. તેને મળેલો પ્રેમ પરિવારના અન્ય કોઈ બાળક દ્વારા અજોડ હતો. પરંતુ હું માનું છું કે કૃષ્ણ, જે અભિનય કરે છે, અથવા લેખકો જે તેમના માટે લખે છે.



## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ખ | ર | બિ | ડો | ગ | કા | પ્રા | કા | ઊ | ક | ક્ષ | ર |
| જ્ઞા | સ | સા | બા | ત | ઐ | મા | ફ | ક | ર | જી | વિ |
| ણ | શ | ક્ષ | મ | ન | ળો | ણિ | ર | ર | સ | લા | બ |
| હા | મા | જ્ઞા | પ્ર | ઈ | કા | ક | કા | બ | જ | બા | ણ |
| ગં | રા | આ | દ | સા | ણે | ગ | ગં | રા | ઓ | બ | ણે |
| મ | ધ | સ | ભો | ભો | દ | ક | મ | બ | આ | કુ | વા |
| અ: | આ | ર | ણ | દ | લ | હિ | બ | ર | જ્ઞા | ક | બા |
| ર | લ | ઓ | તી | ભ | મા | રા | રી | બં | કા | કા | બ |
| ભા | ક્ષ | ક | દ | ઓ | મ | ઉ | ર | ભ | સ | મ | બા |
| દ | તી | લી | ક | ળ | ર | રો | ગ | રો | અ | ફ | દ |
| અ | ખ | ગ | ધ | ર | વિ | ક્ષ | સ | વિ | જ | ધ | બા |
| અ: | મા | પ્રા | ળ | કા | પ્ર | મા | દ | કા | લી | ળ | કી |

શબ્દ શોધો

પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

# ભાવનગરની ભાગોળે આકાર પામી આધુનિક જિલ્લા જેલ : ન્યુયરમાં થશે 'કેદીઅર્પણ'

## કેદીઓને રાખવાની ક્ષમતા બમણી થશે, બંદિવાનો માટે થિયેટરથી લઈ મોર્ડન કિચન અને મેડિટેશન હોલ સહિતની સુવિધાઓ; ૯૦ ટકા કામ પૂર્ણ, માર્ચ-૨૦૨૬માં તૈયાર થવાની સંભાવના





ભાવનગર,તા.૧૫

ભાવનગરમાં શહેર મધ્યે આવેલ જિલ્લા જેલને હવે ભાવનગરની ભાગોળે ખસેડવા પ્રક્રિયા થોડા મહિનાઓમાં જ તેજ બનશે. જિલ્લા જેલ માટે ભાવનગરના વરતેજમાં છેલ્લા કેટલાક વર્ષોથી તબક્કાવાર કામગીરી ચાલી રહી છે અને હવે બિલ્ડીગ પણ મોટાભાગે બની ગયું છે. સંભવ છે કે અંગ્રેજી નવા વર્ષમાં કેદીઓને આધુનિક જેલ મળી રહેશે. દરેક ક્ષેત્રે ગુજરાત વિકાસ કરી રહ્યું છે. ત્યારે કેદીઓને પણ વિકાસનો લાભ મળનાર છે, પ્રાપ્ત વિગતો મુજબ હાલમાં જિલ્લા જેલમાં કેદીઓને રાખવાની ક્ષમતા ૩૮૭ કેદીની છે જેની સામે નવી જેલમાં ક્ષમતા વધીને ૬૦૦થી વધુ રહેશે. વરતેજ ગામ નજીક જિલ્લા જેલ બનાવવામાં આવી રહી છે જેનું બિલ્ડીગ જોતા ભવ્ય કહી શકાય તેમ છે. વર્ષ ૨૦૧૮થી આ જિલ્લા જેલનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું, જે હવે પૂર્ણતાના આરે છે. ૪૦ એકર(૧૦૦ વીઘા) જમીનમાં ૯૦ કરોડના ખર્ચે બની રહેલી આ જેલનું હવે ૧૦ ટકા જ કામ બાકી રહ્યું છે. આગામી માર્ચ ૨૦૨૬ સુધીમાં જેલ તૈયાર થઈ જવાની શક્યતા છે.

શહેરના વરતેજ નજીક આવેલા ફરિયાદકા ગામ પાસે બની રહેલી વિવિધ સુવિધાસભર આ જિલ્લા જેલનું કામ કુલ ૪ ફેઝમાં વહેંચવામાં આવ્યું હતું. જેમાંથી ૩ ફેઝનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે અને ફેઝ-૪નું કામ પણ ૯૦ ટકા જેટલું પૂર્ણ થઈ ગયું છે.

પ્રાપ્ત માહિતી મુજબ ભાવનગર જિલ્લાની જૂની જેલ છે એ ૧૯૧૮માં બનાવેલી છે. હાલ ભાવનગરની જૂની જિલ્લા જેલની કેપેસિટી ૩૮૭ કેદીની છે, જેની સામે આજની તારીખે ૭૪૦ કેદીને રાખવામાં આવ્યા છે. સરકારના જે વિકાસશીલ કાર્યો છે તેમાં પણ જેલને પાછળ રાખવામાં આવેલ નથી. જેલને પણ સરકારના જે વિકાસના કામો છે એમાં જેલને પણ આવરી લેવામાં આવી છે. અને હવે નવી જેલમાં કેદીઓને રાખવાની ક્ષમતા બમણી થતા કેદીઓ ની બેરેકમાં ભીડભાડ નહિ રહે.!

### પુરુષ કેદીઓ માટે યાર્ડ અને ૩૦ બેરેક રહેશે

જેલમાં પુરૂષ કેદીઓ માટે ૫ યાર્ડ બનશે અને મહિલા કેદી માટે ૧ યાર્ડ બનશે. જેલ ક્ષમતા ૬૬૦ કેદીની રહેશે. જેમાં ૩૦ બેરેક હશે. જ્યારે ૧ બેરેકમાં ૨૦ કેદીને રાખી શકાશે. મહિલા કેદી માટે બનવવામાં આવેલા એક યાર્ડમાં ૨ બેરેક હશે, જેની કેપેસિટી ૪૦ની રહેશે. તેમજ ૨૦ કેદી માટે હાર્ડકોર બેરક બની રહી છે.

### 'કેદીઓને કોર્ટમાં રજૂ કરવા વીડિયો કોન્ફરન્સિગ હોલ'

આજના સમયમાં નવા કાયદાના સુધારા પ્રમાણે તમામ આરોપીઓને કોર્ટમાં વીસી મારફત રજૂ કરવામાં આવે છે, તે મુજબ આ જેલમાં પણ એ સિસ્ટમ ઉભી કરવામાં આવી છે. નવી જેલ બનાવવાની શરૂઆત વર્ષ ૨૦૧૮થી કરવામાં આવી હતી. પરંતુ ફેઝ વાઈઝ કામો મંજૂર થયા હોવાથી થોડું મોડું કામ થયું છે અને ફેઝ-૪ નું કામ અંતિમ તબક્કામાં છે. ટૂંક સમયમાં આ જેલ સરકાર હસ્તક જેલ હસ્તક સોંપવામાં આવશે.

### જેલ ફરતે ૫ ટાવર દ્વારા સુરક્ષા માટે વિશેષ આયોજન

નવી જેલના પરિસર ફરતે ૫ ટાવર બનવવામાં આવી રહ્યા છે અને જિલ્લા જેલના તમામ જગ્યાઓ સીસીટીવીથી સજ્જ કરવામાં આવશે. આ ઉપરાંત જિલ્લા જેલના કર્મચારી માટે ૯૪ ક્વાર્ટર પણ બનવવામાં આવી રહ્યા છે, સાથે હથિયાર ધારી ગાર્ડ માટે ૩ માળનું આધુનિક બિલ્ડીંગ બનાવાશે.

# ધોળા જંકશન બ્રિજ વિલંબનો મુદ્દો રાજ્યસભામાં ગાજયો

### સાંસદ શક્તિસિંહ ગોહિલે ઝડપી કામગીરી પૂર્ણ કરવા રજૂઆત કરી









ભાવનગર,તા ૧૫

ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના ધોળા જંકશન ખાતે રેલવે ઓવરબ્રિજના નિર્માણ કાર્યમાં વિલંબનો મુદ્દો રાજ્યસભામાં ઉઠાવવામાં આવ્યો છે. રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલે આ મામલે ઝડપી કાર્યવાહીની માંગ કરી છે.

ધોળા જંકશન ખાતે બાયપાસ રોડ નિર્માણ કાર્યના ભાગરૂપે આ ઓવરબ્રિજ બનાવવામાં આવી રહ્યો છે. જોકે, છેલ્લા પાંચ વર્ષથી વધુ સમયથી તેનું કામ અત્યંત ધીમી ગતિએ ચાલી રહ્યું છે, જેના કારણે સ્થાનિકોને હાલાકી ભોગવવી પડી રહી છે.

ઉમરાળા તાલુકાના લીમડા હનુભાના ગામના વતની એવા સાંસદ શક્તિસિંહ ગોહિલે સંસદમાં આ મુદ્દો ઉઠાવી, ઓવરબ્રિજનું કામ તાત્કાલિક પૂર્ણ કરવા માટે સંબંધિત વિભાગોને રજૂઆત કરી હતી.

# બે બાઈકનો અકસ્માત થતા ત્રણ લોકોને ઈજા

### ચીકુ તલાવડી નજીકનો બનાવ, ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા



તસવીર : ધવલ વાજા



ભાવનગર,તા.૧૫

ભાવનગર શહેરના ઘોઘારોડ પર આવેલ ચકુ તલાવડી વિસ્તારમાં બે બાઈક સામસામે અથડાતા ત્રણ લોકોને ઈજા થાયે જેને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયેલ. અકસ્માતનો બનાવ બનતા ઘટના સ્થળે લોકોના ટોળા એકાંઠે થઈ ગયેલ બનાવ અંગે પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

બનાવ અંગેની મળતી માહિતી અનુસાર ભાવનગર શહેરના ચકુ તલાવડી વિસ્તારમાં બે બાઈકનો અકસ્માત સર્જાયો હતો જેમાં તરસમિયા વિસ્તારમાં રહેતા સુરેશભાઈ વશરામભાઈ ચૌહાણ અને હંસાબેન સુરેશભાઈ ચૌહાણ તેમજ સામે બાઈક વાળા મયુરભાઈ મનજીભાઈને ઈજા થતા ત્રણેયને તાત્કાલિક સારવાર માટે ભાવનગરની સરટી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા, બનાવના પગલે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા બનાવને લઈ પોલીસ દ્વારા ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# દેસાઈ સઈ સુતાર જ્ઞાતિના તેજસ્વી તારલાઓનો સન્માન કાર્યક્રમ યોજાશે

ભાવનગર તા.૧૫

દેસાઈ સઈ સુતાર જ્ઞાતિ ભાવનગર દ્વારા જ્ઞાતિ સભાસદના વિધાર્થી બાળકોને સન્માનિત કરવા માટે ઈનામ વિતરણ કાર્યક્રમ તા. ૨૧/૧૨ ને રવિવારે બપોરે ૪.૦૦ કલાકે સારથિ વિદ્યાસંકુલ, સિલ્વર બેલ્સ સ્કૂલ પાછળ, ભગવતી સર્કલ, કાળીયાબીડ, ભાવનગર ખાતે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં સ્વામી રામચંદ્રદાસજી મહારાજ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે. દરજી સમાજના તમામ અગ્રણી ડોક્ટર વકીલ તથા દરજી સમાજના ભાઈઓ બહેનોને પધારવા હાર્દિક આમંત્રણ છે. દરજી સમાજના દાતાઓ તરફથી વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવશે. વિદ્યાર્થીઓએ ઇનામ વિતરણ ફોર્મની પહોંચ સાથે લાવવા અનુરોધ કરાયો છે.

# ઉમરાળા લોકઅદાલતમાં ૭૫થી વધુ કેસોનો નિકાલ

ઉમરાળા,તા.૧૫

ઉમરાળા તાલુકા કાનુની સેવા સત્તા મંડળના સહયોગથી કોર્ટ દ્વારા પ્રિન્સિપાલ સિવિલ કોર્ટ ઉમરાળા જસ્ટિજ વાય.કે.ખાંટ અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય લોક અદાલત યોજાઈ તેમાં અંદાજે કુલ ૫૫થી વધારે ક્રિમીનલ કેસોનો નિકાલ કરાયો ઢસા અને ધોળા PGVCLના પ્રી લીટીગેશનના કુલ ૧૯ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો.

# સરદાર પટેલના ૭૫માં નિર્વાણ દિને સાંજે સરદારબાગ ખાતે વિવિધ કાર્યક્રમો

ભાવનગર તા.૧૫




લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલના ૭૫માં નિર્વાણ દિને ૧૫મી ડીસેમ્બર સોમવારના, સાંજના પાંચ કલાકે સરદાર યુવા મંડળ - ભાવનગર દ્વારા શહેરના સરદાર બાગ (પીલગાર્ડન) ખાતે સરદાર સાહેબના પ્રતિમાની સામે વિવિધ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાંમાં વિનામૂલ્યે બેતાળા ચશ્મા કેમ્પમાં નંબર ચકાસી ચશ્મા આપવામાં આવશે, સુલેખન સ્પર્ધા, ટપાલ લેખન સ્પર્ધા, આ ઉપરાંત સર્વે આગેવાનોની હાજરીમાં સરદાર સાહેબને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે.

આમ વિવિધ કાર્યક્રમો દ્વારા સરદાર યુવા મંડળ ભાવનગર સરદાર સાહેબને શ્રદ્ધાંજલિ આપશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ ભરત મોણપરા તથા અન્ય સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

અનુ.પાના ૮નું શરૂ...

### ડેટિંગ એપના માધ્યમથી સાયબર

સમયે તેમણે વધુ રોકાણ કરતા કુલ રૂ.૧૭,૦૦,૦૪૭ લાખ જેટલી મોટી રકમ ગોલ્ડ ટ્રેડિંગમાં મૂકી દીધી હતી. જ્યારે નફાની રકમ ઉપાડવાની કોશિશ કરી ત્યારે સાઈટ દ્વારા નફા સહિતની કુલ રકમ પર ૧૦ ટકા કરન્સી કન્વર્ઝન ફી ભરવાની માગણી કરવામાં આવી હતી. આ તબક્કે શંકા જાગતા નિલેશભાઈએ વધુ કોઈ ટ્રાન્જેક્શન ન કરતા સમગ્ર મામલો સાયબર ફ્રોડ હોવાનું સમજી ભાવનગર સાયબર ક્રાઈમ વિભાગમાં ફરિયાદ નોંધાવી હતી. ડેટિંગ એપના આડમાં વિશ્વાસ બાંધીને થતી આ પ્રકારની સાયબર છેતરપિંડી સામે આવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

# ઈંગ્લીશ દારૂના ચપટા સાથે શખ્સ ઝડપાયો

ભાવનગર,તા.૧૫

પાલીતાણા ટાઉન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગ હતો ત્યારે ચબુતરા ચોક પાસેથી નિકળેલ દિપક રાજુભાઈ વાઘેલા (રહે. દરબારગઢ) વાળાની તલાશી લેતા તેની પાસેથી ઈંગ્લીંશ દારૂની સીલ પેક ૧૮૦ એમએલની બોટલ કિ.રૂા.૧૦૦ મળી આવતા તેની અટકાયત કરી પ્રોહી એક્ટ હેઠળ ગુનો નોધી ધોરણસર કાર્યવાહી હાથ ધરાઈ છે.

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**શ્રી લક્ષ્મીબેન છગનભાઈ ધામેલીયા, મુ. શામપરા (સી), તા.જી.ભાવનગર** — **અરજી નં.૧૯૪/૨૦૨૫, જન્મ તા.૦૪/૦૭/૧૯૮૧**

**વિરૂદ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.શામપરા(સીદસર), તા.જિ.ભાવનગર.**

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી લક્ષ્મીબેન છગનભાઈ ધામેલીયા રહે.શામપરા (સી), તા.જી.ભાવનગર એ પોતાના પુત્રી સુશ્રી શિલ્પાબેન છગનભાઈ ધામેલીયાનો જન્મ તા.૦૪/૦૭/૧૯૮૧ ના રોજ શામપરા(સીદસર) મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના અરજદારશ્રીએ આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલ મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમિયાન રજૂ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજરોજ તા.૧૨-૧૨-૨૦૨૫ના રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**

### તા.૧૬, ૧૭ અને ૧૮ ડિસેમ્બરના રોજ ૨૨ સ્થળોએ તાલુકા અને ઝોન કક્ષાની સ્પર્ધાઓ, ૧૫ જેટલી વિવિધ રમતોનું આયોજન

# સાંસદ ખેલ મહોત્સવને બહોળો પ્રતિસાદ, ૧.૭૮ લાખથી વધુ ખેલાડીઓએ કરાવ્યું રજીસ્ટ્રેશન

### સાંસદ ખેલ મહોત્સવ થકી યુવા પ્રતિભાને યોગ્ય પ્લેટફોર્મ મળ્યું: કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયા

ભાવનગર,તા.૧૫

ભાવનગર ખાતે કેન્દ્રીય રાજયમંત્રી નિમુબેન બાંભણીયાના અધ્યક્ષસ્થાને ભાવનગર-બોટાદ લોકસભા ક્ષેત્રમાં આયોજિત, સાંસદ ખેલ મહોત્સવને અનુલક્ષીને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી.

આ પ્રસંગે કેન્દ્રીય રાજયમંત્રી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૂરદર્શી વિઝન અને કેન્દ્રીય રમત-ગમત મંત્રી મનસુખભાઈ માંડવીયાના માર્ગદર્શન હેઠળ સાંસદ ખેલ મહોત્સવ? સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ ખેલ મહોત્સવ થકી શહેર, જિલ્લા અને અંતરિયાળ વિસ્તારના યુવાઓની પ્રતિભાને યોગ્ય પ્લેટફોર્મ મળી રહ્યું છે.

ભાવનગર સાંસદ ખેલ મહોત્સવનની વાત કરતાં તેમણે કહ્યું કે, સાંસદ ખેલ મહોત્સવમાં ખેલાડીઓનો અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડી રહ્યો છે. આ સ્પર્ધા માટે ૧,૭૮,૪૪૦ જેટલાં ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. ભાવનગરમાં સાંસદ ખેલ મહોત્સવની શરૂઆત દિવ્યાંગ ખેલાડીઓની રમત સાથે કરવામાં આવી હતી. જે એક અનોખી પહેલ છે. અંદાજે ૪૦૦ કરતાં પણ વધુ દિવ્યાંગ ખેલાડીઓ ગોળા ફેંક સહિતની વિવિધ રમતોમાં સહભાગી થયાં હતા.

તેમણે ઉમેર્યું કે, તા. ૧૬, ૧૭ અને ૧૮ ડિસેમ્બરના રોજ તાલુકા અને ઝોન કક્ષાની વિવિધ સ્પર્ધાઓનું આયોજન થશે, જેમાં ભાવનગર શહેરના-૧૩ ઝોન, ભાવનગર ગ્રામ્યના-૦૭ તાલુકા અને બોટાદ શહેરના-૦૨ તાલુકા મળી કુલ-૨૨ સ્થળો ઉપર તાલુકા અને ઝોન કક્ષાની સ્પર્ધાઓ યોજાશે. જેમાં એથ્લેટિક્સ અને મનોરંજન સહિત ૧૫ રમતો રમાનાર છે, એથ્લેટિક્સ કેટેગરીમાં ૧૦૦ મીટર દોડની સાથે લાંબી કુદ જેવી વિવિધ પણ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૪ વર્ષથી નીચેના, ૧૫ થી ૨૦ વર્ષ સુધીના, ૨૧ થી ૩૫ વર્ષ સુધીના, ૩૬ થી ૫૦ વર્ષ સુધીના તેમજ ૫૧ વર્ષથી ઉપર વય જુથના ખેલાડી ભાઈઓ-બહેનો ભાગ લેશે. આમ?, આ રમત પાંચ વય જૂથમાં યોજાશે. વિજેતા થયેલા ખેલાડીઓ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ તા. ૨૨ અને ૨૩ ડિસેમ્બરના રોજ સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્ષ સિદસર, ભાવનગર ખાતે યોજાશે.



### સાંસદ ખેલ મહોત્સવની ૨૫મીએ થશે પૂર્ણાહુતિ

સાંસદ ખેલ મહોત્સવની પૂર્ણાહુતિની વાત કરતાં કેન્દ્રીય મંત્રી નિમુબેને કહ્યું કે, સાંસદ ખેલ મહોત્સવની પૂર્ણાહુતિ તા.૨૫ ડિસેમ્બરના રોજ થશે, ભાવનગરમાં આ કાર્યક્રમનું આયોજન સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ સિદસર ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં જિલ્લા કક્ષાએ વિજેતા થનાર દરેક ખેલાડીને મેડલ, વિજેતા પ્રમાણપત્ર અને ટીશર્ટ કેપ તેમજ દરેક ભાગ લેનાર ખેલાડીને પ્રમાણપત્ર અને ટીશર્ટ કેપ આપીને સન્માનિત કરવામાં આવશે.

**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

**વિવિધ એન્જીનિયરીંગ કામ**

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ૨૩૧-૨૦૨૫-૨૬ | ભાવનગર વર્કશોપની ફાઈનલ ઈન્સપેક્શન શોપ પીટ લાઈનનું ઝીરો લેવલિંગ કરવાનું કામ. | ૮૯,૮૧,૬૬૧.૦૬ | ૧,૭૯,૬૦૦.૦૦ |
| ૦૨ | ૨૩૨-૨૦૨૫-૨૬ | કાનાલૂસ - પોરબંદર સેક્શન :- CRO નિવારણ માટે ૯૪૯/૦ થી ૯૫૨/૦ (૬૦૦૦ RM) સુધી W-Beam ફેન્સીંગની જોગવાઈ કરવાનું કામ. | ૨,૩૯,૬૦,૩૫૬.૫૬ | ૨,૬૯,૮૦૦.૦૦ |
| ૦૩ | ૨૩૩-૨૦૨૫-૨૬ | ભાવનગર ડિવિઝન : DEN-W ભાવનગર પરાના અધિકારક્ષેત્રમાં વિવિધ LC (૨૯ નંગ LC) ખાતે ફેન્સીંગની જોગવાઈ કરવાનું કામ. | ૧,૬૬,૮૯,૭૪૮.૪૬ | ૨,૩૩,૫૦૦.૦૦ |
| ૦૪ | ૨૩૪-૨૦૨૫-૨૬ | ગ્રુપ કામ :- (૧) વેરાવળ - બદલીકરણ ખાતે ટાઈપ-II ક્વાર્ટર્સના ૧૮ યુનિટની જોગવાઈ. (૨) વેરાવળ - બદલીકરણ ખાતે ટાઈપ-II ક્વાર્ટર્સના ૧૦ યુનિટની જોગવાઈ. | ૭,૪૨,૫૦,૮૦૨.૦૬ | ૫,૨૧,૩૦૦.૦૦ |
| ૦૫ | ૨૩૫-૨૦૨૫-૨૬ | જૂનાગઢ :- જૂનાગઢ ખાતે કોલોનીઝ અને સ્ટેશનની આસપાસ અતિક્રમણના નિવારણ માટે (કુલ ૧.૮૮૧ કિ.મી.) બાઉન્ડરી દિવાલનું બાંધકામ કરવાનું કામ. | ૨,૭૬,૦૧,૮૦૨.૭૬ | ૨,૮૮,૦૦૦.૦૦ |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે :- બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** ૨૨-૧૨-૨૦૨૫ **અને બિડિંગ બંધ થવાની તારીખ:** ૦૫-૦૧-૨૦૨૬
**વેબસાઈટ વિગત:** www.ireps.gov.in

BVP-221

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# યુધ્ધ વિરામ નહી, કંબોડિયા પર હુમલા ચાલુ રહેશે થાઈલેન્ડે વધુ એક વખત ટમ્પના દાવાઓનું ખંડન કર્યું

### થાઈ સેનાએ ૨ એફ-૧૬ ફાઈટર જેટથી ૭ બોમ્બ ફેંક્યા. થાઈ સેનાએ હજુ સુધી બોમ્બમારો બંધ કર્યો નથી અને ચાલુ છેઃ થાઈલેન્ડ પીછેહઠ કરવા તૈયાર નથી

બેંગકોક,

થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે સરહદી લડાઈ ઓછી થવાના કોઈ સંકેત દેખાતા નથી. થાઈલેન્ડના વડા પ્રધાન અનુતિન ચાર્નવિરાકુલે શનિવારે સવારે ફેસબુક પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે તેમના દેશની સેના કંબોડિયા સામે લશ્કરી કાર્યવાહી ચાલુ રાખશે. તેમણે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના દાવાને સ્પષ્ટપણે નકારી કાઢ્યો હતો કે બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ પર સંમતિ થઈ ગઈ છે.

અનુતિને તેમની ફેસબુક પોસ્ટમાં લખ્યું હતું કે, "થાઈલેન્ડ જ્યાં સુધી અમને અમારી જમીન અને લોકો માટે કોઈ ખતરો ન લાગે ત્યાં સુધી લશ્કરી કાર્યવાહી ચાલુ રાખશે. હું આ સ્પષ્ટ કરવા માંગુ છું. આજે સવારે અમારી કાર્યવાહી પોતે જ બોલે છે."

અનુતિનના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે થાઈલેન્ડ પીછેહઠ કરવા તૈયાર નથી. કંબોડિયાએ એવો પણ આરોપ લગાવ્યો છે કે ટ્રમ્પની જાહેરાત છતાં થાઈ સેનાના હુમલા ચાલુ છે. અલ જઝીરાના અહેવાલ મુજબ, કંબોડિયાના અધિકારીઓએ જણાવ્યું હતું કે યુદ્ધવિરામની જાહેરાતના થોડા કલાકો પછી જ થાઈ સેનાએ હવાઈ અને જમીની હુમલા શરૂ કર્યા હતા. કંબોડિયાના સંરક્ષણ મંત્રાલયે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું, "૧૩ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ, થાઈ સેનાએ ૨



એફ-૧૬ ફાઈટર જેટથી ૭ બોમ્બ ફેંક્યા. થાઈ સેનાએ હજુ સુધી બોમ્બમારો બંધ કર્યો નથી અને ચાલુ છે." તેમણે કહ્યું કે સ્થાનિક સમય મુજબ સવારે ૮ વાગ્યા સુધી ગામડાઓ અને વસાહતો પર હુમલા થઈ રહ્યા હતા.

સ્થાનિક કંબોડિયન અખબાર, ખ્મેર ટાઈમ્સે માહિતી મંત્રાલયના હવાલાથી જણાવ્યું હતું કે થાઈ સરહદ નજીક પ્રસાટ પ્રાંતના થમોર દા વિસ્તારમાં બે હોટલને નિશાન બનાવવામાં આવી હતી. અખબારે હુમલાના સ્થળોના ફોટોગ્રાફસ પણ પ્રકાશિત કર્યા હતા, જેમાં હોટલ અને કેસિનો ઈમારતોને ભારે નુકસાન થયું હતું. એક અલગ ઘટનામાં, થાઈ નૌકાદળે કંબોડિયાના કોહ કોંગ પ્રાંતમાં ઉતરેલા જહાજમાંથી તોપખાનાના ગોળા છોડ્યા હતા.

અલ જઝીરા અનુસાર, ગોળાથી હોટલ અને બીચ વિસ્તારોને નુકસાન થયું હતું. કંબોડિયન અધિકારીઓએ આ તાજેતરના હુમલાઓમાં કોઈના મૃત્યુ કે ઈજાના અહેવાલ આપ્યા નથી. છેલ્લા અઠવાડિયાથી લડાઈ ચાલી રહી છે.

ઓક્ટોબરમાં ટ્રમ્પ દ્વારા મધ્યસ્થી કરાયેલ શાંતિ કરાર આ અઠવાડિયે તૂટી પડ્યો, જેમાં બંને દેશોમાં ઓછામાં ઓછા ૨૦ લોકો માર્યા ગયા અને લગભગ ૨૦૦ ઘાયલ થયા. અલ જઝીરાના અહેવાલ મુજબ, ૮૦૦ કિલોમીટર લાંબી થાઈલેન્ડ-કંબોડિયા સરહદ પર આશરે ૬૦૦,૦૦૦ લોકો વિસ્થાપિત થયા છે. આ વિવાદનું મુખ્ય કેન્દ્ર સદીઓ જૂના મંદિરો છે, જેના પર બંને દેશો માલિકીનો દાવો કરે છે. ટ્રમ્પે શુક્રવારે રાત્રે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર પોસ્ટ કરી, જેમાં બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ કરાવ્યો હોવાનો દાવો કર્યો.

# સીરિયામાં આઈએસઆઈએસ દ્વારા યુએસ બેઝ પર હુમલો, ૨ યુએસ સૈનિકો સહિત ૩ ના મોત, અનેક લોકો ઘાયલ

વોશિંગ્ટન,

સીરિયાએ યુએસ બેઝ પર હુમલો કર્યો. શનિવારે મધ્ય સીરિયન પ્રદેશ પાલમિરામાં એકલા ઈસ્લામિક સ્ટેટના બંદૂકધારીએ યુએસ-સીરિયન સુરક્ષા પેટ્રોલ પર હુમલો કર્યો. હુમલામાં બે યુએસ સૈનિકો અને એક અમેરિકન નાગરિક (અનુવાદક) માર્યા ગયા. ત્રણ અન્ય યુએસ સૈનિકો ઘાયલ થયા, પરંતુ તેમની સ્થિતિ સ્થિર છે.

રાષ્ટ્રપતિ બશર અલ-અસદના પતન પછી, સીરિયામાં યુએસ સૈનિકો પરનો આ હુમલો રાષ્ટ્રપતિ બશર અલ-અસદના પતન પછી, જાન-માલનું નુકસાન થયું હોય તેવો પહેલો હુમલો છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે મૃતકોના પરિવારો પ્રત્યે આદર અને સંરક્ષણ વિભાગની નીતિ અનુસાર, સૈનિકોની ઓળખ તેમના પરિવારોને જાણ થયાના ૨૪ કલાક સુધી ગુપ્ત રાખવામાં આવશે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, "અમે સીરિયામાં ત્રણ મહાન અમેરિકન દેશભક્તોના મૃત્યુ પર શોક વ્યક્ત કરીએ છીએઃ બે સૈનિકો અને એક નાગરિક દુભાષિયા. તેવી જ રીતે, અમે ત્રણ ઘાયલ સૈનિકો માટે પ્રાર્થના કરીએ છીએ, જેમના સ્વસ્થ હોવાની પુષ્ટિ થઈ છે. આ સીરિયામાં આઈએસઆઈએસ દ્વારા યુનાઈટેડ સ્ટેટ્સ પર હુમલો હતો, સીરિયાના ખૂબ જ ખતરનાક ભાગમાં જે સંપૂર્ણપણે તેમના નિયંત્રણ હેઠળ નથી. સીરિયાના રાષ્ટ્રપતિ અહેમદ અલ-શારા આ હુમલાથી ખૂબ ગુસ્સે અને વ્યથિત છે. ખૂબ જ ગંભીર બદલો લેવાની જરૂર પડશે."

યુએસ સંરક્ષણ સચિવ પીટ હેગસેથે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું, "આ જાણોઃ જો તમે વિશ્વમાં ગમે ત્યાં અમેરિકનોને નિશાન બનાવશો, તો તમે તમારા બાકીના ટૂંકા, ચિંતાતુર જીવનને એ જાણીને વિતાવશો કે અમેરિકા તમને શોધી કાઢશે, તમને શોધી કાઢશે અને નિર્દયતાથી મારી નાખશે.ગોળીબાર ઐતિહાસિક પાલમિરા નજીક થયો હતો, જેણે અગાઉ કહ્યું હતું કે બે સીરિયન સુરક્ષા દળના સભ્યો અને ઘણા યુએસ સૈનિકો ઘાયલ થયા છે. ઘાયલોને હેલિકોપ્ટર દ્વારા ઈરાક અને જોર્ડનની સરહદ નજીક સ્થિત અલ-તાન્ફ કેમ્પમાં લઈ જવામાં આવ્યા હતા.એસએએનએએ અહેવાલ આપ્યો છે કે હુમલાખોર માર્યો ગયો છે,

# યુક્રેને ૨૪ કલાકની અંદર રશિયાના સારાટોવ પર ડ્રોન હુમલો કર્યો,બે લોકો માર્યા ગયા

### રશિયાના સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે રાત્રે રશિયન પ્રદેશ પર ૪૧ યુક્રેનિયન ડ્રોનને તોડી પાડવામાં આવ્યા હતા

મોસ્કો,

યુક્રેને તેના ઓડેસા બંદર પર તુર્કી જહાજ પર રશિયાના બેલિસ્ટિક મિસાઈલ હુમલા માટે રશિયા સામે બદલો લીધો છે. યુક્રેને માત્ર ૨૪ કલાકની અંદર રશિયા સામે બદલો લીધો છે. રશિયાના દક્ષિણપશ્ચિમ સારાટોવ પ્રદેશમાં યુક્રેનના કેટલાક ભાગોમાં ઓછામાં ઓછા બે લોકો માર્યા ગયા અને વીજળી કાપી નાખવામાં આવી, સ્થાનિક અધિકારીઓએ શનિવારે અહેવાલ આપ્યો, કારણ કે યુદ્ધનો અંત લાવવા માટે યુએસની આગેવાની હેઠળની શાંતિ વાટાઘાટો પૂરજોશમાં ચાલી રહી છે. સારાટોવ પ્રદેશના ગવર્નર રોમન બુસાર્ગિને જણાવ્યું હતું કે ડ્રોન હુમલાથી એક રહેણાંક મકાનને નુકસાન થયું હતું અને એક કિન્ડરગાર્ટન અને ક્લિનિકની ઘણી બારીઓ તૂટી ગઈ હતી.

રશિયાના સંરક્ષણ મંત્રાલયે પણ કહ્યું હતું કે રાત્રે રશિયન પ્રદેશ પર ૪૧ યુક્રેનિયન ડ્રોનને તોડી પાડવામાં આવ્યા હતા. યુક્રેનના પ્રાદેશિક વડા, ઓલેક્ઝાન્ડર પ્રોકુડિને જણાવ્યું હતું કે રશિયન હુમલાઓથી ઉર્જા માળખાને નુકસાન થવાને કારણે ખેરસન પ્રદેશના કેટલાક ભાગો શનિવારે વીજળી વિના હતા. કિવ અને તેના પશ્ચિમી સાથીઓ કહે છે કે રશિયા યુક્રેનિયન પાવર ગ્રીડને સંપૂર્ણપણે લકવાગ્રસ્ત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે, નાગરિકોને સતત ચોથા શિયાળા માટે ગરમી, વીજળી અને પાણીથી વંચિત રાખે છે. યુક્રેનિયન અધિકારીઓએ કહ્યું કે રશિયાએ તેને શિયાળાનું "શસ્ત્ર" બનાવ્યું છે.

તાજેતરના હુમલાઓ ત્યારે થયા જ્યારે ક્રેમલિનના સલાહકાર યુરી ઉષાકોવે કહ્યું હતું કે જો શાંતિ કરાર થાય અને રશિયાનું લગભગ ચાર વર્ષ જૂનું યુક્રેન યુદ્ધ સમાપ્ત થાય, તો પણ રશિયન પોલીસ અને નેશનલ ગાર્ડ ઉદ્યોગ-સમૃદ્ધ પ્રદેશ પર નજર રાખવા માટે પૂર્વી યુક્રેનના ડોનબાસમાં તૈનાત રહેશે. આ યુદ્ધ પછી પણ ડોનબાસમાં હાજરી જાળવી રાખવાની મોસ્કોની મહત્વાકાંક્ષાને રેખાંકિત કરે છે.યુએસ પ્રમુખ ટ્રમ્પ રશિયા અને યુક્રેન વચ્ચે મધ્યસ્થી કરી રહ્યા છે. જો કે, જો યુએસની આગેવાની હેઠળની વાટાઘાટો લંબાય તો યુક્રેન આવી શરતને નકારી શકે છે. રશિયન વ્યાપાર દૈનિક કોમર્સન્ટમાં પ્રકાશિત ટિપ્પણીઓમાં ઉષાકોવે જણાવ્યું હતું કે જો યુક્રેનિયન દળો ફ્રન્ટ લાઈન્સમાંથી પાછા હટી જાય તો જ મોસ્કો યુદ્ધવિરામને મંજૂરી આપશે. દરમિયાન, જર્મનીએ કહ્યું છે કે તે સોમવારે યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીનું આયોજન કરશે. શાંતિ પ્રયાસો વેગ પકડશે અને યુરોપિયન નેતાઓ વાટાઘાટોને આગળ ધપાવવાનો પ્રયાસ કરશે ત્યારે આ બેઠક યોજાશે.

# સીબીઆઈએ ૧,૦૦૦ કરોડના સાયબર ક્રાઈમ રેકેટ મામલે ૪ ચીની આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી : ૧૧૧ શેલ કંપનીઓનો પર્દાફાશ

નવી દિલ્હી,

તપાસ એજન્સી સીબીઆઈએ ચાર ચીની નાગરિકો સહિત ૧૭ લોકો અને ૫૮ કંપનીઓ વિરુદ્ધ આરોપપત્ર દાખલ કર્યું છે, તેઓ શેલ એન્ટિટી અને ડિજિટલ કૌભાંડોના વિશાળ નેટવર્ક દ્વારા ?૧,૦૦૦ કરોડથી વધુની રકમ એક ટ્રાન્સનેશનલ સાયબર ફ્રોડ નેટવર્કમાં કથિત ભૂમિકા ભજવી રહ્યા છે.

ઓક્ટોબરમાં આ રેકેટનો પર્દાફાશ કર્યા પછી, તપાસકર્તાઓએ એક સિંગલ, ચુસ્ત રીતે સંકલિત સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો હતો જે વિવિધ પ્રકારની છેતરપિંડી ચલાવવા માટે વિસ્તૃત ડિજિટલ અને નાણાકીય માળખા પર આધાર રાખતો હતો. આમાં ભ્રામક લોન અરજીઓ, નકલી રોકાણ યોજનાઓ, પોન્ઝી અને મલ્ટી-લેવલ માર્કેટિંગ મોડેલો, બોગસ પાર્ટ-ટાઈમ જોબ ઓફર અને છેતરપિંડીભર્યા ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મનો સમાવેશ થાય છે.

તપાસ એજન્સીના અંતિમ અહેવાલ મુજબ, આ જૂથે ૧૧૧ શેલ કંપનીઓ દ્વારા ગેરકાયદેસર ભંડોળના પ્રવાહને સ્તરબદ્ધ કર્યો હતો, જેમાં ખચ્ચર ખાતાઓ દ્વારા લગભગ ?૧,૦૦૦ કરોડ રૂપિયા મોકલવામાં આવ્યા હતા. એક ખાતાને ટૂંકા ગાળામાં ?૧૫૨ કરોડથી વધુ રકમ મળી હતી.

સીબીઆઈએ જણાવ્યું હતું કે, શેલ કંપનીઓ ડમી ડિરેક્ટરો, બનાવટી અથવા ગેરમાર્ગે દોરતા દસ્તાવેજો, નકલી સરનામાં અને વ્યવસાયિક ઉદ્દેશ્યોના ખોટા નિવેદનોનો ઉપયોગ કરીને બનાવવામાં આવી હતી.

"આ શેલ એન્ટિટીનો ઉપયોગ વિવિધ પેમેન્ટ ગેટવે સાથે બેંક ખાતાઓ અને વેપારી ખાતાઓ ખોલવા માટે કરવામાં આવતો હતો, જેનાથી ગુનામાંથી મળેલી રકમનું ઝડપી સ્તરીકરણ અને ડાયવર્ઝન શક્ય બન્યું હતું," ઝ્રમ્ૈં પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

તપાસકર્તાઓએ કૌભાંડની ઉત્પત્તિ ૨૦૨૦ માં શોધી કાઢી હતી, જ્યારે દેશ COVID-19 રોગચાળાનો સામનો કરી રહ્યો હતો. શેલ કંપનીઓ કથિત રીતે ચાર ચીની હેન્ડલર ઝૌ યી, હુઆન લિયુ, વેઈજિયન લિયુ અને ગુઆનહુઆ વાંગના નિર્દેશન પર બનાવવામાં આવી હતી.

તેમના ભારતીય સહયોગીઓએ શંકાસ્પદ વ્યક્તિઓ પાસેથી ઓળખ દસ્તાવેજો મેળવ્યા હતા, જેનો ઉપયોગ પછી કૌભાંડોમાંથી મળેલી રકમને લોન્ડરિંગ કરવા અને નાણાંના ટ્રેલને છુપાવવા માટે શેલ કંપનીઓ અને ખચ્ચર ખાતાઓનું નેટવર્ક સ્થાપિત કરવા માટે કરવામાં આવતો હતો.

# ૨૦૧૭ પહેલા યુપીમાં વીજળી નહોતી કારણ કે અંધારામાં લૂંટફાટ થતી હતીઃ મુખ્યમંત્રી યોગી

લખનૌ,

૨૦૨૭ માં ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. આને ધ્યાનમાં રાખીને, શાસક ભારતીય જનતા પાર્ટી ચૂંટણી મોડમાં પ્રવેશી ગઈ છે. દરમિયાન, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વિપક્ષ પર આકરો પ્રહાર શરૂ કર્યો છે. રાજ્યની વીજળી વ્યવસ્થા પર ટિપ્પણી કરતા સીએમ યોગીએ કહ્યું કે ૨૦૧૭ પહેલા ઉત્તર પ્રદેશમાં વીજળી નહોતી કારણ કે ૨૦૧૭ પહેલાની સરકારો અંધારામાં રહેવા માંગતી હતી, કારણ કે લૂંટ અંધારામાં થાય છે.મતદાર યાદીના ચાલી રહેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન અભિયાન અંગે મુખ્યમંત્રીએ કહ્યું, "એસઆઈઆર ચાલી રહ્યું છે. તમે કહેશો કે ૯૮ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે, પરંતુ આ સત્ય નથી."



કાર્યકરોને સંબોધતા તેમણે કહ્યું કે દરેક બૂથ ૨૦૦-૨૫૦ ઘરોને આવરી લેશે. તમારું કામ જૈંઈ પ્રક્રિયા યોગ્ય રીતે થાય તે સુનિશ્ચિત કરવાનું છે. વિપક્ષે કેટલાક બાંગ્લાદેશીઓના નામ ભર્યા છે. એક જગ્યાએ, મેં જોયું કે પુત્ર ૨૦ વર્ષનો, પિતા ૩૦ વર્ષનો અને દાદા ૪૦ વર્ષનો હતો. તમારે આ બધાની તપાસ કરવી જોઈએ. નકલી નામો સામે વાંધો ઉઠાવવો જોઈએ. મતદાર યાદીમાં જે નામો છોડી દેવામાં આવ્યા છે તેમને મતદાર યાદીમાં સામેલ કરો."

મુખ્યમંત્રીએ કહ્યું કે ઉત્તર પ્રદેશની વસ્તી ૨૫૦ મિલિયન છે. મતદારો ૬૪% હોવા જોઈએ. ૪૦ મિલિયન મતદારો હજુ પણ ઓછા છે. હાલમાં, ૧૨૦ મિલિયન મતદારો છે. ૪૦ મિલિયન મતદારો ગુમ છે, તેમાંથી મોટાભાગના તમારા મતદારો છે. ચૂંટણી મતદાન મથક પર લડવામાં આવે છે. સંભલમાં મતદારોએ આસામી સરનામાં સાથે નોંધણી કરાવી છે.ઉત્તર પ્રદેશ ભાજપ પ્રમુખ બનેલા પંકજ ચૌધરીએ કહ્યું, "અમારી પાર્ટીમાં ન તો ભાઈ-બહેનવાદ છે કે ન તો જાતિવાદ. સામાન્ય કાર્યકર્તાઓ પણ ઉચ્ચ હોદ્દા પર પહોંચી શકે છે. ૧૯૯૧ માં, ૨૬ વર્ષની ઉંમરે, ભાજપે મને મહારાજગંજથી લોકસભાની ટિકિટ આપી.

# ચૂંટણીની જાહેરાત પછી બાંગ્લાદેશમાં ફરી હિંસા ફાટી નીકળીઃ ચૂંટણી પંચે વધારાની સુરક્ષાની માંગ કરી

ઢાકા,

બાંગ્લાદેશમાં ફરી એકવાર હિંસા ફાટી નીકળી છે. બંદૂકધારીઓએ તાજેતરમાં આગામી સંસદીય ચૂંટણીઓ માટે એક ઉમેદવારને ગોળી મારી હતી. તાજેતરની હિંસામાં માર્યો ગયેલો વ્યક્તિ ગયા વર્ષે શેખ હસીના વિરુદ્ધ થયેલા હિંસક વિરોધ પ્રદર્શનોમાં અગ્રણી વ્યક્તિ હતો. આ પછી, ઘણી જગ્યાએ હિંસક વિરોધ અને આગચંપીની લહેર ફાટી નીકળી. આનાથી ચૂંટણી પંચ ચિંતાતુર બન્યું છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ચૂંટણી પંચે તેના વડા, અન્ય કમિશનરો અને અધિકારીઓ માટે વધારાની સુરક્ષાની વિનંતી કરી છે.

### તાજેતરના હુમલાએ બાંગ્લાદેશ ફરીથી અશાંતિમાં ડૂબી ગયું છે

તાજેતરના હુમલાએ બાંગ્લાદેશ ફરીથી અશાંતિમાં ડૂબી ગયું છે. રાજ્ય સંચાલિત સમાચાર એજન્સીએ શનિવારે મોડી રાત્રે જણાવ્યું હતું કે, "ચૂંટણી પંચે પોલીસ મહાનિરીક્ષકને પત્ર લખીને મુખ્ય ચૂંટણી કમિશનર , ચૂંટણી કમિશનરો અને ચૂંટણી પંચ સચિવાલયના વરિષ્ઠ અધિકારીઓ માટે વ્યાપક સુરક્ષા વ્યવસ્થાની વિનંતી કરી છે. ૧૩મી રાષ્ટ્રીય ચૂંટણી પહેલા પંચે તેના ગ્રાસરૂટ ઓફિસો માટે વધારાની સુરક્ષાની વિનંતી કરી છે. આગામી ચૂંટણી સમયપત્રકની જાહેરાત બાદ ગયા ગુરુવારે દક્ષિણપૂર્વ લક્ષ્મીપુર અને દક્ષિણપશ્ચિમ પીરોજપુરમાં અજાણ્યા બદમાશોએ બે ઓફિસો પર હુમલો કર્યા બાદ કમિશનની સુરક્ષાની વિનંતી આવી છે.

આ હિંસક હુમલા બાદ બાંગ્લાદેશ ચૂંટણી કમિશનના મુખ્ય કમિશનર ગભરાઈ ગયા છે. ચૂંટણી પંચે તેમના માટે વધારાના સુરક્ષા વાહનની વિનંતી કરી છે, જ્યારે પોલીસ એસ્કોર્ટ વાહન પહેલેથી જ હાજર છે. પંચે ચાર કમિશનરો અને વરિષ્ઠ સચિવ માટે ૨૪ કલાક પોલીસ સુરક્ષાની વિનંતી કરી હતી. પત્રમાં કહેવામાં આવ્યું છે કે વધેલી સુરક્ષા "અત્યંત જરૂરી" છે. ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું હતું કે મહત્વપૂર્ણ દસ્તાવેજો અને ચૂંટણી સામગ્રી તેમની ૧૦ પ્રાદેશિક કચેરીઓ, ૬૪ જિલ્લા ચૂંટણી કચેરીઓ અને ૫૨૨ ઉપ-જિલ્લા-સ્તરીય કચેરીઓ.

ચૂંટણી પંચે ગુરુવારે જાહેરાત કરી હતી કે આગામી સંસદીય ચૂંટણીઓ આવતા વર્ષે ૧૨ ફેબ્રુઆરીએ યોજાશે. એક દિવસ પછી, રાજધાનીના એક મતવિસ્તારમાં ચૂંટણી પ્રચાર શરૂ કરતી વખતે શરીફ ઉસ્માન હાદીને નજીકથી માથામાં ગોળી વાગી હતી, જેના કારણે તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ગૃહ બાબતોના સલાહકાર લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) જહાંગીર આલમ ચૌધરીએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, "સરકાર જાહેર સલામતી સુનિશ્ચિત કરવા અને ગેરકાયદેસર હથિયારોના વધતા ખતરાનો સામનો કરવામાં મદદ કરવા માટે 'ઓપરેશન ડેવિલ હન્ટ'નો બીજો તબક્કો શરૂ કરી રહી છે."

# બિહારના મંત્રી અને પાંચ વખત ધારાસભ્ય રહેલા નીતિન નવીનને ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્ત

નવી દિલ્હી,

ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ રવિવારે બિહાર સરકારમાં કેબિનેટ મંત્રી નીતિન નવીનને પાર્ટીના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા. ભાજપ સંસદીય બોર્ડે આ પદ માટે નવીનની પસંદગી કરી.

ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહે એક જાહેરનામામાં જણાવ્યું હતું કે, "ભારતીય જનતા પાર્ટીના સંસદીય બોર્ડે બિહાર સરકારમાં મંત્રી નીતિન નવીનને તાત્કાલિક અસરથી ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે."

ભાજપના વર્તમાન રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા, જેમણે જાન્યુઆરી ૨૦૨૦ માં કાર્યભાર સંભાળ્યો હતો, તેમણે તેમનો સંપૂર્ણ કાર્યકાળ પૂર્ણ કર્યો છે. ૨૦૨૪ ની લોકસભા ચૂંટણી સહિત મહત્વપૂર્ણ રાજકીય સીમાચિહ્નો દ્વારા પાર્ટીનું નેતૃત્વ ચાલુ રાખવા માટે તેમને અનેક એક્સટેન્શન આપવામાં આવ્યા હતા.

તાજેતરનું સંગઠનાત્મક ફેરબદલ એવા સમયે થયું છે જ્યારે ભાજપ તેના ટોચના નેતૃત્વ માળખામાં પરિવર્તનની પ્રક્રિયામાં છે. નિતીન નવીન બિહારના એક અનુભવી ભારતીય જનતા પાર્ટી (ભાજપ) નેતા છે અને રાજ્યના રાજકારણમાં એક મુખ્ય વ્યક્તિ છે.

પટણામાં જન્મેલા, તેઓ ભાજપના દિગ્ગજ નેતા અને ભૂતપૂર્વ ધારાસભ્ય સ્વર્ગસ્થ નવીન કિશોર પ્રસાદ સિંહાના પુત્ર છે.

નીતિન નવીન તેમના પિતાના અવસાન પછી સક્રિય ચૂંટણી રાજકારણમાં પ્રવેશ્યા.

તેઓ હાલમાં નીતિશ કુમારની આગેવાની હેઠળની બિહાર સરકારમાં મંત્રી તરીકે સેવા આપે છે, અને તેમની પાસે રોડ બાંધકામ વિભાગ છે. નવીન પાંચ વખત ધારાસભ્ય છે. તેઓ પહેલી વાર ૨૦૦૬ માં બિહાર વિધાનસભામાં પ્રવેશ્યા હતા, પટણા પશ્ચિમથી પેટાચૂંટણી જીતીને.

બાદમાં તેમણે ૨૦૧૦, ૨૦૧૫, ૨૦૨૦ અને ૨૦૨૫ માં બાંકીપુર મતવિસ્તારમાંથી સતત ચાર વિધાનસભા ચૂંટણીઓ જીતી હતી.

૨૦૨૦ ની વિધાનસભા ચૂંટણીમાં, તેમણે અભિનેતામાંથી રાજકારણી બનેલા શત્રુઘ્ન સિંહાના પુત્ર લવ સિંહાને મોટા માર્જિનથી હરાવીને નિર્ણાયક જીત નોંધાવી હતી.


તાજેતરમાં પૂર્ણ થયેલી બિહાર વિધાનસભા ચૂંટણીમાં, નવીને બાંકીપુરથી વધુ એક જોરદાર જીત નોંધાવી હતી, તેમના નજીકના હરીફને ૫૧,૦૦૦ થી વધુ મતોના માર્જિનથી હરાવ્યા હતા.

# પાકિસ્તાનમાં પહેલી વાર સંસ્કૃતનો અભ્યાસ શરૂ થયો છે, જેમાં ભગવદ ગીતા અને મહાભારતના અભ્યાસક્રમો પણ ઉપલબ્ધ છે

લાહોર,

સ્વતંત્રતા પછી પહેલી વાર, પાકિસ્તાનની કોઈ યુનિવર્સિટીએ સંસ્કૃત ભાષા પર કોર્સ શરૂ કર્યો છે. લાહોર યુનિવર્સિટી ઓફ મેનેજમેન્ટ સાયન્સિસએ શરૂઆતમાં ત્રણ મહિનાનો સપ્તાહાંત વર્કશોપ શરૂ કર્યો હતો, પરંતુ જબરદસ્ત પ્રતિસાદ મળ્યા પછી, તેને સંપૂર્ણ ચાર-ક્રેડિટ યુનિવર્સિટી કોર્સમાં વિસ્તૃત કરવામાં આવ્યો છે. યુનિવર્સિટીના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે સપ્તાહાંત વર્કશોપ વિદ્યાર્થીઓ, સંશોધકો અને ફેકલ્ટી સહિત દરેક માટે ખુલ્લો હતો. તેમણે ઉમેર્યું હતું કે પાકિસ્તાનમાં પંજાબ યુનિવર્સિટી લાઈબ્રેરીમાં પ્રાચીન સંસ્કૃત દસ્તાવેજોનો મોટો પરંતુ ઉપેક્ષિત સંગ્રહ છે.

અધિકારીએ કહ્યું, "૧૯૩૦ના




દાયકામાં, વિદ્વાન જેસીઆર વૂલનરે અસંખ્ય સંસ્કૃત તાડપત્ર હસ્તપ્રતોનું સૂચિકરણ કર્યું હતું, પરંતુ ૧૯૪૭થી, કોઈ પાકિસ્તાની વિદ્વાન આ સંગ્રહ સાથે સંકળાયેલા નથી. ફક્ત વિદેશી સંશોધકો જ તેનો ઉપયોગ કરે છે. જો આપણે સ્થાનિક વિદ્વાનોને તાલીમ આપીએ, તો આ બદલાઈ શકે છે." ગુરમણિ સેન્ટરના ડિરેક્ટર ડૉ. અલી ઉસ્માન કાસમીએ ટ્રિબ્યુનને જણાવ્યું, "જ્યારે અમને પ્રતિસાદ મળ્યો, ત્યારે અમે તેને યુનિવર્સિટી અભ્યાસક્રમ તરીકે શરૂ કરવાનું નક્કી કર્યું. હાલમાં, વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી છે, પરંતુ અમને આશા છે કે આગામી થોડા વર્ષોમાં તેમાં વધારો થશે. ૨૦૨૭ ના વસંત સુધીમાં, અમે આ ભાષાને એક વર્ષ લાંબા અભ્યાસક્રમ તરીકે શીખવી શકીશું."

કાસમીએ કહ્યું કે એલયુએમએસ હવે ભગવદ ગીતા અને મહાભારત પર અભ્યાસક્રમો શરૂ કરવાની યોજના બનાવી રહ્યું છે. તેમણે કહ્યું, "આશા છે કે, આ ગતિ બનાવશે. ૧૦-૧૫ વર્ષમાં, આપણે પાકિસ્તાનમાં જ ભગવદ ગીતા અને મહાભારતના વિદ્વાનોને જોઈશું." ટ્રિબ્યુન અનુસાર, આ કોર્ષ શરૂ કરવાનો શ્રેય લાહોરની ફોરમેન ક્રિશ્ચિયન કોલેજમાં સમાજશાસ્ત્રના એસોસિયેટ પ્રોફેસર ડૉ. શાહિદ રશીદને જાય છે. ડૉ. રશીદે સમજાવ્યું કે તેમણે ઓનલાઈન પ્લેટફોર્મ પરથી સંસ્કૃત શીખ્યું કારણ કે દેશમાં કોઈ સ્થાનિક પુસ્તકો ઉપલબ્ધ નહોતા. તેમણે કેમ્બ્રિજ સંસ્કૃત વિદ્વાન એન્ટોનિયા રુપેલ અને ઓસ્ટ્રેલિયન ઈન્ડોલોજિસ્ટ મેકકોમાસ ટેલરના માર્ગદર્શનની માંગ કરી.

ટ્રિબ્યુને ડૉ. રશીદને ટાંકીને કહ્યું, "શાસ્ત્રીય ભાષાઓ માનવતા માટે અપાર જ્ઞાન ધરાવે છે. મેં પહેલા અરબી અને ફારસી શીખ્યા, પછી સંસ્કૃતનો અભ્યાસ કર્યો. શાસ્ત્રીય સંસ્કૃત વ્યાકરણને આવરી લેવામાં લગભગ એક વર્ષ લાગ્યો, અને હું હજુ પણ તેનો અભ્યાસ કરી રહ્યો છું." ડૉ. રશીદે આગળ કહ્યું, "હું લોકોને કહું છું કે, આપણે તે કેમ ન શીખવું જોઈએ? તે એક એવી ભાષા છે જે સમગ્ર પ્રદેશને જોડે છે.













# ટ્રેક્ટર પાછળ ટ્રક અથડાતા ભગુડા દર્શને આવી રહેલા એક શ્રદ્ધાળુનું નિપજયું મોત

## સુરેન્દ્રનગરથી ભગુડા ટ્રેક્ટરમાં બેસી દર્શને જતા હતા, ભાવનગર-અમદાવાદ હાઈવે પરનો નાસ્તો કરવા બેઠા અને પાછળથી ટ્રકે ટક્કર મારી


તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૫

ભાવનગર અમદાવાદ હાઈવે પર ભગુડા દર્શને જઈ રહેલા અને નાસ્તો કરવા બેઠેલા યાત્રિકોના ટ્રેકટરને ટ્રકે પાછળથી ટક્કર મારતા ચગદાઈ જતા એક શ્રદ્ધાળુનું મોત થયું હતું જયારે એકને ઈજા થતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયેલ.

સુરેન્દ્રનગરથી ભગુડા ખાતે ટ્રેક્ટરમાં બેસીને શ્રદ્ધાળુઓ દર્શન કરવા નીકળ્યા હતા દરમિયાન ભાવનગર અમદાવાદ હાઈવે પર પહોંચતા તેઓ પોતાનું ટ્રેક્ટર પાર્ક કરીને નીચે નાસ્તો કરવા બેઠા હતા દરમિયાન પાછળથી આવી એક ટ્રકે ટક્કર મારતા નાસ્તો કરવા બેઠેલા શ્રદ્ધાળુ રમણીકભાઇ બટુકભાઈ બારૈયા ઉપર ટ્રેક્ટર અને ટ્રક ચડી જતા તેનું મોત થયું હતું જયારે અન્ય એકને ઈજા થયેલ.

અકસ્માતનો આ બનાવ બનતા લોકોના ટોળાં એકઠા થયેલ અને ૧૦૮ને જાણ કરતા તુરંત ૧૦૮ મારફત ઈજા ગ્રસ્તોને ભાવનગરની સરટી. હોસ્પિટલ લાવતા રામણીકભાઈને ફરજ પણ તબીબે મૃત જાહેર કરેલ જયારે અન્ય ઈજાગ્રસ્તને સારવાર માટે દાખલ કરાયેલ. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

# વર્ગ-2ના નિવૃત અધિકારીએ બાળકી સાથે દુષ્કર્મ આચરતા ફિટકાર, આરોપીની ધરપકડ

## ભાવનગરના લીલા સર્કલ વિસ્તારમાં રહેતા આધેડે બાળકીના પરિવારનો વિશ્વાસ જીત્યો હતો


તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૫

ભાવનગરમાં વર્ગ-૨ના એક નિવૃત્ત અધિકારીએ તેના ઘરે આવતી સગીર બાળકી સાથે દુષ્કર્મ આચર્યાનો ચોંકાવનારો અને ધૃણાસ્પદ બનાવ બન્યો છે, આ ઘટનાથી ભારે રોષ ફેલાયો છે. આરોપી ભાવનગરના બહુમાળી ભવન ખાતે જિલ્લા સહકારી મંડળીમાં ક્લાસ–ટુ અધિકારી તરીકે ફરજ બજાવી ચૂક્યો હતો અને હાલ નિવૃત્ત હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે આરોપને તુરંત જ ઝડપી લઇ કાર્યવાહી હાથ ધરી છે.

બનાવ અંગે ઉપલબ્ધ વિગતો મુજબ શહેરના કાળિયાબીડ વિસ્તારમાં ભક્તિનગર લીલા સર્કલ પાસે રહેતા નિવૃત્ત ક્લાસ–ટુ અધિકારી હસમુખ ઉર્ફે ઋષિ પંડ્યા સામે સગીર બાળકી સાથે દુષ્કર્મ આચર્યાનો ગંભીર ગુનો નોંધાયો હતો. આરોપી હસમુખ ઉર્ફે ઋષિ પંડ્યાએ પોતાના ઓળખીતા પરિવાર સાથે સારો વ્યવહાર રાખી વિશ્વાસ જીત્યો હતો. ફરિયાદ મુજબ, બનાવના સમયે આરોપીના ઘરે તેની પત્ની તથા દીકરો હાજર ન હતા. પત્ની અને દીકરો કામથી ઘરેથી બહાર ગયા હોવાનું અને ઘરમાં કોઈ ન હોવાનો લાભ લઈ આરોપીએ પોતાના ઘરે સગીર બાળકી સાથે ધૃણાસ્પદ દુષ્કર્મ આચર્યું હતું.

# વોરાબજાર દોરીવાલા ચેમ્બરમાં એક સાથે ત્રણ દુકાનોના તાળા તુટ્યા

## કટલેરી, આંગડીયા અને કરિયાણાની દુકાનમાંથી ૧૯૫૦૦ની રોકડ અને બે મોબાઈલ મળી ૪૪૫૦૦ની ચોરી થયાની ફરીયાદ

ભાવનગર,તા.૧૫

ભાવનગર શહેરમાં ચોરીના બનાવો વધી ગયા છે જેમાં શનિવારે રાત્રીના સમયે વોરાબજારમાં આવેલ દોરીવાલા ચેમ્બર ગ્રાઉન્ડ ફલોરની ત્રણ દુકાનોના તાળા તોડી અજાણ્યા શખસો રોકડ તથા મોબાઈલની ચોરી કરી નાસી છુટ્યાની ગંગાજળીયા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવાતા પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ શહેરના હરિયાળા પ્લોટ, તેલઘાણી કેન્દ્ર ભાવનગર ખાતે રહેતા અને વોરાબજાર દેસાઈ શેરીમાં આવેલ દોરીવાલા ચેમ્બરમાં નરેશ કટલેરી નામની રમકડાની દુકાન ધરાવતા નરેશભાઈ પરમાણદદાસ રામવાણીએ ગંગાજળીયા પોલીસ મથકમાં એવા મતલબની ફરીયાદ નોંધાવેલ કે શનિવારે રાત્રીના તેઓ પોતાની દુકાન બંધ કરી ગયા બાદ રવીવારે સવારે દુકાને આવતા અને અંદર તપાસ કરતા વસ્તુઓ વેરવિખેર હોવા ઉપરાંત ગલ્લામાં રાખેલા રૂપિયા પણ ન હોય અને બહાર જઈ તપાસ કરતા તાળુ તુટેલું હોવાનું જણાતા તેમની દુકાનમાંથી રૂપિયા ૧૭૦૦૦ રોકડ ચોરી થયાનું જાણવા મળેલ. આ ઉપરાત તેમની બાજુમાં જીતુભાઈ શાહની જીતેન્દ્ર એન્ડ કંપની કરિયાણાની દુકાનનું પણ તાળુ તોડી તેની દુકાનમાંથી રૂપિયા ૫૦૦નું પરચુરણ ચોરી થયાનું જાણવા મળેલ અન્ય જીગરભાઈ કપાસીની પી.એમ. આંગડીયા પેઢીની દુકાનના પણ તાળા તોડી તેમાંથી બે મોબાઈલ કિ.રૂા.૨૫૦૦૦ તથા રૂપિયા ૨૦૦૦ રોકડાની ચોરી થયેલ આમ ત્રણ દુકાન મળી કુલ રૂપિયા ૧૯૫૦૦ રોકડા અને બે મોબાઈલ કિ.રૂા.૨૫૦૦૦ કુલ રૂપિયા ૪૪૫૦૦ અજાણ્યા શખ્સો ચોરી ગયાની ફરિયાદ નોંધાવતા ગંગાજળીયા પોલીસે બીએનએસની કલમ ૩૦૫-એ, ૩૩૧-૩, ૫૪, ૬૨ તથા ૩૩૧-૪ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# વ્યાજખોરો બેફામ : ૧.૫૦ લાખના ૪.૨૫ લાખ માંગતા શ્રમીકે એસિડ ગટગટાવી આપઘાત વ્હોર્યો

## સિહોરના વ્યાજખોર સામે આખરે પોલીસ ફરિયાદ નોંધાઈ, એસિડ પી લેનાર મજૂરનું સારવારમાં મોત

ભાવનગર,તા.૧૫

ભાવનગરમાં વ્યાજખોરના ત્રાસથી કંટાળી એક મજૂરે એસિડ પી લીધું હતું, આ ઘટના બાદ તેમને તાત્કાલિક સર ટી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવ અંગે ગંગાજળીયા પોલીસે મથકેથી જાણવા મળતી વિગતો અનુસાર રવિ કાળુભાઈ નૈયા (ઉ.વ. ૩૮) જમનાકુંડ વિસ્તારમાં રહે છે અને છૂટક મજૂરી કામ કરે છે, તેણે પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, સાત વર્ષ પહેલાં તેમણે સિહોરના જગદીશ જેન્તીભાઈ સોલંકી પાસેથી રૂ.૧,૫૦,૦૦૦ દસ ટકા વ્યાજે લીધા હતા, રવિ અને જગદીશ અગાઉ કડિયાકામમાં સાથે જતા હતાં. તેમણે અત્યાર સુધીમાં વ્યાજ પેટે રૂ. ૭૦,૦૦૦ ચૂકવ્યા છે, પરંતુ જગદીશ હજુ પણ તેમની પાસેથી રૂ.૪,૨૫,૦૦૦ની માગણી કરી રહ્યા છે, છેલ્લા કેટલાક સમયથી રવિનું મજૂરીકામ બરાબર ન ચાલતા તેઓ વ્યાજની રકમ ચૂકવી શક્યો ન હતા, આથી જગદીશ અવારનવાર ભાવનગર આવી પૈસાની કડક ઉઘરાણી કરી તેમને ત્રાસ આપતા હતો.

રવિએ ફરિયાદમાં જણાવ્યું કે, જગદીશે તેની મોટી બહેન જ્યોતિબેનને પણ ફોન કરીને ધમકી આપી હતી કે જો રવિ ૪.૨૫ લાખ નહીં આપે તો "જોયા જેવી થશે". વ્યાજખોર દ્વારા સતત થતી ઉઘરાણી અને માનસિક ત્રાસથી કંટાળીને



રવિએ બપોરના સવા અગિયાર વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમમાં જઈ એસિડ પી લીધું હતું.એસિડ પીધા બાદ પેટમાં બળતરા થતા રવિભાઈએ બૂમાબૂમ કરી હતી. તેમના પત્ની કાજલ અને સાળાના દીકરા સંતોષ શંકરભાઈ વેગડ તેમને તાત્કાલિક ખાનગી વાહનમાં સર ટી. હોસ્પિટલ લઈ ગયા હતા. હાલ રવિ સૈંઝે વોર્ડમાં સારવાર હેઠળ છે, આથી રવિએ જગદીશ જેન્તીભાઈ સોલંકી વિરુદ્ધ ગંગાજળીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. દરમિયાનમાં સારવારમાં તેમનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે.

# ભાવનગરમાં વધુ રૂ. ૪૮ હજારનો દારૂ- બિયર ઝડપાયો

## સીદસરના નવાપરા વિસ્તારમાંથી બાતમીના આધારે ઈનોવા સાથે એકને ઝડપી લઈ એલસીબીએ હાથ ધરી કાર્યવાહી





ભાવનગર,તા.૧૫

ભાવનગર, એલ.સી.બી. પોલીસ સ્ટાફનાં માણસો ભાવનગર શહેર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમિયાન બાતમી મળેલ કે, ટોયોટા કંપનીની ગ્રે કલરની ઈનોવા કાર રજી. નંબર ય્ત્ન-૧૩-ઝઝ ૮૦૯૧માં ભારતીય બનાવટના પરપ્રાંત ઇંગ્લીશ દારૂનો જથ્થો ભરીને ભાવનગર, સીદસર, નવાપરા વિસ્તાર, રાંદલ હોટલની બાજુમાં જાહેર રોડ ઉપર ઉભો છે.

જે બાતમી આધારે રેઇડ કરતાં નીચે મુજબના માણસ કારમાં હાજર મળી આવેલ. તેના કબ્જાની કારમાંથી ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારુ/બિયરનો ફોર સેલ ઈન યુ.ટી. દાદરાનગર એન્ડ નગર હવેલી એન્ડ દમણ એન્ડ દિવ ઓન્લી લખેલ કિંમત રૂ. ૪૮ હજારથી વધુ રકમનો જથ્થો મળી આવેલ. જેથી તેના વિરૂધ્ધ ભાવનગર,વરતેજ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશનની અલગ-અલગ કલમો હેઠળ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

એલસીબીએ વિજય દિલીપભાઈ વેગડ (ઉ.વ.૨૯ ધંધો- વેપાર રહે.ભરવાડ શેરી, ગોકુળનગર, શીતળામાંના મંદિર પાસે) સીદસર મળી આવતા તેની ધરપકડ કરી હતી જયારે પંકજભાઇ ડોડિયા (રહે.સુરત) નું નામ ખુલતા તેને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી છે.પોલીસે દારૂ બિયર સાથે ટોયોટા કંપનીની ગ્રે કલરની ઈનોવા કાર રજી.નંબર-GJ-13-CC 8091 કાર તથા ઓપો કંપનીનો મોબાઈલ ફોન મળી કુલ રૂ.૫,૫૩,૮૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.પોલીસ ઈન્સપેકટર એ.આર.વાળાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફના કેવલભાઇ સાંગા, જયદિપસિંહ ગોહિલ, માનદિપસિંહ ગોહિલ, ઉમેશભાઇ હુંબલ, એજાજખાન પઠાણ વગેરેએ આ કામગીરી કરી હતી.

# લાયસન્સ વગર બાઈક ચલાવતા સગીરના પિતા સામે ગુનો નોંધાયો

## ભરતનગર પોલીસે ચેકીંગ દરમિયાન વાહન ડીટેઈન કરીને મેમો આપ્યો

ભાવનગર,તા.૧૫

ભાવનગર શહેર તથા જિલ્લામાં સગીર બાળકો વાહન ચલાવતા હોવા અને અકસ્માતો કરી અન્ય લોકોના જીવ જોખમમાં રહ્યા હોવાના કિસ્સાઓ વધી ગયા હોય પોલીસ દ્વારા સઘન ચેકીંગ કરવાના આદેશો અપાયા હોય ભરતનગર પોલીસે આવા જ એક સગીર વયના વાહન ચાલકના પિતા સામે ગુનો નોંધી વાહન ડીટેઈન કર્યુ હતું.

ભરતનગર પોલીસ સ્ટાફ વાહન ચેકીંગમાં હતો તે દરમિયાન માલધારી સોસાયટીથી આવી રહેલા એક મોટરસાયકલ નંબર જીજે ૦૪-સીસી ૬૦૪૧ નંબરનું વાહન નિકળતા તેને અટકાવી નામ પુછતા હર્ષીદ સંદીપભાઈ બારડ ઉ.વ.૧૩ આદર્શનગર બ્લોક ૨૧-બી રૂમ નં.૩૪૧૧ ભરતનગર વાળો હોવાનો જણાવેલ. તેની પાસે લાયસન્સ કે ગાડીના કાગળો ન હોવાનું જણાવેલ આથી તેના પિતા સંદીપભાઈ બારડને બોલાવતા તેમણે તેનો દિકરો ઘરની વસતુ લાવવા મુકવા બાઈકનો ઉપયોગ કરતો હોવાનું જણાવેલ તેમણે મંજુરી આપી હોવાનું કહેતા પોતાનો દિકરો સગીર વયનો હોવાનું જાણવા છતા બાઈક ચલાવવાની મંજુરી આપવા બદલ સંદીપભાઈ સામે એમવી એક્ટ ૧૯૯-એ-૧ મુજબ ગુનો નોંધી એમવી એક્ટ ૨૦૭ મુજબ વાહન ડીટેઈન કરી મેમો આપેલ આમ પોલીસની આ કાર્યવાહીથી સગીરવયના વાહન ચાલકોના વાલીઓ સામે દાખલો બેસાડ્યો છે.

# ડેટિંગ એપના માધ્યમથી સાયબર છેતરપિંડી: મહિલાએ ગોલ્ડ ટ્રેડિંગના નામે યુવાનને ૧૭ લાખમાં ખંખેર્યો !

## ‘બંબલ’ નામની ડેટિંગ એપથી સંપર્કમાં આવેલી યુવતીએ સોનાના રોકાણમાં નફાની લાલચ આપી રોકાણ કરાવ્યું પરંતુ રકમ ન ઉપાડી શકાઈ

ભાવનગર,તા.૧૫

ભાવનગરના અપરિણીત યુવાનને વિશ્વાસમાં લઈ ગોલ્ડ ટ્રેડિંગના નામે મહિલાએ ૧૭ લાખ રૂપિયાનો ચૂનો ચોપડાયો હતો. ડેટિંગ એપના માધ્યમથી થયેલી સાયબર છેતરપિંડીની વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં યુવાનને ખ્યાલ આવી જતા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.પ્રાપ્ત વિગતો અનુસાર ભાવનગરમાં શિવનગર સોસાયટી, બોરતળાવ વિસ્તારમાં રહેતા અને પોતાનો વ્યવસાય કરતા નિલેશ હંસરાજભાઈ પોશિયાએ ભાવનગર સાયબર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના લગ્ન થયા ન હોવાના કારણે તેઓ યુવતીની શોધમાં ‘બંબલ’ નામની ડેટિંગ એપનો ઉપયોગ કરતા હતા. આ દરમિયાન સોના મુખરજી નામની યુવતી સાથે સંપર્ક થયો હતો અને બાદમાં બંને વચ્ચે વોટ્સએપ પર વાતચીત શરૂ થઈ હતી. વાતચીત દરમિયાન યુવતીએ પોતે ગોલ્ડ ટ્રેડિંગ કરતી હોવાનું જણાવી નિલેશભાઈને પણ તેમાં રોકાણ કરવા માટે પ્રલોભન આપ્યું હતું. યુવતીએ https://m.enturyinternationalus.cc/ નામની લિંક મોકલી તેમાં મોબાઈલ નંબર, ઈ-મેલ અને આધાર કાર્ડ સહિતની વ્યક્તિગત વિગતો ભરાવવાની સૂચના આપી હતી. સાઈટ પર ગોલ્ડ ટ્રેડિંગ શરૂ કરવા માટે મિનિમમ ૫૦૦ ડોલરનું રોકાણ ફરજિયાત હોવાનું જણાવતા, ભારતીય ચલણ મુજબ આશરે રૂ.૪૦,૦૦૦ જેટલી રકમ નિલેશભાઈએ ગૂગલ પે મારફતે શરૂઆતમાં રોકાણ કરી હતી. તેમાં તેમને અંદાજે રૂ.૬,૦૦૦ જેટલો નફો દેખાતા તેમનો વિશ્વાસ વધુ મજબૂત થયો હતો.

અનુસંધાન/૬

# જાહેરમાં ઝગડો કરી મારામારી કર્યાની ૧૬ શખ્સો સામે ફરિયાદ

## વોશીંગઘાટ પાસે જીવલેણ હથિયારો સાથે એકઠા થયેલા બે જુથના માણસોને ગંગાજળીયા પોલીસે વિખેર્યા

ભાવનગર,૧૫

શહેરના વોશિંગઘાટ નજીક ધોકા પાઈપ સહિત જીવલેણ હથિયારો સાથે ઝઘડો કરી મારામારી કરવા પર ઉતરી આવેલા બે જુથના ૧૬ જેટલા શખસો સામે પોલીસે શાંતી ડહોળવાના પ્રયાસ કરી ભયનું વાતાવરણ ઉભુ કરવાનો પ્રયત્ન કરાયાની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ગંગાજળીયા પોલીસનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળેલ કે વડવા વોશિંગઘાટ નજીક અલ્તાફ ઉર્ફે અબ્બા ઈમરાન કાદરી નામનો વ્યક્તિ તેમજ દાનિશ ઉર્ફે ભોલું અબ્દુલ રજાક કુરેશી નામના વ્યક્તિને અગાઉ થયેલી માથાકુટની દાઝ રાખી પોતપોતાના માણસોને બોલાવી ગેરકાયદેસર મંડળી રચી તલવાર, પાઈપ અને ધોકા જેવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરી જાહેરમાં ઝગડો કરી મારામારી કરી એક બીજાને ધમકી આપવા સાથે શાંતી ડહોળવાનો પ્રયાસ હોય પોલીસે તુરંત ઘટના સ્થળે જઈ બળપ્રયોગ કરતા તમામ અંધારાનો લાભ લઈ નાસી છુટેલ આ અંગે પોલીસે અલ્તાફ ઉર્ફે અબ્બા ઈમરાન કાદરી, અમન ઉર્ફે બાબુ હબિબાણી, યાસીન ઉર્ફે માણીયો, કરીમભાઈ ઉપરચાની, ઈનાયત ઉર્ફે મેલી ઈમ્તયાજ હિબીબાણી, શકિર ઉર્ફે બાબા બેલીમ, દાનિશ ઉર્ફે ભોલુ અબ્દુલ રજાક કુરેશી શાહિલ ઉર્ફે હસ્તી જાહીદભાઈ સૈયદ, વાસીફ મજીદભાઈ ખોખર, ઉવેઝ ઉર્ફે માયા હરિફભાઈ મલેક, શહેજાન, ઈર્શાદભાઈ કુરેશી, તથા અન્ય ૬ અજાણ્યા શખ્સો મળી કુલ ૧૬ ઈસમો સામે બીએનએસની કલમ ૧૮૯-૨, ૧૯૧-૨, ૧૯૧-૩, ૧૧૫-૨, ૩૫૨-૩, ૫૧-૩ તથા જીપીએકટ ૧૩૫ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

